દૈનિક મુંબઈ સમાચાર
મધ્ય ગુજરાત આવૃત્તિ
૨૦૫ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 178 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ સુદ-૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 July 2026, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
બુધવાર, ૨૯ જુલાઈ ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાત પવન ઊર્જામાં દેશનું અગ્રણી રાજ્ય બન્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મિનિસ્ટ્રી ઑફ ન્યૂ એન્ડ રિન્યૂએબલ એનર્જી દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર, ગુજરાતે પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા અને વીજ ઉત્પાદન બંનેમાં ટોચનું સ્થાન હાંસલ કર્યું છે. ૩૦ જૂન, ૨૦૨૬ના આંકડા મુજબ, ગુજરાતમાં પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા ૧૬,૦૮૬ મેગાવોટ સુધી પહોંચી છે, જે દેશના તમામ રાજ્યોમાં સર્વાધિક છે. આ ઉપરાંત, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રાજ્યએ પવન ઊર્જામાંથી ૩૩,૭૦૬ મિલ્યન યુનિટ (એમયુ) વીજ ઉત્પાદન કર્યું છે, જે દેશના કુલ પવન ઊર્જા ઉત્પાદનના લગભગ એક-તૃતીયાંશ જેટલું છે.

દેશમાં પવન ઊર્જાના વિકાસને નવી દિશા આપવામાં ગુજરાત અગ્રેસર રાજ્ય છે. ભારતની કુલ પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા ૫૭,૪૪૩ મેગાવોટ સુધી પહોંચી છે, જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન તેનું વાર્ષિક વીજ ઉત્પાદન વધીને ૧૦૬ અબજ યુનિટ થયું છે. આ રાષ્ટ્રીય સિદ્ધિમાં ગુજરાતનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે, જે ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા અને આબોહવા પરિવર્તનના પડકારોને પહોંચી વળવા માટે રાજ્યની પ્રતિબદ્ધતા દર્શાવે છે. કેન્દ્ર સરકારની આ નીતિઓના અસરકારક અમલ સાથે ગુજરાતે પવન ઊર્જાને રાજ્યના વીજ ગ્રીડમાં સફળતાપૂર્વક એકીકૃત કરી છે. એટલું જ નહીં, ભારતમાં પવન ઊર્જા ક્ષેત્રે પ્રથમ પવન ઊર્જા નીતિ અમલમાં મૂકનાર રાજ્ય તરીકે આ ક્ષેત્રના વિકાસમાં અગ્રણી યોગદાન આપ્યું છે. ઇનોવેશનને પ્રોત્સાહન આપતી પહેલો અને રોકાણકારોને અનુકૂળ નીતિઓના પરિણામે રાજ્યમાં નવીનીકરણીય ઊર્જાના વિકાસ માટે મજબૂત ઇકોસિસ્ટમ વિકસી છે. તેના પરિણામે પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતામાં સતત વધારો થયો છે તેમજ વીજ ઉત્પાદનમાં પણ નવા કીર્તિમાનો સ્થાપિત થયા છે. નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રે ગુજરાતનું મોડલ અન્ય રાજ્યો માટે ઉદાહરણરૂપ બન્યું છે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. ■

## ખાંડના ભાવ નિયંત્રણમાં રાખવા આગામી પહેલી ઑગસ્ટથી ડીલરો પર સ્ટોક મર્યાદા

નવી દિલ્હી: સ્થાનિકમાં ખાંડના ભાવમાં વધારો અંકુશમાં રાખવા માટે સરકારે નિયંત્રણાત્મક પગલાં લેતા કોઈપણ ડીલરો ૩૦ દિવસથી વધુ સ્ટોક રાખી નહીં શકે તેમ જ ૪૦૦૦ ક્વિન્ટલની સ્ટોક મર્યાદા પણ લાદતો આદેશ બહાર પાડ્યો છે. આ આદેશનો અમલ આગામી પહેલી ઑગસ્ટથી ૩૦મી નવેમ્બર, ૨૦૨૬ સુધી અમલી રહેશે.

આજે ખાદ્ય અને ગ્રાહક બાબતોનાં મંત્રાલયે આવશ્યક ચીજવસ્તુ ધારા, ૧૯૫૫ અને સુગર કન્ટ્રોલ ઑર્ડર, ૨૦૨૫ હેઠળ એક નોટિફિકેશન જારી કરીને આ મર્યાદા લાદી છે. નોટિફિકેશનમાં જણાવ્યું છે કે કેન્દ્ર સરકાર આજે નિર્દેશ આપે છે કે ખાંડનો કોઈપણ ડીલર માલ આવ્યાની તારીખથી ૩૦ દિવસથી વધુ સ્ટોક રાખી નહીં શકે અને તેઓ દેશમાં કોઈપણ જગ્યામાં ૪૦૦૦ ક્વિન્ટલથી વધુ માત્રામાં સ્ટોક નહીં રાખી શકે.

આ વર્ષે નબળા ચોમાસાને કારણે વરસાદની ખેંચ રહેવાની આગાહીને ધ્યાનમાં લેતા કેન્દ્ર સરકારે ખાંડની નિકાસ અગાઉથી જ પ્રતિબંધિત કરી છે. જોકે, આ ઓર્ડર સરકારી ખાતાઓ અથવા તો રાજ્ય સરકાર દ્વારા નોમિનેટ કરવામાં આવેલા ડીલર અથવા તો જાહેર વિતરણ યંત્રણા હેઠળ ખાંડના સ્ટોક અને વિતરણ કરવા માટેના માન્યતાપ્રાપ્ત અધિકારીઓને લાગુ નહીં થાય.

વધુમાં મંત્રાલયે જણાવ્યું હતું કે રાજ્ય સરકારો અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશનાં વહીવટીતંત્રોએ સ્ટોક હોલ્ડિંગ અને ટર્નઓવરની મર્યાદા નક્કી કરવી જોઈએ. માત્ર શરત એ છે કે સ્ટોક હોલ્ડિંગ મર્યાદા અને ટર્નઓવરનો સમયગાળો અહીં ઉલ્લેખ કરવામાં આવેલ મર્યાદા અથવા તો સમયગાળા કરતાં વધુ ન હોવો જોઈએ. જોકે, સ્ટોક ધરાવવાની મર્યાદાનો સમયગાળો ડીલર દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલ સ્ટોકની તારીખથી ગણવામાં આવશે. તેમ જ ડીલરોને નિયમિતપણે પોર્ટલ પર ખાંડના સ્ટોકની માહિતી પૂરી પાડવાની રહેશે.

અગાઉ ગત મે મહિનામાં સરકારે આગામી ૩૦મી સપ્ટેમ્બર સુધી ખાંડની નિકાસ પ્રતિબંધિત કરી હતી જેથી સ્થાનિકમાં ખાંડની ઉપલબ્ધિ વધે અને ભાવ નિયંત્રણ હેઠળ રહે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આગામી સપ્ટેમ્બરના અંતે પૂરી થતી ખાંડ મોસમ ૨૦૨૫-૨૬ માટે સરકારે ૧૬ લાખ ટન ખાંડની નિકાસને મંજૂરી આપી હતી.

સ્થાનિક અગ્રણી ખાંડ ઉદ્યોગના સંગઠન ઈસ્માએ વર્ષ ૨૦૨૫-૨૬ની ખાંડ મોસમ માટે ઈથેનોલ માટે વિકેન્દ્રિત થનારી ખાંડ રહિત ૨.૯૩ કરોડ ટન ખાંડના ઉત્પાદનનો અંદાજ મૂક્યો હતો, જ્યારે અગાઉ ૨.૬૧૨ કરોડ ટનના ઉત્પાદનનો અંદાજ મૂક્યો હતો. ■

## સરકારી જમીન ફાળવણીની પ્રક્રિયામાં કલેક્ટરો-ડીડીઓને નિર્ણય લેવાની સત્તા

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, ઔદ્યોગિક વિકાસ, સામાજિક-જાહેર હેતુઓ અને ગ્રામીણ વિકાસના પ્રકલ્પોને વધુ ઝડપી બનાવવાના ઉદ્દેશ્યથી એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો.

આ સંદર્ભમાં સરકારી જમીનની ફાળવણી, જાહેર સાહસો અને વિવિધ હેતુઓ માટે જમીન ગ્રાન્ટ કરવા અંગે જિલ્લા કલેક્ટર તેમજ ગામતળના પ્લોટ માટે જિલ્લા વિકાસ અધિકારી ડી.ડી.ઓ.ની નાણાકીય સત્તામર્યાદામાં વધારો કરવાનો નિર્ણય કર્યો હોવાનું રાજ્ય સરકારે જણાવ્યું હતું. આ નિર્ણય અનુસાર, જિલ્લા કલેક્ટરઓની સત્તામર્યાદામાં જે વધારો કરવામાં આવ્યો છે તેમાં રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશનને ૨ હેક્ટર સુધીની જમીન ફાળવણી માટે કલેક્ટરની નાણાકીય સત્તામર્યાદા રૂ. ૧૫ લાખથી વધારીને રૂ. ૧ કરોડ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારના વિભાગોને (જાહેર હેતુ) માટે ૧ હેક્ટર સુધીની જમીન માટે નાણાંકીય સત્તામર્યાદા રૂ. ૧૫ લાખથી વધારીને રૂ. ૫૦ લાખ કરવામાં આવી છે. સરકારી કર્મચારી અથવા વ્યક્તિગત રહેણાંક હેતુની જમીન ફાળવણી માટે નાણાંકીય સત્તામર્યાદા રૂ. ૧ લાખથી વધારીને રૂ. ૨૦ લાખ કરવામાં આવી છે. સહકારી ગૃહ નિર્માણ મંડળીઓને જમીન ફાળવણીની નાણાંકીય સત્તામર્યાદા રૂ. ૬ લાખથી વધારીને રૂ. ૫૦ લાખ કરવામાં આવી છે. વ્યાપારિક હેતુ માટે (હરાજીથી) જમીન ફાળવણીની નાણાકીય સત્તામર્યાદા રૂ. ૧ લાખથી વધારીને રૂ. ૫ લાખ કરવામાં આવી છે. બીજી બાજુ જિલ્લા વિકાસ અધિકારીઓની ગામતળ પ્લોટ ફાળવણીની સત્તામાં જે વધારો કરવામાં આવ્યો છે તેમાં વ્યક્તિગત રહેઠાણમાં સત્તામર્યાદા રૂ. ૨૦,૦૦૦ થી વધારીને રૂ. ૧,૦૦,૦૦૦ કરવામાં આવી છે. સહકારી ગૃહ નિર્માણ મંડળીઓમાં સત્તામર્યાદા રૂ. ૧.૫ લાખથી વધારીને રૂ. ૭.૫ લાખ કરાઈ છે. દૂધ મંડળીઓ, સહકારી ગોડાઉન,ગ્રામીણ ગ્રીડની સત્તામર્યાદા રૂ. ૨૦,૦૦૦ થી વધારીને રૂ. ૧,૦૦,૦૦૦ કરાઈ છે. સરકારે જણાવ્યું હતું કે હવે જિલ્લા કક્ષાએ જ નિકાલ શક્ય બનશે. સ્થાનિક કક્ષાએ જમીનનો રેકોર્ડ અને સ્થળ સ્થિતિ ઉપલબ્ધ હોવાથી વહીવટી પ્રક્રિયા ટૂંકી બનશે. વધુમાં આ નિર્ણયથી સરકારી પ્રોજેક્ટો તથા ઔદ્યોગિક-સામાજિક હેતુ માટે સરકારી જમીનની ફાળવણી વધુ ઝડપથી થશે. ■

## આંદોલન કરનારા વિદ્યાર્થીઓના શરતી છુટકારા માટે સુપ્રીમ કોર્ટનો આદેશ

### મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યના મુખ્ય સચિવો પાસે જવાબ મગાયો

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે પરીક્ષાઓમાંની ગેરરીતિનો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે કડક પગલાં નહિ લેવાનો રાજ્યોને મંગળવારે આદેશ આપતા જણાવ્યું હતું કે પરીક્ષામાંની ગેરરીતિના વિરોધમાં તાજેતરમાં દેખાવ કરનારા જે લોકોની ઉંમર ૧૮ વર્ષથી નાની હોય અને તેઓનો અગાઉ કોઇ ગુનાઇત ઇતિહાસ ન હોય, તેઓને છોડી દેવા જોઇએ.

દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતના નેતૃત્વ હેઠળની બૅન્ચે પોલીસ દ્વારા દેખાવકારો પર કરાયેલા કહેવાતા અત્યાચારના સંબંધમાં કરાયેલી અનેક અરજીની સાથે સુનાવણી કરતા જણાવ્યું હતું કે આ પ્રકરણમાં ન્યાયી અને સ્વતંત્ર તપાસ યોજવાની જરૂર છે.

બૅન્ચે અરજદારો દ્વારા કરાયેલી ફરિયાદના સંબંધમાં દિલ્હી, મહારાષ્ટ્ર, બિહાર, કેરલમ, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશના મુખ્ય સચિવો પાસે જવાબ માગ્યો હતો.

ન્યાયાધીશ જોયમાલા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનનો પણ સમાવેશ કરતી બૅન્ચે પોલીસ દ્વારા દેખાવકારોને વિખેરવા માટે પૅલેટ ગન્સ, ખીલીઓવાળી લાકડી, ઇલેક્ટ્રિક દંડૂકા મારવામાં આવ્યા હોવાથી અનેક વિદ્યાર્થી અને યુવતીઓને ભારે ઇજા થઇ હોવાના આક્ષેપની ગંભીર નોંધ લેતા જણાવ્યું હતું કે જે લોકોએ અત્યાચાર

(જુઓ પાનું ૨) ▸▸

## વિદ્યાર્થીઓને હેરાન કરવાનું ચાલુ રખાશે તો મોટું આંદોલન કરીશું: દીપકે

### સુપ્રીમ કોર્ટના આદેશ સંબંધમાં પણ સીજેપીએ વાંધો ઉઠાવ્યો

નવી દિલ્હી: કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજિત દીપકેએ મંગળવારે સરકારને ચેતવણી આપી હતી કે દેશની મેડિકલ કૉલેજોમાંની પ્રવેશ પરીક્ષા - 'નીટ-યુજી'માંની ગેરરીતિના વિરોધમાં દેખાવ-પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને જો સરકાર હેરાન કરવાનું ચાલુ રાખશે, તો શાંતિથી મોટા પાયે આંદોલન કરીશું.

દીપકેએ સોશ્યલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે સરકાર આ આંદોલનમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને ખોટી રીતે હેરાન કરી રહી છે. જો હેરાન કરવાનું ચાલુ રખાશે, તો મોટા પાયે શાંત આંદોલન કરીશું.

તેણે લખ્યું હતું કે પોલીસે આંદોલનમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને હેરાન કરવાનું તાત્કાલિક બંધ કરવું પડશે. સરકારે આ વિદ્યાર્થીઓને લક્ષ્ય બનાવવા ન જોઇએ,

સીજેપીના પ્રવક્તા સૌરવ દાસે જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતે જે દેખાવકાર વિદ્યાર્થીઓ સામે પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) નોંધાયો હોય, તેની તપાસમાં આગળ વધવા પોલીસને આપેલી પરવાનગી પૂરા દેશ માટે જોખમનો સંકેત છે.

(જુઓ પાનું ૨) ▸▸

## વાંદા ગંદકી ફેલાવે છે, તેમને જણી કોણ રહ્યું છે?: કંગના



નવી દિલ્હી: અભિનેત્રી અને ભાજપની સાંસદ કંગના રનૌતે પરીક્ષામાંની ગેરરીતિ સામે કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના નેતૃત્વ હેઠળ કરાયેલા આંદોલનની સોશ્યલ મીડિયા પર આકરી ટીકા કરતા 'જેન ઝી'ને 'જનરેશન ગટર' ગણાવીને જણાવ્યું હતું કે યુવાનોએ તાજેતરમાં કરેલા વિરોધ પ્રદર્શનનો વીડિયો 'ઊલટી' કરાવે એવો છે.

કેન્દ્રના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યું અને સરકારે વિરોધ પ્રદર્શન કરી રહેલા

(જુઓ પાનું ૨) ▸▸

## મોદી કેમેરાનો નહિ પણ પોતાના દિલનો ઍંગલ બદલે: પ્રિયંકા

નવી દિલ્હી: પરીક્ષામાંની ગેરરીતિને મુદ્દે લોકસભામાં વિપક્ષના સાંસદોએ મંગળવારે સરકારની આકરી ટીકા કરી હતી.

કૉંગ્રેસનાં સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ જણાવ્યું હતું કે જો મોદીએ જેન ઝી પર વિજય મેળવવો હોય, તો કેમેરાનો નહિ, પરંતુ પોતાના દિલનો ઍંગલ (દૃષ્ટિકોણ) બદલવાની જરૂર છે. યુવાન પેઢીમાં 'જુઠ્ઠું' પારખવાની સારી ક્ષમતા છે.

લોકસભામાં સાર્વજનિક પરીક્ષામાંની ગેરરીતિ રોકતા સુધારા ખરડા 'પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઑફ અનફૅર મીન્સ) અમૅન્ડમેન્ટ બિલ ૨૦૨૬' પરની ચર્ચામાં ભાગ લેતા સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવે આક્ષેપ કર્યો હતો કે તમે 'પ્રધાન મંત્રી' (મોદી)ને બચાવવા માટે પ્રધાનને બરતરફ કર્યા હતા.

કૉંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઇએ સવાલ કર્યો હતો કે જો સાર્વજનિક પરીક્ષાના પેપર ફૂટવાની ઘટના રોકતા હાલના કાયદા પૂરતા હોય, તો પછી તેમાં સુધારો કરવાની શું જરૂર છે?

પ્રિયંકા ગાંધી વાડ્રાએ જણાવ્યું હતું કે મોદી સરકારે યુવાનો સાથે અન્યાય

(જુઓ પાનું ૨) ▸▸

## જાપાનમાં ૭.૧ ની તીવ્રતાનો ભૂકંપ, સુનામીની શક્યતા


ટોક્યો : જાપાનના દક્ષિણ મુખ્ય ટાપુ ક્યુશુ પર મંગળવારે મોડી રાત્રે ૭.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને જોકે સુનામીનો ખતરો નહોતો, એમ જાપાનની હવામાન એજન્સીએ જણાવ્યું હતું.

એજન્સીએ જણાવ્યું હતું કે ટોક્યોથી લગભગ ૯૦૦ કિમી દક્ષિણપશ્ચિમમાં કુમામોટોના પશ્ચિમ કિનારા પર નજીકના એરિયાકે ખાડી માટે સુનામીની સલાહ જારી કરવામાં આવી હતી.

જાપાનના વડા પ્રધાન સના તાકાચીએ એક્સ પર પોસ્ટ કરેલા એક સંદેશમાં રહેવાસીઓને દરિયાકાંઠાથી દૂર રહેવા વિનંતી કરી હતી જ્યાં એક મીટર સુધીની સુનામીની આગાહી કરવામાં આવી હતી.

તેમણે કહ્યું કે તેમની સરકારે માહિતી

(જુઓ પાનું ૨) ▸▸



**ભૂકંપ:** દક્ષિણ જાપાનના યાત્સુશિરોમાં મંગળવારે આવેલા ભૂકંપ બાદ એક પુલ તૂટી પડ્યો હતો. (એજન્સી)

## જૂનમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ૭.૩ ટકાનો વધારો થયો

નવી દિલ્હી : ઉત્પાદન ક્ષેત્રના સુધારેલા પ્રદર્શન અને વીજળી અને ગેસ પુરવઠા ક્ષેત્રના મજબૂત વિકાસને કારણે જૂનમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ૭.૩ ટકાનો વધારો થયો હતો જે મે મહિનામાં ૫.૧ ટકા હતો.

નવી શ્રેણી પર આધારિત આ ત્રીજો માસિક ઇન્ડેક્સ ઑફ ઇન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન (આઇઆઇપી) ડેટા છે.

નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઑફિસે મંગળવારે એક પ્રકાશનમાં જણાવ્યું હતું કે "જૂન ૨૦૨૬માં, ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંકમાં વાર્ષિક ધોરણે ૭.૩ ટકાનો વધારો નોંધાયો હતો, જેને ઉત્પાદન ક્ષેત્રમાં ૭.૮ ટકા વૃદ્ધિ અને વીજળી અને ગેસ પુરવઠા ક્ષેત્રમાં ૧૦.૬ ટકાની મજબૂત વૃદ્ધિ દ્વારા ટેકો મળ્યો હતો."

જૂન ૨૦૨૬ના મહિના માટે આઈઆઈપી વૃદ્ધિ દર ૭.૩ ટકા છે જે મે ૨૦૨૬ના મહિનામાં ૫.૧ ટકા (જૂનમાં પ્રકાશિત થયેલ ઝડપી અંદાજ) સામે છે, એમ

(જુઓ પાનું ૨) ▸▸

## દિલ્હીને ઘૂંટણીયે પાડ્યું ભારે વરસાદે: જબરજસ્ત ટ્રાફિક

નવી દિલ્હી: ભારે વરસાદને કારણે દિલ્હીમાં મંગળવારે રેડ ઍલર્ટ જારી કરવામાં આવ્યો હતો. ભારે વરસાદને પગલે દિલ્હીમાં મંગળવારે સવારે સદર બજાર સહિતના ભરચક ગીરીદી ધરાવતા વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા જેને કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો અને ટ્રાફિકની ભારે સમસ્યા સર્જાઈ હતી.

હવામાન ખાતાએ દિલ્હીમાં સમગ્ર દિવસ દરમિયાન વાદળિયું વાતાવરણ રહેવાની તેમ જ વાદળોના ગડગડાટ અને વીજળી સાથે ભારે વરસાદની આગાહી કરી હતી.

મંગળવાર સવારથી સતત વરસી રહેલા વરસાદને કારણે દિલ્હી શહેરના અનેક

(જુઓ પાનું ૨) ▸▸



**વરસાદ:** ગુરુગ્રામમાં મંગળવારે ભારે વરસાદ બાદ પાણી ભરેલા રસ્તા પરથી કાર પસાર થઈ રહી હોવા વચ્ચે પાણીમાં રમી રહેલા બાળકો. (એજન્સી)

## ફેસબુકે વડા પ્રધાન મોદીનો વીડિયો હટાવતા વિવાદ, મેટાએ માગી માફી છતાં સરકાર લાલઘૂમ

નવી દિલ્હી: ટેક કંપની મેટાએ મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફેસબુક એકાઉન્ટ પરથી એક વીડિયો હટાવ્યો હતો. જોકે થોડા સમય બાદ તેને ફરીથી રિસ્ટોર કરવામાં આવ્યો હતો. બાદમાં મેટાએ આ અંગે માફી માગી હતી અને તેને ભૂલથી હટાવ્યો હોવાનું કહ્યું હતું. હવે ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે આ ઘટના અંગે મેટાના ગ્લોબલ હેડ ઓફ પબ્લિક પોલિસીને સમન્સ પાઠવ્યા હતા અને કમ્યુનિકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી પર પાર્લિયામેન્ટ્રી સ્ટેન્ડિંગ કમિટી ત્રણ ઓગસ્ટને આ મુદ્દા પર બેઠક કરશે.

સૂત્રોએ મંગળવારે કહ્યું હતું કે સરકારે મેટાના ગ્લોબલ પબ્લિક પોલિસી હેડને સમન્સ પાઠવ્યું છે. વડાપ્રધાને ભારતના યુવાઓને સંબોધિત કર્યા હતા અને પેપર લીક વિરુદ્ધ કડક પગલા ભરવાનું વચન આપ્યું હતું. ફેસબુકે આ વીડિયો થોડા સમય માટે હટાવ્યો હતો. સૂત્રોએ પીટીઆઈને જણાવ્યું હતું કે મેટાએ સરકારને જાણકારી આપી હતી કે તેના ઓટોમેટેડ કન્ટેન્ટ ફિલ્ટર્સમાં ખામીને કારણે પીએમ મોદીની ફેસબુક પોસ્ટ હટાવી દીધી હતી.

સૂત્રોએ જણાવ્યુ હતું કે મેટાનો ખુલાસો યોગ્ય નથી અને તેના પર વધુ વાતચીતની જરૂર છે. આ કેસ હજુ ઉકેલાયો નથી અને સમાપ્ત પણ થયો નથી. જો ઓટોમેટેડ સિસ્ટમમાં ખામીને કારણે ભૂલ થઈ હોય તો મેટાએ તેના ટૂલ્સમાં સુધારો કરવો જોઈએ. સૂત્રોએ જણાવ્યું હતું કે આઈટી મંત્રાલયે આ મુદ્દા પર મેટા (ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ) ના ગ્લોબલ પબ્લિક પોલિસી હેડને સમન્સ પાઠવ્યું છે.

નોંધનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૩ જૂલાઈના રોજ ઇન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ કર્યું હતું ( જેને બાદમાં ફેસબુક પર શેર કરવામાં આવ્યો હતો) જેમાં તેમનો પ્રથમ સેલ્ફી વીડિયો હતો જેનો હેતુ યુવાઓ સાથે જોડાવાનો હતો અને પેપર લીક વિરુદ્ધ સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂકવાનો હતો. પરંતુ બાદમાં ફેસબુક

(જુઓ પાનું ૨) ▸▸

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# આપણી દીકરીઓને કંગનાના કેરેક્ટર સર્ટિફિકેટની જરૂર નથી

**કૉક્રોચ** જનતા પાર્ટી (સીજેપી)નું આંદોલન શમી ગયું પણ તેના પડઘા શમ્યા નથી. દેખાવકારો સામે થયેલા કેસો પાછા ખેંચવા મુદ્દે સર્જાયેલા ગૂંચવાડાથી માંડીને પોલીસે કરેલા કહેવાતા અત્યાચાર અને દિલ્હીના જંતર મંતર ખાતે થયેલા દેખાવોમાં અપરાધીઓની સંડોવણી સુધીના મુદ્દા ગાજી રહ્યા છે. આ બધા સરકાર, વહીવટી તંત્ર અને ન્યાયતંત્ર સાથે સંકળાયેલા મુદ્દા છે તેથી રાતોરાત તેમનો ઉકેલ નહીં આવે . આંદોલન રાતોરાત પતી જાય પણ તેની અસરો લાંબા સમય સુધી વર્તાતી હોય છે એ જોતાં રાતોરાત આ મુદ્દા શમવાના પણ નથી. સીજેપીના આંદોલનને મળેલી સફળતાના કારણે ઈથેનોલ વિરોધી અને અનામત પ્રથા નાબૂદ કરવા માટેનાં આંદોલનો પણ સોશિયલ મીડિયા પર શરૂ થયાં છે તેથી તેમના કારણે પાછાં નવાં કમઠાણ ઊભાં ના થાય તેની પણ ચિંતા સૌને અને ખાસ તો ભાજપ સરકારને સતાવી રહી છે.

આ બધા વચ્ચે ભાજપ સમર્થકોએ સીજેપીને ટાર્ગેટ કરીને સોશિયલ મીડિયા પર શરૂ કરેલી ઝુંબેશના કારણે દેશમાં હવે પછીના દિવસો પણ શાંતિના નહીં હોય તેના ભણકારા વાગવા માંડ્યા છે. એક તરફ ભાજપ સમર્થકોએ કૉક્રોચ જનતા પાર્ટીના કાર્યકરોએ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પછી કરેલી ઉજવણીની માટે માછલાં ધોવા માંડ્યાં છે ત્યારે બીજી તરફ ભાજપ સાંસદ કંગના રણૌતે જેન-ઝીને 'જનરેશન ગટર' ગણાવીને સાવ ગંદી ટીપ્પણીઓ કરતાં મામલો ગરમ છે. કંગનાએ સીજેપીના દેખાવોમાં ભાગ લેનારી છોકરીઓ ડ્રગ્સ અને દારૂની બંધાણી અને અનેક છોકરાઓ સાથે સેક્સ ભોગવનારી ગણાવી છે. કંગનાએ લાંબી લચ્ચક પોસ્ટમાં બીજી પણ વાતો કરી છે ને તેનો સાર એ જ છે કે, આ બધી છોકરીઓ સાવ વંઠી ગયેલી છે ને બાપાના પૈસે અય્યાશીઓ કરે છે.

કંગનાની વાતો આઘાતજનક પણ છે ને હાસ્યાસ્પદ પણ છે કેમ કે કંગના સો ચૂહે માર કે બિલ્લી હજ કો ચલી જેવું કરી રહી છે. એક્ટ્રેસ તરીકે કંગનાએ લફરાંબાજીથી માંડીને ડ્રગ્સ લેવા સુધીના શું શું ધંધા કર્યા એ જગજાહર છે. હવે આ છાપેલું કાટલું આપણી દીકરીઓને કેરેક્ટર સર્ટિફિકેટ આપી રહ્યું છે તેનાથી વધારે હાસ્યાસ્પદ શું કહેવાય ? આઘાતજનક વાત એ છે કે, કંગનાના બકવાસ સામે ભાજપની નેતાગીરી ચૂપ છે. કંગનાને ઝાટકવાની વાત તો છોડો પણ ભાજપમાંથી એક મરદનો બચ્ચો એવો આગળ નથી આવતો કે જે કહે કે, છોકરીઓએ પોતાની અંગત જીંદગીમાં શું કરવું તેની તેમને આઝાદી છે ને એ વિશે બોલવાનો કંગનાને કોઈ અધિકાર નથી. દીકરીઓને આ રીતે હલકી ચિતરવી કઈ હિંદુ સંસ્કૃતિ છે એ પણ ખબર નથી પડતી.

સીજેપીએ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની ઉજવણી કરી તેની પણ ટીકા થઈ રહી છે. ધર્મેન્દ્ર પ્રધાને કેન્દ્રીય શિક્ષણ મંત્રીપદેથી રાજીનામું આપ્યું અને કેન્દ્ર સરકારે કૉક્રોચ જનતા પાર્ટીની તમામ માગણીઓ સ્વીકારી લીધી એટલે આંદોલન સમેટી લેવાની જાહેરાત કરાઈ હતી. આ જાહેરાત પછી સીજેપીના કેટલાક નેતાઓ નાચતા અને ઉજવણી કરતા હોય તેવા વીડિયો વાયરલ થયા હતા. વીડિયો વાઇરલ થતાં જ ભાજપના નેતાઓ અને સમર્થકો તૂટી પડ્યા હતા.

નીટનું પેપર લીક થયું તેના કારણે આપઘાત કરનારા વિદ્યાર્થીઓના મોત પર આંદોલન ચલાવનારા સીજેપીના નેતા મોતનો મલાજો જાળવ્યા વિના 'પાર્ટી' કરી રહ્યા હોવાની ટીકા કરીને માથે માછલાં ધોવાનો કાર્યક્રમ પૂરજોશમાં શરૂ કરી દેવાયેલો ને હજુ ચાલે છે. એવી ટીકા પણ થઈ કે, આ 'પાર્ટી' સીજેપીના નેતાઓની સંવેદનહીનતા બતાવે છે. સોનમ વાંગચૂકે મર્યાદામાં રહીને ઉજવણી કરવાની સલાહ આપી પછી તો બધા વધારે જોરમાં આવી ગયા છે. પોતાને સીજેપીના સમર્થક ગણાવનારા કેટલાકે એવો સવાલ પણ કર્યો કે, ઘણાં રાજ્યોમાં દેખાવકારો સામે હજુ પણ કેસો પાછા નથી ખેંચાયા, એ જોતાં આવી ઉજવણી કેટલી યોગ્ય છે?

આ ટીકાઓ ભાજપ સમર્થકોનાં બેવડાં ધોરણોનો વધુ એક નાદાર નમૂનો છે. સીજેપીના કાર્યકરોએ પેપર લીકના કારણે મોતને ભેટનારા વિદ્યાર્થીઓના મોતનો મલાજો જાળવીને ઉજવણી નહોતી કરવા જેવી એ સાચું પણ યંગસ્ટર્સમાં એવી સમજ ના હોય એ જોતાં આ કંઈ મોટો અપરાધ નથી. વિજયના અતિ ઉત્સાહમાં ડાન્સ કર્યો તેને 'પાર્ટી' કહેવાય ? ને સૌથી મોટી વાત તો એ કે, અત્યારે નીટ પેપર લીકના કારણે આપઘાત કરનારા વિદ્યાર્થીઓનાં મોતનો મલાજો જાળવવાની દુહાઈ આપનારા કેન્દ્ર સરકારમાંથી કોઈએ વિદ્યાર્થીઓના મોત પાછળ આંસુ સારવાની વાત તો છોડો પણ એક હરફ સુધ્ધાં ના ઉચ્ચાર્યો તેની વાત પણ કરે છે?

ધર્મેન્દ્ર પ્રધાન આંદોલન શરૂ થયા પછી સવા મહિના લગી સત્તા પર ચીટકી રહ્યા પણ એક વાર પણ આપઘાત કરનારા વિદ્યાર્થીઓનાં મોતની વાત નથી કરી. પગ નીચે રેલો આવ્યો પછી મોદી સાહેબે રીલ પર રીલ બનાવીને 'ફ્રેન્ડ્ઝ'ને સંબોધ્યા પણ આપઘાત કરનારા વિદ્યાર્થીઓ માટે શ્રદ્ધાંજલિના બે શબ્દો નથી નિકળતા કે તેમના પરિવારો તરફ સહાનુભૂતિ વ્યક્ત કરવાનું સૌજન્ય નથી બતાવ્યું. આ ક્યા પ્રકારની સંવેદનશીલતા છે ભાઈ? સીજેપીના નેતાઓ તો લબરમૂછિયા છે ને તેમનામાં એટલી પરિવક્વતા નથી તેથી ઉજવણી કરવાની ભૂલ કરી દીધી પણ વરસોથી રાજકારણમાં છે એવા પાકટ લોકોની સંવેદનશીલતા ક્યાં જતી રહી છે?

બીજી શરમજનક વાત એ છે કે, ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યું પછી ભાજપના સાંસદોએ તેમનું સન્માન કર્યું. જે માણસને નીટનું પેપર ફૂટવાથી ૨૩ લાખ વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાં થયાં તેનાથી કોઈ ફરક પડતો નથી, ૨૧ વિદ્યાર્થીઓએ આપઘાત કર્યો છતાં રુવાડું પણ નથી ફરકતું એવા માણસનું સન્માન કરાય એ કેવી સંવેનદનશીલતા? સીજેપીના કાર્યકરોની 'પાર્ટી' જોઈને જ્ઞાન પિરસવા બેસી ગયેલા એક પણ માણસમાં આ 'સંવેદનશીલતા' સામે બોલવાની હિંમત છે ખરી ?

મોદી સરકારે આજકાલના આવેલા કાક્રોચ જનતા પાર્ટીના યુવા કાર્યકરો સામે ઝૂકવું પડ્યું તેનાથી ભાજપ સમર્થકોને મરચાં લાગ્યાં છે કેમ કે મોદી સરકારની શરણાગતિ તેમની હાર છે. ભાજપ સમર્થકોની બનેલી ટ્રોલ આર્મીએ સીજેપીના કાર્યકરોને પાકિસ્તાન-ચીનના દલાલ, દેશદ્રોહી, અપરાધીઓ સહિતનાં લેબલો લગાડીને લોકોના મનમાં તેમના માટે નફરત પેદા કરવા બહુ કોશિશ કરી જોઈ પણ સફળ ના થયા. અત્યાર લગી ટ્રોલ આર્મી હલકટાઈભરી વાતોનો મારો ચલાવીને ગમે તેને તોડી નાખતી પણ જેન-ઝી અલગ માટીની બનેલી છે તેથી ના તૂટી. જેન-ઝીના પ્રચંડ સાથના કારણે સીજેપીએ મોદી સરકારને ઘૂંટણિયે પાડીને નાક વાઢી લીધું તેનો બળાપો આ રીતે વ્યક્ત થઈ રહ્યો છે. ટ્રોલ આર્મીને બીજું કશું આવડતું નથી એટલે સોશિયલ મીડિયા પર બકવાસ કરીને સીજેપી સામે લોકોમાં નફરત પેદા કરવા મથી રહી છે. તેમાં એ લોકો સફળ થશે તો પણ ઈતિહાસમાં સીજેપીની સફળતાને નથી ભૂંસી શકવાના એ હકીકત છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ, બુધવાર, તા. ૨૯-૭-૨૦૨૬, ગુરુપૂર્ણિમા, વ્યાસપૂર્ણિમા, મન્વાદિ, ભદ્રા પ્રારંભ સવારે ક. ૦૭-૧૩, શિવશયનોત્સવ

- ભારતીય દિનાંક ૭, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, આષાઢ સુદ -૧૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ સુદ-૧૫
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી ૧૪મો ગોશ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૫મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર ઉત્તરાષાઢા બપોરે ક. ૧૫-૩૭ સુધી, પછી શ્રવણ
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૦, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૧, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૨-૨૦, મધ્યરાત્રે ક. ૦૦-૦૧
- ઓટઃ સાંજે ક. ૧૮-૩૨, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૦૪ (તા. 30)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, અષાઢ શુક્લ - પૂર્ણિમા. ગુરુપૂર્ણિમા, વ્યાસપૂર્ણિમા, શિવશયનોત્સવ (ઓરિસ્સા), વાલ્મીકિ નગરયાત્રા, વ્યાસપૂજા, સૌરાષ્ટ્રમાં મોળાકતનું જાગરણ, સંન્યાસીના ચાતુર્માસ પ્રારંભ, ચાતુર્માસ પ્રારંભ (જૈન), મન્વાદિ, ભદ્રા પ્રારંભ સવારે ક. ૦૭-૧૩, અન્વાધાન, સૂર્ય મહાનક્ષત્ર પુષ્યમાં, વાહન ઉંદર,
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ગુરુપૂર્ણિમા ઉત્સવ, વ્યાસપૂજા, ગુરુ દત્તાત્રેય પૂજન, પિતૃતર્પણ, વિશેષરૂપે ભગવાન સૂર્યનારાયણનું પૂજન, મંગળ ગ્રહદેવતાનું પૂજન, વિશ્વદેવતા, ધ્રુવદેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, મુંડન કરાવવું નહિ, અન્નપ્રાશન, મિત્રતા કરવી, નવા વસ્રો, આભૂષણ, દસ્તાવેજ, દુકાન, ખેતવાડી, સંબંધિત કામકાજ, સીમંત સંસ્કાર, પ્રાણી પાળવા, મહાબલિ હનુમાનજીનું પૂજન, શ્રી સત્યનારાયણદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ર નામાવલિ પાઠ વાંચન, હનુમાનચાલીસા, સુંદરકાંડ વાંચન.
- આચમનઃ શુક્ર-મંગળ ચતુષ્કોણ બેપરવાહ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ મૌલિક વિચારના, સૂર્ય-ગુરુ યુતિ દાનપ્રિય, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ દંભી સ્વભાવ, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ પરિવાર સાથેના વ્યવહારમાં સંભાળવું.
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, સૂર્ય-ગુરુ યુતિ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ, અષાઢ પૂર્ણિમા યોગ. ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ, ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# ધર્મેન્દ્ર પ્રધાનનું 'સુપરસ્ટાર' જેવું સ્વાગત કેમ ? શું તેઓ પાકિસ્તાન સામે યુદ્ધ જીતીને આવ્યા?ઃ વિપક્ષ

નવી દિલ્હીઃ ભૂતપૂર્વ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનું સંસદમાં ભવ્ય સ્વાગત કરવા બદલ વિપક્ષે લોકસભામાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની ટીકા કરી હતી. મંગળવારે ટોચના વિપક્ષી નેતાઓએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે નીટ-યુજી ૨૦૨૬ પેપર લીક પર મોટા પાયે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન બાદ કેન્દ્રીય શિક્ષણ મંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ ધર્મેન્દ્ર પ્રધાનનું સંસદમાં 'હીરો' જેવું સ્વાગત કરવામાં આવ્યું હતું.

સોમવારે જ્યારે પ્રધાન સંસદ ભવનમાં પહોંચ્યા ત્યારે ભાજપના સાંસદોએ સૂત્રોચ્ચાર સાથે તેમનું સ્વાગત કર્યું હતું. લોકસભામાં જાહેર પરીક્ષા (અન્યાયી સાધનોના નિવારણ) સુધારા બિલ ૨૦૨૬ પર ચર્ચામાં ભાગ લેતા કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે પ્રધાનનું સ્વાગત ''સુપરસ્ટાર'' તરીકે કરવામાં આવ્યું હતું. સમાજવાદી પાર્ટીના સુપ્રીમો અખિલેશ યાદવે પણ પ્રધાનના સ્વાગત પર સવાલ ઉઠાવ્યા હતા. ચર્ચા શરૂ કરતા ગૃહમાં કોંગ્રેસના નાયબ નેતા ગૌરવ ગોગોઈએ કહ્યું કે પ્રધાનનું સ્વાગત એવી રીતે કરવામાં આવ્યું જાણે તેઓ પાકિસ્તાન સાથે યુદ્ધ જીતીને પરત ફર્યા હોય. શું તમને કોઈ શરમ આવતી નથી?''

ગોગોઈએ કહ્યું કે બે વર્ષ પહેલા ૨૦૨૪ના નીટ પેપર લીકના જવાબમાં આ બિલ રજૂ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું હતું કે ''ત્યારે સરકારે પણ કહ્યું હતું કે તે એક ઐતિહાસિક પગલું છે, જે લોકોને પેપર લીક કરતા અટકાવશે. ૨૦૨૬ના પેપર લીકે સાબિત કર્યું કે કાયદો નિષ્ફળ ગયો હતો અને તે ફરીથી નિષ્ફળ જશે.''

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સોમવારે સંસદમાં પ્રધાનને મળેલા સ્વાગતની ટીકા કરી હતી. 'એક્સ' પર રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ધર્મેન્દ્ર પ્રધાન ભ્રષ્ટાચાર અને ભારતની બરબાદ શિક્ષણ વ્યવસ્થાનું પ્રતીક છે અને હંમેશા રહેશે. આ વ્યવસ્થાએ ૨૬ બાળકોનાં જીવ લીધા અને લાખો યુવાનોને રસ્તા પર ઉતરવા મજબૂર કર્યા. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે પ્રધાનને નૈતિક અંતરાત્માથી નહીં, પરંતુ યુવાનોના આક્રોશના ડરથી રાજીનામું આપવું પડ્યું. અને આજે ભાજપ સંસદમાં તે જ વ્યક્તિને માળા પહેરાવી રહી છે. આ સન્માન નથી. તે લાખો બાળકોના બરબાદ ભવિષ્યનો ઉત્સવ છે. દેશનો દરેક વિદ્યાર્થી આ જોઈ રહ્યો છે અને તેમાં સામેલ દરેક ચહેરાને યાદ રાખશે.'' ■

# એનસીપીઆઈએ એનડીએની પાર્લામેન્ટરી પાર્ટીની બેઠકમાં પ્રથમવાર હાજરી આપી

નવી દિલ્હીઃ તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી) છોડી ગયેલા બળવાખોર સાંસદોનું જૂથ અને ઓછી જાણીતી નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઑફ ઈન્ડિયા (એનસીપીઆઈ)એ મંગળવારે એનડીએની પાર્લામેન્ટરી પાર્ટીની બેઠકમાં પ્રથમવાર હાજરી આપી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત ટોચના કેન્દ્રીય પ્રધાનો પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા.

લોકસભાના ૨૦ સાંસદે તેમના પક્ષ ટીએમસી વિરુદ્ધ બળવો કર્યો હતો અને ઓછી જાણીતી એનસીપીઆઈમાં જોડાઈ ગયા હતા. લોકસભામાં આ સાંસદો ટીએમસીના સાંસદોથી અલગ બેસતા હતા.

સ્પીકર ઓમ બિરલાએ એનસીપીઆઈને માન્યતા આપવા અંગે હજુ સુધી કોઈ નિર્ણય નથી લીધો.

એનસીપીઆઈ સાથે જોડાઈ ગયા બાદ ટીએમસીના બળવાખોર સાંસદોએ ભાજપના વડપણ હેઠળના એનડીએમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

બળવાખોર સાંસદોના જૂથનો જાણીતો ચહેરો એવા સુદીપ બંદોપાધ્યાયે તાજેતરમાં જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત લીધી હતી. (એજન્સી)■

# આંદોલનકારી વિદ્યાર્થીઓને ગોળીએ દેવાની વાત મોહનદાસે કરી હતી

તિરુવનંતપુરમઃરાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે (આરએસએસ)એ મંગળવારે જમણેરી રાજકીય નિરીક્ષક ટી. જી. મોહનદાસે નવી દિલ્હીના વિદ્યાર્થીઓના આંદોલન સામે કરેલી વિવાદાસ્પદ ટિપ્પણીની આલોચના કરી છે. સંઘે આને મોહનદાસના અંગત વિચાર ગણાવીને કહ્યું હતું કે મોહનદાસની ટિપ્પણી ટીકાને લાયક છે.

સંઘના હોદ્દેદાર કે. બી. શ્રીકુમારે એક નિવેદનમાં ખુલાસો કર્યો હતો કે મોહનદાસ કદી સંઘના હોદ્દેદાર રહ્યા નથી.

શ્રીકુમારે નિવેદનમાં વધુમાં કહ્યું હતું કે તાજેતરના વિદ્યાર્થીઓના આંદોલન અંગેની મોહનદાસની ટિપ્પણી એ તેમના અંગત વિચારો છે. તેઓ કોઈ પણ સ્તરે સંઘના અધિકારી નથી, સંઘ તેમના મંતવ્યો સાથે સંમત નથી અને આ ટિપ્પણીની શક્ય હોય એટલી વધારે આલોચના કરવી જોઈએ.

મોહનદાસની ટિપ્પણી સામે કેરળમાં વ્યાપક દેખાવો થયા હતા અને સોશ્યલ મીડિયા પર પણ તેમની ઘણી આલોચના થઈ હતી. સીપીઆઈતરફી ઓલ ઇન્ડિયા સ્ટુડન્ટ્સ ફેડરેશન (એઆઈએસએફ)એ મોહનદાસ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ફેડરેશને મોહનદાસ સામેની ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે મોહનદાસે વિદ્યાથીઓના આંદોલનના દેખાવકારોને ઠાર મારવાનું કહ્યું હતું અને આ હિંસા અને સામૂહિક કત્લેઆમની અપીલ છે.

ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે મોગવદાસે જાહેરમાં સરકારી દળોએ આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓ પર ગોળીબાર કરવાની હિમાયત કરી હતી. ગોળીબાર કરવાથી અનેક મરણ થાત અને અનેકને ગંભીર ઈજા થાત આ અતિશય ખતરનાક નિવેદન છે અને માનવ જીવનનું મૂલ્ય ઓછું કરે છે. આ નિવેદન ડર અને સામાજિક અશાંતિ ઊભા કરવાની ક્ષમતા ધરાવે છે.

ફેડરેશને મોહનદાસ સામે ફોજદારી કેસ કરવાની માગણી કરી હતી. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પિનારાયી વિજયને પણ આ નિવેદનની આકરી ટીકા કરી હતી. (એજન્સી)■

# યુએઈએ ચુપચાપ પાકિસ્તાનીઓને વિઝા આપવાનું બંધ કરી દીધું

કરાચીઃ યુએઈ દ્વારા લાદવામાં આવેલા સાયલન્ટ વિઝા બૅનની અસર થઈ રહી હોવાનો પાકિસ્તાનના વેપારી સમુદાયના સભ્યોએ દાવો કર્યો હતો. અગ્રણી વેપારીઓ નિકાસમાં ઘટાડાને કારણે નુકસાન અને આંતરરાષ્ટ્રીય વેપાર તેમ જ વેપાર સંબંધિત પ્રવૃત્તિઓ ખોરવાઈ ગઈ હોવાની ફરિયાદ કરી રહ્યા છે.

એક અહેવાલ મુજબ યુએઈએ બિઝનેસમેન, રોકાણકારો અને વેપારીઓ સહિત પાકિસ્તાનના નાગરિકોને વિઝા આપવાનું બંધ કરી દીધું છે.

સત્તાવાર રીતે તો યુએઈ કહી રહ્યું છે કે વિઝા પર કોઈપણ પ્રકારનો પ્રતિબંધ મૂકવામાં નથી આવ્યો અને તમામ શ્રેણીના વિઝાની પ્રક્રિયા ચાલુ છે.

જોકે યુએઈના આ નિવેદન અને પાકિસ્તાનીઓને વિઝા સંબંધિત થઈ રહેલા અનુભવો વચ્ચે વિરોધાભાસ જોવા મળી રહ્યો છે, એમ ફેડરેશન ઑફ પાકિસ્તાન ચેમ્બર્સ ઑફ કોમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રીસના ભૂતર્પૂ સેક્રેટરી જનરલ શાહીદ અનવરે પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે લાંબા સમયથી વેપારી સંબંધો ધરાવતા પાકિસ્તાનીઓ અને દુબઈ, શારજાહ અને અબુધાબીમાં રિયલ એસ્ટેટની માલિકી ધરાવતા લોકોને પણ યુએઈના વિઝા મેળવવામાં ફાંફા પડી રહ્યા છે.

આ કારણે તેમને અનેક મહત્ત્વની વેપારી બેઠકો રદ કરવાની ફરજ પડી હોવા ઉપરાંત મહત્ત્વના આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોમાં ભાગ ન લઈ શકતા હોવાને કારણે નિકાસકારોને પણ મોટું નુકસાન થઈ રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

પહેલા પાનાનું ચાલુ

### આંદોલન કરનારા

કર્યો હતો અને કાયદો પોતાના હાથમાં લીધો હતો, તેઓ સામે કાર્યવાહી કરવી જોઇએ.

બૅન્ચે જણાવ્યું હતું કે અમે આ પ્રકરણમાં સ્વતંત્ર, પારદર્શક અને સઘન તપાસ યોજવા ટાસ્ક ફોર્સ રચવાનો આદેશ આપવાનું વિચારી રહ્યા છીએ.

તેણે જણાવ્યું હતું કે અઢીસો પોલીસ પર કરાયેલા હુમલા અને હુમલાખોરો વિદ્યાર્થીઓ હતા કે તોફાની લોકો, તે પણ નક્કી કરવાની જરૂર છે.

બૅન્ચે રાજ્યોને જ્યાં વિરોધ-પ્રદર્શન યોજાયાં હતાં ત્યાંના સીસીટીવી ફૂટેજ, ડ્રોન રેકોર્ડિંગ્સ, બોડી-કેમેરા ફૂટેજ, વાયરલેસ કમ્યૂનિકેશન રેકૉર્ડ્સ, પીસીઆર લૉગ્સ અને અન્ય ડિજિટલ પુરાવા સાચવી રાખવા આદેશ આપ્યો હતો.

તેણે જણાવ્યું હતું કે આ પ્રકરણમાં જે ડિજિટલ ડૅટા ભેગો કરાયો હોય, તે જાહેર નહિ કરવો.

આમ છતાં, બૅન્ચે દિલ્હી સરકારને જે લોકો સામે પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) નોંધાયા હોય, તેઓ સામેની તપાસ ચાલુ રાખવાની છૂટ આપી હતી. (એજન્સી)■

### ફેસબુકે વડાપ્રધાન મોદી

પર તે વીડિયોને પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો, જેના કારણે ભાજપ કાર્યકર પ્રીતિ ગાંધીએ પ્લેટફોર્મની કાર્યવાહી પર સવાલ ઉઠાવ્યા હતા. પ્રીતિ ગાંધીએ કહ્યું કે આ પગલાથી કંપનીના રાજકીય પક્ષપાત, પારદર્શિતા અને જવાબદારી પર પ્રશ્નો ઉભા થયા છે. ■

### જાપાનમાં ૭.૧ ની તીવ્રતાનો

એકત્રિત કરવા, સંભવિત નુકસાનનું મૂલ્યાંકન કરવા અને જરૂર પડ્યે બચાવ કામગીરી માટે તૈયારી કરવા માટે એક ટાસ્ક ફોર્સની સ્થાપના કરી છે.

તાકાચીએ કહ્યું કે, અમે લોકોના જીવનને ટોચની પ્રાથમિકતા આપી રહ્યા છીએ અને મજબૂત રીતે હચમચી ગયેલા વિસ્તારોમાં રહેવાસીઓને સંભવિત મજબૂત આફ્ટરશોક્સને ધ્યાનમાં રાખીને સાવધાની રાખવા વિનંતી કરી હતી.

જાપાનની ફાયર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીએ જણાવ્યું હતું કે આ પ્રદેશમાં મુખ્ય જાહેર સુવિધાઓ અને માળખાગત સુવિધાઓને નુકસાન થયાના કોઈ અહેવાલ નથી, જોકે અધિકારીઓ હજુ પણ ભૂકંપથી થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરી રહ્યા છે.

જાપાનની ન્યુક્લિયર રેગ્યુલેશન ઓથોરિટીએ જણાવ્યું હતું કે ભૂકંપથી નજીકના ત્રણ ન્યુક્લિયર પાવર પ્લાન્ટમાં કોઈ અસામાન્યતા જોવા મળી નથી.

ક્યુશુમાં શિંકનસેન બુલેટ ટ્રેન અને લોકલ ટ્રેનોને સલામતી તપાસ માટે અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે.

સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે તેણે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે આ વિસ્તારમાં વિમાન મોકલ્યા છે.

કુમામોટોમાં ૨૦૧૬માં આવેલા ભયંકર ભૂકંપમાં ૫૦થી વધુ લોકો માર્યા ગયા હતા, ૧૮૦૦ ઘાયલ થયા હતા અને હજારો ઘરોને નુકસાન થયું હતું અથવા નાશ પામ્યા હતા. ■

### વિદ્યાર્થીઓને હેરાન

સૌરવ દાસે જણાવ્યું હતું કે સરકારે આપેલા આશ્વાસનને કારણે જ અમે આંદોલન સમેટી લીધું હતું. એફઆઇઆરની તપાસ આગળ વધારવા સર્વોચ્ચ અદાલતે આપેલી પરવાનગીથી વિદ્યાર્થીઓને હેરાન કરી શકાય છે.

અભિજિત દીપકેએ ચેતવણી આપી હતી કે અમે આંદોલન પાછું ખેંચ્યું, તેનો અર્થ અમારી ચળવળનો અંત નહિ સમજવો જોઇએ. 'નીટ-યુજી' રદ થતાં આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓના પરિવારજનોને વિદ્યાર્થી દીઠ રૂપિયા એક કરોડ મળવા જ જોઇએ. (એજન્સી)■

### જૂનમાં ઔદ્યોગિક

તેમાં જણાવાયું છે.

મે મહિના માટે આઈઆઈપીનો સુધારેલો અંદાજ ૫આંચ ટકા હતો.

જૂન ૨૦૨૬માં ખાણકામ ક્ષેત્રના ઉત્પાદનમાં ૧ ટકા, ઉત્પાદન ક્ષેત્રના ઉત્પાદનમાં ૭.૮ ટકા, વીજળી અને ગેસ પુરવઠો અને પાણી પુરવઠામાં ૧૦.૬ ટકા અને ગટર અને કચરા વ્યવસ્થાપનમાં ૬.૧ ટકાનો વધારો થયો હતો.

ઉત્પાદન ક્ષેત્રની અંદર, ૨૩ ઉદ્યોગ જૂથમાંથી ૧૯ એ જૂન ૨૦૨૫ની સરખામણીમાં જૂન ૨૦૨૬માં સકારાત્મક વૃદ્ધિ નોંધાવી હતી.

જૂન ૨૦૨૬ના મહિના માટે ટોચના ત્રણ સકારાત્મક યોગદાન આપનારા ક્ષેત્ર - 'વિદ્યુત ઉપકરણોનું ઉત્પાદન' (૩૪ ટકા), 'મોટર વાહનો, ટ્રેઇલર્સ અને સેમી-ટ્રેઇલર્સનું ઉત્પાદન' (૧૭.૫ ટકા), અને 'ખાદ્ય પદાર્થોનું ઉત્પાદનોનું ઉત્પાદન' (૧૦.૮ ટકા) હતાં. ■

### વાંદા ગંદકી ફેલાવે

વિદ્યાર્થીઓની બધી માગણી સ્વીકારતા કૉક્રોચ જનતા પાર્ટીનું આંદોલન સમેટી લેવાયું, તેના થોડા દિવસ પછી કંગના રનૌતે સોશ્યલ મીડિયા પર આ નિવેદન કરીને વિવાદ ફરી ઊભો કર્યો છે.

હિમાચલ પ્રદેશના મંડી ખાતેથી ચૂંટાયેલાં ભાજપના આ સાંસદે ઇન્સ્ટાગ્રામ પોસ્ટ પર લખ્યું હતું કે જંતર મંતર ખાતે તાજેતરમાં કરાયેલા દેખાવના વીડિયો 'ગંદવાડ, કચરો અને વિકૃત' હતા.

દરમિયાન, સીજેપીના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસે પ્રતિસાદમાં જણાવ્યું હતું કે કંગના રનૌતની વાતને તેમના પોતાના પક્ષ ભાજપના લોકો પણ ગંભીરતાથી નથી લેતા, તો પછી અમારે શું કામ લેવી જોઇએ?

અભિનેત્રીએ જણાવ્યું હતું કે મેં મારી જિંદગીમાં ક્યારેય એક જગ્યાએ આટલી બધી ગંદકી નહોતી જોઇ. 'જેન ઝી'ના દેખાવનો વીડિયો 'ઊલટી' કરાવે એવો છે. તેઓ દ્વારા બોલાતી ગંદી ભાષા પણ મેં અગાઉ ક્યારેય નહોતી સાંભળી. આ વાંદોઓને કોણ જણે છે?

તેણે જણાવ્યું હતું કે ભારત સુંદર લોકોનો વૈવિધ્ય ધરાવતો દેશ છે અને તેની સંસ્કૃતિના મૂળ ઘણાં ઊંડા છે. તમે અહીં પોતાને વાંદા ગણાવીને વાંદાની જેમ વર્તન કરી ન શકો. (એજન્સી)■

### દિલ્હીને ઘૂંટણીયે પાડ્યું

વિસ્તારો પાણીમાં ડૂબી ગયા હતા. શહેરના અનેક ચાર રસ્તા પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ધીમો પડી ગયો હતો અને વાહનચાલકોને સાવધ રહીને આગળ વધવાની ફરજ પડી હતી.

ભારે વરસાદને પગલે કૉનોટ પેલેસ, જનપથ, ભારત મંડપમ રોડ, બારાખમ્ભા રોડ, આઈટીઓ નજીક મથુરા રોડ અને અન્ય નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

શહેરના અનેક રસ્તાઓ પાણીમાં ગરક થઈ ગયા હોવાના અહેવાલ વચ્ચે જાહેર બાંધકામ ખાતાના પ્રધાન પરવેશ સાહિબ સિંહે મિન્ટો બ્રિજ પર ટ્રાફિક સરળ રીતે આગળ વધી રહ્યો હોવાનું દર્શાવતો વીડિયો સોશ્યલ મીડિયા પર શૅર કર્યો હતો. (એજન્સી)■

### મોદી કેમેરાનો નહિ

કર્યો છે અને વડા પ્રધાને આ સત્ય તેમ જ સંબંધિત જવાબદારી સ્વીકારી લેવી જોઇએ.

તેમણે સવાલ કર્યો હતો કે મોદી અને કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે એ વાતનો જવાબ આપવો જોઇએ કે વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ સામે 'પેલેટ ગન્સ' અને 'એકે-૪૭' વાપરવાની તમને કોણે સત્તા આપી?

કૉંગ્રેસનાં સાંસદે જણાવ્યું હતું કે યુવકો અને યુવતીઓના પીઠ પર પડતો લાઠીનો દરેક ફટકો વિદ્યાર્થીઓની પીઠ કરતાં વધારે સરકારની 'પ્રતિષ્ઠા'ને નુકસાન પહોંચાડે છે.

પ્રિયંકા ગાંધી વાડ્રાએ જણાવ્યું હતું કે છેલ્લાં દસ વર્ષમાં ૧૫૨ પેપર ફૂટી ગયા હતા.

અખિલેશ યાદવે જણાવ્યું હતું કે હું આ આંદોલન બદલ વિદ્યાર્થીઓને અભિનંદન આપું છું. એક ટુચકા સાથે શરૂ થયેલી આ ઘટના બાદમાં રાષ્ટ્રવ્યાપી આંદોલન બની ગયું હતું અને તેને લીધે સરકારને લોકતાંત્રિક દૃષ્ટિએ વિચારવાની ફરજ પડી હતી. (એજન્સી)■

# સુરેન્દ્રનગરમાં ૭૬૫ કે.વી. વીજ લાઇન મુદ્દે ખેડૂતોની મહારેલી, વળતર આપવા માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા ઈલેક્ટ્રિસિટી એક્ટ-૨૦૦૩ અને ટેલિગ્રાફ એક્ટ-૧૮૮૫ હેઠળ ૭૬૫ કે.વી. વીજ ટ્રાન્સમિશન લાઇનના વળતર અંગે જાહેર કરાયેલા પરિપત્ર સામે સુરેન્દ્રનગર જિલ્લાના ખેડૂતોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ મુદ્દે ગુજરાત ખેડૂત છાવણીના નેતૃત્વ હેઠળ જેતપર સહિત જિલ્લાના વિવિધ ગામોના મહિલા અને પુરુષ ખેડૂતો મોટી સંખ્યામાં જોડાઈ મેળાના મેદાનથી જિલ્લા કલેક્ટર કચેરી સુધી વિશાળ મહારેલી યોજી વિરોધ નોંધાવ્યો હતો.

રેલી દરમિયાન ખેડૂતો હાથમાં બેનરો સાથે સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરી અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય અને ન્યાયસંગત વળતર ચૂકવવાની માંગ કરી હતી. ખેડૂતોનું કહેવું હતું કે સરકાર દ્વારા જાહેર કરાયેલો વળતરનો પરિપત્ર ખેડૂતોના હિતમાં નથી અને તેના કારણે ખેડૂતોને આર્થિક નુકસાન ભોગવવું પડી શકે છે.

રેલી પૂર્ણ થયા બાદ ખેડૂતોના પ્રતિનિધિમંડળે જિલ્લા કલેક્ટરને લેખિત આવેદનપત્ર સુપરત કર્યું હતું. આવેદનપત્રમાં જણાવાયું હતું કે સરકાર દ્વારા જાહેર કરાયેલ વળતર અંગેનો નિર્ણય ખેડૂતોને સ્વીકાર્ય નથી. આ પરિપત્રમાં યોગ્ય સુધારા કરવામાં આવે અને જ્યાં સુધી તેમાં ફેરફાર ન થાય ત્યાં સુધી તેની અમલવારી સ્થગિત રાખવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

ખેડૂતોએ વધુમાં જણાવ્યું હતું કે ૭૬૫ કે.વી. વીજ ટ્રાન્સમિશન લાઇનથી અસરગ્રસ્ત ખેડૂતોને બજારભાવને અનુરૂપ યોગ્ય વળતર આપવામાં આવે તેમજ ખેડૂતોના હિતોને ધ્યાનમાં રાખીને નવો નિર્ણય લેવામાં આવે. આવેદનપત્રની નકલ સંબંધિત વિભાગો અને રાજ્ય સરકારને મોકલી ખેડૂતોના પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરવામાં આવી છે.

ખેડૂત આગેવાનોએ ચેતવણી આપી હતી કે જો સરકાર દ્વારા તેમની માંગણીઓ પર વહેલી તકે હકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને શાંતિપૂર્ણ માહોલમાં મહારેલી પૂર્ણ થઈ હતી. ■

# ભાવનગર અને અમરેલી જિલ્લાના ૨૬ મંદિરમાં ચોરી કરનાર આંતરજિલ્લા ગેંગ ₹ ૬.૩૫ લાખના મુદ્દામાલ સાથે ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેર અને અમરેલી જિલ્લાના જુદા જુદા ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા મંદિરો તેમજ માતાજીના મઢને લક્ષ્યાંક બનાવી સોના-ચાંદીના છત્તર અને રોકડની ચોરી કરતી આંતરજિલ્લા રીઢા ચોરોની ટોળકીને પાલીતાણા રૂરલ પોલીસે રૂ. ૬,૩૫,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ૨૬ જેટલા મંદિર ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલી નાખ્યો હતો. આરોપીઓને ઝડપી લેવા માટે પોલીસ દ્વારા ખાસ પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ કામગીરી દરમિયાન પાલીતાણા રૂરલ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે કુંભણ ગામની ઘોડીઢાળ ચોકડી પાસે ચાર શંકાસ્પદ ઇસમો બે મોટરસાઇકલ સાથે ઉભા છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડી તપાસ કરતા સ્થળ પરથી ચાર ઇસમો શંકાસ્પદ મુદ્દામાલ સાથે મળી આવ્યા હતા.

પોલીસે તેમની પાસે રહેલા મુદ્દામાલ અંગે પૂછપરછ કરતા તેઓ કોઈ સંતોષકારક જવાબ કે બિલ-આધાર રજૂ કરી શક્યા નહોતા. જેથી પોલીસે તમામ સામાન શકપડતી મિલકત ગણી કબ્જે કરી ચારેય આરોપીઓની ધરપકડ કરી હતી.

પોલીસની ઊંડાણપૂર્વકની પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો. આરોપીઓ ગામડાંના છેવાડે કે અવાવરૂ જગ્યાએ આવેલા મંદિરો, માતાજીના મઢ, દેરી કે ઓટાને ગૂગલ મેપમાં શોધીને રેકી કરતા હતા અને રાત્રિના સમયે ચોરીને અંજામ આપતા હતા. આરોપીઓએ ભાવનગરના તળાજા, સિહોર, ઘોઘા, ગારીયાધાર, મહુવા, દાઠા, બગદાણા તેમજ અમરેલી જિલ્લાના રાજુલા અને મોટા લીલીયા તાલુકાના વિવિધ ગામોમાં આવેલી દેરીઓ અને મંદિરોમાંથી ચાંદીના છત્તર, મુંગટ, ગદા, સોનાના પેંડલ તથા દાનપેટીમાંથી રોકડ રકમ ચોરી કરી હોવાની કબૂલાત આપી હતી.

પોલીસે ગિરફતાર કરેલા આરોપીઓમાં મેહુલભાઇ ગણેશભાઇ મકવાણા (ઉ.વ.૨૫, રહે. ભાંખલ, તા.સિહોર), અશ્વીનભાઇ અશોકભાઇ મકવાણા (ઉ.વ.૨૫, રહે. ભાંખલ, તા.સિહોર), ભરતભાઇ વજેરામભાઇ જાની (ઉ.વ.૪૦, રહે. ભાંખલ, તા.સિહોર) અને ચોરીનો માલ રાખનાર સોની પ્રત્યક્ષભાઇ હસમુખભાઇ પાટડીયા/સોની (ઉ.વ.૨૨, રહે. હાલ મણિનગર, અમદાવાદ, મૂળ અંજાર, ગીર સોમનાથ/કચ્છ) નો સમાવેશ થાય છે.

પોલીસે આરોપીઓ પાસેથી ચોરીનો માલ વેચીને મેળવેલ રોકડ રૂ. ૫,૨૦,૦૦૦/-, રૂ. ૬૦,૦૦૦ ની કિંમતના ૨ મોટરસાઇકલ, રૂ. ૫૫,૦૦૦ ની કિંમતના ૪ મોબાઇલ ફોન તથા ચોરીમાં વપરાયેલા કટર અને આરી પાનું મળી કુલ રૂ. ૬,૩૫,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ સફળ કામગીરીમાં પાલીતાણા રૂરલ પોલીસ ટીમ ઉપરાંત ભાવનગર એલસીબી, ઘોઘા પોલીસ અને 'નેત્રમ' શાખાનો મહત્વનો સહયોગ મળ્યો હતો. ■

# રાજકોટમાં પતિ-પત્ની ઔર વોના વિવાદમાં વળાંક, પત્નીનો મારપીટ અને ધમકીનો આક્ષેપ

### શિક્ષિકા મારી દીકરીને ભણાવવા આવતી હતીઃ આ દરમિયાન જ પતિ અને શિક્ષિકા વચ્ચે અફેર શરૂ થયું હતું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં પતિ, પત્ની ઔર વોનો કિસ્સો ચર્ચાસ્પદ બન્યો છે, પત્નીએ તેના પતિ અને શિક્ષિકાના પ્રેમ પ્રકરણનો ઉગ્ર વિરોધ કરતા પતિએ તેને ઢોર માર માર્યો હતો. પત્નીને માર મારવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાઇરલ થયો હતો. આ વીડિયોમાં દેખાતી પરિણીતા સીસીટીવી વાઇરલ કરી મીડિયા સમક્ષ આવી હતી અને તેણીએ સ્વિકાર્યું હતું કે, તેણે જ વિડીયો વાઇરલ કર્યો હતો, આ સાથે જ તેણે પતિના ત્રાસ સામે ન્યાયની માંગ કરી હતી.

આ મહિલાએ સમગ્ર મામલે વિગતે જણાવ્યું હતું કે, ચાર વર્ષ પહેલા મારી દીકરી ધોરણ ૧૨માં અભ્યાસ કરતી હતી. આ સમયે પર્સનલ ટ્યુશન રાખ્યા હતા. જેમાં શિક્ષિકા મારી દીકરીને ભણાવવા આવતી હતી. આ દરમિયાન જ પતિ અને શિક્ષિકા વચ્ચે અફેર શરૂ થયું હતું. આ પછી જ્યારે મને અફેરની જાણ થઇ ત્યારે મેં મહિલા પોલીસમાં ફરિયાદ પણ કરી હતી.

આ સમયે તેઓ બન્ને ભાઈ બહેન છે કહી સમાધાન કરાવ્યું હતું. જો કે ત્યાર બાદ પણ બન્ને વચ્ચે અફેર ચાલુ રહેતા ગત સપ્તાહ દરમિયાન ૮૦ ફૂટ રોડ પર મને કારખાનામાં ઢોર માર માર્યો હતો.

આ મહિલાએ સાસરી પક્ષના લોકો પર પણ ગંભીર આક્ષેપો કરતા કહ્યું કે, મારા પતિના ઘરના પણ કોઈ મને સાથ આપતા નથી. તે બધા લોકો પણ મારા પતિને જ પક્ષ લઈ રહ્યા છે અને સમગ્ર મામલે ઢાંક પિછોડો કરી રહ્યા છે. ■

# રાજકોટમાં મિત્રની હત્યાનો ભેદ ઉકેલાયો, પોલીસે ગણતરીના કલાકોમાં ચાર આરોપીને ઝડપ્યા

### પરિવારને ચા પીવા જવાનું કહી ઉમંગને એક્ટિવા પર લઈ ગયા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના રૂખડીયા વિસ્તારમાં યુવકની હત્યાના કેસમાં પોલીસે ઝડપી કામગીરી કરીને ગણતરીની કલાકોમાં જ ૪ આરોપીઓને દબોચી લીધા હતા. પોલીસે મુખ્ય આરોપી નાઝીર ઉર્ફે ઘેટી, ગુલામ હુસૈન ઉર્ફે આસિફ કક્કલ અને સુજલ રામાવતની ધરપકડ કરી હતી. ઝડપાયેલા ચાર આરોપીઓમાં એક સગીર વયનો હોવાનું પણ જાણવા મળ્યું હતું. પોલીસે આરોપીઓની અટકાયત કરીને તેમની પૂછપરછ શરૂ કરી છે.

પોલીસની પ્રાથમિક તપાસ મુજબ મૃતક ઉમંગ મુખ્ય આરોપી નાઝીરની બહેન સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્કમાં આવ્યો હતો. આ બાબતનું મનદુઃખ રાખી નાઝીર દ્વારા પોતાના સાગ્રીતો સાથે મળીને ચા પીવાના બહાને ઉમંગને બોલાવી મરણતોલ માર મારતા મામલો હત્યામાં પરિણમ્યો હોવાનું બહાર આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્ય આરોપી નાઝીર ઉર્ફે ઘેટી અને તેના સાગરિતો રૂખડીયા ફાટક વિસ્તારમાં આવેલા ઉમંગ જાખેલિયાના ઘરે પહોંચ્યા હતા.

પરિવારને ચા પીવા જવાનું કહી ઉમંગને એક્ટિવા પર સાથે લઈ ગયા હતા. ત્યારબાદ સાંજે આશરે પાંચ વાગ્યે ઉમંગને ગંભીર ઇજાઓ સાથે બેભાન હાલતમાં તેના વિસ્તાર નજીક મૂકી આરોપીઓ ફરાર થઈ ગયા હતા. પરિવારજનોએ એમ્બ્યુલન્સ મારફતે ઉમંગને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જોકે સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. મૃતકના પિતા રણજીત જાખેલિયાની ફરિયાદના આધારે પ્રદ્યુમનનગર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી અને ગણતરીના કલાકોમાં જ ચારે આરોપીને ઝડપી પાડ્યા હતા. ■

# જૂનાગઢના ગીર અભયારણ્યમાં નિયમોનો ભંગ કરતા ૨૬ હોટલ-રિસોર્ટને વ્યાવસાયિક પ્રવૃત્તિઓ બંધ કરવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લામાં એશિયાટીક સિંહો માટે જાણીતા ગીર અભયારણ્યની આસપાસના વિસ્તારોમાં નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરીને ધમધમતા હોટલ અને રિસોર્ટ્સ સામે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટના કડક આદેશો બાદ જૂનાગઢ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા શરતોના ભંગના દોષીત ઠરેલા લગભગ ૨૬ જેટલા હૉસ્પિટાલિટી યુનિટ્સની વ્યાવસાયિક પ્રવૃત્તિઓ તાત્કાલિક અસરથી સંપૂર્ણપણે બંધ કરાવી દેવામાં આવ્યા હતા. તંત્રની આ કડક કાર્યવાહીથી હોટેલ અને રિસોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા સંચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ગીર જંગલની આસપાસના વિસ્તારમાં ઇકો-સેન્સિટિવ ઝોનના નિયમો અનુસાર ૧ થી ૧૦ કિલોમીટરના ત્રિજ્યામાં ફોરેસ્ટ વિભાગની એનઓસી અને રેવન્યુ ડિપાર્ટમેન્ટની એનએ પરવાનગી વિના કોઈપણ પ્રકારની વ્યાવસાયિક પ્રવૃત્તિઓ ચલાવવા પર સખત પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ ગંભીર મામલે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તમામ ગેરકાયદેસર અને વધારાના બાંધકામોને જાતે જ દૂર કરવા માટે કડક આદેશ આપવામાં આવ્યો હતો. આ સાથે જ સંબંધિત તમામ યુનિટ્સની ઓનલાઇન બુકિંગ સિસ્ટમ પણ તાત્કાલિક ધોરણે બંધ કરવા માટે ખાસ સૂચના આપવામાં આવી હતી.

તંત્રની કાર્યવાહી અંગે જિલ્લા કલેક્ટરએ જણાવ્યું હતું કે ગીર જંગલ વિસ્તારની આસપાસ નિયમોનું પાલન ન કરનાર અને ગેરકાયદેસર રીતે સંચાલિત હોટલ તેમજ રિસોર્ટ્સ સામે માનનીય હાઈકોર્ટના નિર્દેશાનુસાર વ્યાપક કાયદાકીય સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ સર્વે દરમિયાન જે સંસ્થાઓ કે એકમો નિયમો વિરુદ્ધ જઈને વ્યાવસાયિક પ્રવૃત્તિઓ કરતા પકડાયા છે, તેમને કાયદાના દાયરામાં રાખીને નોટિસ ફટકારવામાં આવી છેઅને આગામી ૩૦ દિવસમાં તમામ ગેરકાયદે બાંધકામો દૂર કરવાની કડક તાકીદ કરાઈ છે. ■

# ઉના નજીક રાવલ નદી પરના બ્રિજમાં ભંગાણ, પંજા વંશના ધરણાં-ચક્કાજામથી તંત્ર દોડતું થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)



ફારુક કાઝી

ગીર સોમનાથઃ જિલ્લાના ઉના-ભાવનગર નેશનલ હાઇવે પર સામતેર ગરાળ નજીક રાવલ નદી પરના બ્રિજમાં પડેલા ભંગાણનો મામલો ગરમાયો છે. બ્રિજની કામગીરીની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉઠાવતા પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશની આગેવાની હેઠળ કોંગ્રેસના કાર્યકરો એ રાવલ નદીના પુલ પાસે ધરણાં કરી ચક્કાજામ કર્યો હતો. બંને તરફ રસ્તો રોકાતા હાઇવે પર વાહનોની લાંબી કતારો લાગી હતી અને દોઢ કલાક જેટલો સમય વાહન વ્યવહાર ખોરવાઈ જતાં મુસાફરો તથા વાહનચાલકો ભારે હાલાકીમાં મુકાયા હતા.

રાવલ બ્રિજના બેસી ગયેલા ભાગ અને પુલના છેડા છૂટા પડવા સહિતની સ્થિતિને લઈને પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશે સ્થળ પર જ નેશનલ હાઇવે ઓથોરિટી તથા સંબંધિત એજન્સીની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમનો આક્ષેપ હતો કે હાઇવેનું કામ પૂર્ણ થયાને હજુ બે વર્ષ જેટલો ટૂંકો સમય થયો છે, છતાં બ્રિજમાં ભંગાણ, તિરાડો અને રોડના ભાગોમાં ગાબડાં પડવાની સ્થિતિ સર્જાઈ છે. આવી સ્થિતિમાં ભારે વાહનો સતત પસાર થઈ રહ્યા હોવાથી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં કાયમી ઉકેલ લાવવાની જરૂરિયાત તેમણે વ્યક્ત કરી હતી.

પૂર્વ ધારાસભ્ય વંશે સ્પષ્ટપણે માગણી કરી હતી કે બ્રિજનો જે ભાગ ખરાબ થયો છેતેને માત્ર ઉપરથી રિપેરિંગ કરીને અથવા ગાબડાં પૂરીને કામ પૂર્ણ ન ગણવામાં આવે. ડેમેજ થયેલો ભાગ કાઢીને તેની જગ્યાએ મજબૂત અને ગુણવત્તાયુક્ત નવું બાંધકામ કરવામાં આવે તેવી માગ સાથે તેમણે સ્થળ પર ધરણાં કર્યા હતા. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે નેશનલ હાઇવે ઓથોરિટી દ્વારા સંબંધિત એજન્સીને બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે અને બ્રિજની મૂળ સમસ્યાનું નિરાકરણ લાવવાને બદલે રિપેરિંગ કરીને કામગીરી બતાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. લોકોની સલામતી કરતાં એજન્સીની કામગીરીને બચાવવાનો પ્રયાસ કેમ કરવામાં આવી રહ્યો છે તેવો સવાલ પણ તેમણે ઉઠાવ્યો હતો.

પૂર્વ ધારાસભ્યના જણાવ્યા મુજબ ઉના-ભાવનગર નેશનલ હાઇવે પરના અનેક માઇનોર બ્રિજ તથા નદી પરના બ્રિજમાં તિરાડો, રોડ ફાટવા, પુલના છેડા છૂટા પડવા અને મોટા ગાબડાં જેવી સમસ્યાઓ સામે આવી રહી છે. હાઇવેના બાંધકામની ગુણવત્તા અંગે અગાઉથી જ નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા, કલેક્ટર, પ્રાંત અધિકારી સહિતના સત્તાધીશોને લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવાનો પણ તેમણે દાવો કર્યો હતો.

ધરણાં દરમિયાન ચક્કાજામ હટાવવા પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી. આ દરમિયાન પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશની અટકાયત કરવામાં આવતા વાતાવરણ ગરમાયું હતું. પોલીસ દ્વારા તેમના ખભા પર હાથ મુકીને અટકાયત કરવામાં આવતા વંશ રોષે ભરાયા હતા અને પોલીસ સામે ઉગ્ર વાંધો વ્યક્ત કર્યો હતો. આ દરમિયાન પીએસઆઈ બોરીચા અને પૂર્વ ધારાસભ્ય પુંજાભાઈ વંશ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ચકમક જોવા મળી હતી. લોકોની હાજરીમાં વાતાવરણ તંગ બનતાં પોલીસ દ્વારા સ્થિતિ કાબૂમાં લેવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. ■

# મુંદરા નજીક ભૂખી નદીમાંથી રેતી ચોરી ઝડપાઈ ₹ ૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મુંદરા તાલુકામાં ખેડૂતો માટે મહત્વની ગણાતી ભૂખી નદીના નવસર્જન કાર્ય દરમિયાન નીકળેલી રેતી અને માટી પર ડોળો રાખીને બેઠેલા ખનિજચોરો સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી હતી. સ્થાનિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવી રહેલા ભૂખી નદીના જળસંચય અભિયાન દરમિયાન થઈ રહેલી ખનિજચોરી અંગે રજૂઆત કરાતાં તંત્રે કડક કાર્યવાહી હાથ ધરી છે.

કચ્છ કલેક્ટર અનિલ રાણાવાસીયાની સૂચના અને ભૂસ્તરશાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ પૂર્વ કચ્છ ખાણ-ખનિજ વિભાગ તથા પ્રાગપર પોલીસની ટુકડીએ સંયુક્ત દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન મોટા કપાયા પાસે ભૂખી નદીના પટમાંથી સાદી રેતીનું ગેરકાયદેસર ખનન કરતા એક લોડર અને એક ડમ્પર ઝડપી પાડીને પ્રાગપર પોલીસ મથકે સીઝ કરવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા આશરે રૂા. ૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રણ દિવસ પહેલાં પણ આ વિસ્તારમાંથી ખનિજચોરી કરતાં ત્રણ ટ્રેક્ટર જપ્ત કરવામાં આવ્યા હતા. પોતાના હદ વિસ્તારમાં ન હોવા છતાં માહિતી મળતાં જ તાત્કાલિક કડક પગલાં ભરવા બદલ પ્રાગપર પોલીસની કામગીરી બિરદાવવામાં આવી હતી. ■

# કચ્છના ટાંગલિયા વણાટના કારીગરને નેશનલ હેન્ડલૂમ અવોર્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ભચાઉ તાલુકાના અધોઈ ગામના ટાંગલિયા હસ્તકળાના કારીગર કેશાભાઈ લખમણભાઈ વણકરને વર્ષ ૨૦૨૫ માટેના પ્રતિષ્ઠિત 'નેશનલ હેન્ડલૂમ એવોર્ડ' માટે પસંદ કરવામાં આવ્યા છે.

કેન્દ્રીય વસ્ત્ર મંત્રાલયના હથકરઘા વિકાસ આયુક્ત કાર્યાલય દ્વારા કરવામાં આવેલી સત્તાવાર જાહેરાત મુજબ, કેશાભાઈને 'ટાંગલિયા દુપટ્ટા' બનાવવાની અસાધારણ કુશળતા અને હસ્તકળા ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન બદલ આ સન્માન આપવામાં આવશે. આગામી ૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ૧૨મા 'નેશનલ હેન્ડલૂમ ડે' નિમિત્તે નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન કલ્ચરલ સેન્ટર ખાતે યોજાનારા સમારોહમાં રાષ્ટ્રપતિના હસ્તે આ એવોર્ડ એનાયત કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ટાંગલિયા વણાટ એ ગુજરાતની પ્રાચીન કળા છે, જેમાં કોઈ પણ જાતના છાપકામ કે ભરતકામ વગર વણાટ દરમિયાન જ દોરાઓ ફેરવીને કાપડ પર ઝીણવટભરી દાણા જેવી ભાત ઉપસાવવામાં આવે છે. કેશાભાઈએ આ પરંપરાગત કળાને જીવંત રાખીને ભાતીગળ પ્રદેશ કચ્છને રાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવ્યું છે. ■

# ભાવનગરના રોકાણકારો સાથે અમદાવાદની મહિલાએ ₹ ૪.૭૨ કરોડની છેતરપિંડી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના દેવુબાગ વિસ્તારમાં રહેતા અને કન્સ્ટ્રકશન વ્યવસ્યાય કરતા વૃદ્ધને અમદાવાદની મહિલાએ તેની હેત વેલ્થ ક્રિએશન ગ્રુપ'ની કંપનીમાં રોકાણ પર ઊંચા વળતરની લાલચ આપી રૂ.૧,૧૮,૦૦,૦૦૦નું તેમજ વૃદ્ધના અન્ય પરિવારજનો સહિત ૨૦ રોકાણકારોના આ કંપનીમાં રોકાણ કરાવી કુલ.રૂ.૪.૭૨ કરોડથી વધુના રોકાણના નાણા મહિલા ઓળવી જઇ ઉચાપત કર્યા ની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગરના દેવુબાગ વિસ્તારમાં આવેલ સાંકેત રેસિડન્સી ફ્લેટ નંબર ૧૦૨માં રહેતા અને કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરતા ચંદ્રકાંતભાઈ ધનજીભાઇ જોષી ઉ.વ ૭૫એ નિલમબાગ પોલીસ મથકમાં નિમિત્સા વિમલકુમાર વ્યાસ (રહે. બી/૯૦૦૩, શ્રી સાનિધ્ય ફ્લોરા, સેલા, વી.આઇ.પી. સેડ, અમદાવાદ) સામે ફરિયાદ નોંધાવી હતી કે, ગત જાન્યુઆરી, ૨૦૨૫ના અરસામાં તેઓની દીકરી શ્વેતાબેનની મિત્ર નિમિત્સા વિમલકુમાર વ્યાસ તેઓના ઘરે આવેલ અને તેણે કહ્યુ કે અંકલ શ્વેતાબેન મારી કંપનીમાં રોકાણ કરે છે તમે પણ રોકાણ કરો તમને સારૂ એવુ વળતર અપાવીશ તેમ કહેતા તેઓએ કંપની માં કઈ રીતે રોકાણ કરવાનું તેમ પૂછતા તેને 'હેત વેલ્થ ક્રિએશન ગ્રુપ' નામની કંપની ચલાવતી હોવાનું જણાવી રોકાણકારોના નાણાં ત્રણ ડબલ કરી આપવાની તેમજ મોટો નકો અપાવવાની લોભામણી યોજનાઓ રજૂ કરી હતી.

અમદાવાદની મહિલાએ ગૂગલ સાઇટ પર બનાવટી વેબપેજ બનાવી પોતાને ફાઉન્ડર અને ઓનર તરીકે દર્શાવી વિશ્વાસ કેળવાતા આ લોભામણી સ્કીમમાં ફસાઈને તેઓ તથા તેમના પત્નીએ શરૂઆતમાં કટકે કટકે કુલ રૂ. ૧,૧૮,૦૦,૦૦૦ નું રોકાણ કર્યું હતું. ત્યારબાદ મહિલાએ અલગ-અલગ સ્કીમોના બહાને તેઓના પરિવાર, સગા-સંબંધીઓ અને મિત્રો સહિત કુલ ૨૦ જેટલા રોકાણકારો પાસેથી આશરે રૂપિયા ૪.૭૨ કરોડથી વધુનું રોકાણ કરાવ્યું હતું. મુદત પૂરી થતાં નાણાં કે વળતર પરત માંગતા મહિલાએ અવારનવાર ખોટા વાયદાઓ આપ્યા હતા અને ડિસેમ્બર ૨૦૨૫થી ફોન બંધ કરી દઈને તમામના નંબર બ્લોક કરી દીધા હતા. જે ફરિયાદના આધારે પોલીસે નિમિત્સા વિમલકુમાર વ્યાસ સામે ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# ભાવનગર મનપાનો આધાર ઓપરેટર અને વચેટિયો ₹ 3000ની લાંચ લેતા ઝડપાયા

### મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને કોમ્પ્યુટર ઓપરેટરો સાથે મેળાપીપણું રચ્યું હતું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ મ્યુનિસિપલ કોર્પોરેશન ના પશ્ચિમ ઝોન આધાર કાર્ડ સેન્ટર પર એન્ટિ કરપ્શન બ્યુરો (એસીબી) દ્વારા સફળ ડીકોય ટ્રેપ ગોઠવીને લાંચિયા નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. એસીબીની ટીમે ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન-પશ્ચિમ ઝોનના આધાર ઓપરેટર વિજય ભરતભાઈ ડાભી અને વચેટિયા તરીકે કામ કરતા પ્રજાજન અશ્વિન બાંભણિયાને રૂ.૩૦૦૦ લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપી લીધા હતા.

મળતી વિગતો અનુસાર ભાવનગર એસીબીને ચોક્કસ માહિતી મળી હતી કે મંત્રેશ કોમ્પ્લેક્ષ સામે 'સદ્દગુરુ ઓનલાઈન સર્વિસ' નામ-ઓફિસ ધરાવતો અશ્વિન બાંભણિયા લોકોના આધાર કાર્ડ તથા પાનકાર્ડ કાઢવા અને તેમાં સુધારા-વધારા કરવાનું કામ કરે છે. ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને કોમ્પ્યુટર ઓપરેટરો સાથે મેળાપીપણું રચીને સામાન્ય નાગરિકો પાસેથી આધા કાર્ડમાં સુધારા કરાવવાના બહાને રૂ.૨૦૦૦ થી રૂ.૩૦૦૦ ની લાંચની રકમ પડાવતો હતો અને એકબીજાના સંગઠનથી વ્યવસ્થિત નેટવર્ક ચલાવતો હતો.

આ માહિતીના આધારે એસીબીની ટીમે એક ડીકોયર (પંચ/સહયોગી) નો સંપર્ક કરી લાંચનું છટકું ગોઠવ્યું હતું. ડીકોયરે અશ્વિન બાંભણિયાનો સંપર્ક કર્યો હતો. અશ્વિને આધાર કાર્ડમાં સુધારો કરવા માટેના જરૂ દસ્તાવેજો વોટ્સએપ મારફતે મેળવી લીધા હતા. ત્યારબાદ તેણે ડીકોયરને આખલોલ જકાતનાકા ખાતે આવેલી ભાવનગર મ્યુનિસિપ કોર્પોરેશનની પશ્ચિમ ઝોનની ઓફિસે આધાર ઓપરેટર વિજય ડાભીને મળવા જણાવ્યું હતું.

ત્યાં આધાર કાર્ડમાં સુધારો કર્યા બાદ, ડીકોયરે અશ્વિન સાથે ટેલિફોન પર વાતચીત કરીને નક્કી થયા મુજબ રૂ.૩૦૦૦ ની લાંચ-રકમ આપી હતી. સ્થળ પર હાજર એસીબીની ટીમે તુરંત દરોડો પાડીને લાંચના રૂ.૩૦૦૦ ની પૂરેપૂરી રકમ રિકવર કરી આરોપીઓની અટકાયત કરી ગુનો નોંધ્યો હતો. ■

# કચ્છ જિલ્લા કોંગ્રેસની કારોબારી યોજાઈ, ૧૧ પ્રજાલક્ષી ઠરાવો પસાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારી બેઠક જિલ્લા પ્રમુખ વી.કે. હુંબલની અધ્યક્ષતામાં ભુજની રાજગોર સમાજવાડી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીના લક્ષ્યાંક સાથે પક્ષના સંગઠનને બૂથ, ગ્રામ્ય અને તાલુકા સ્તરે મજબૂત કરવાનો નિર્ણય લેવાયો હતો. આ કારોબારીમાં કચ્છના પ્રજાકીય પ્રશ્નોને સ્પર્શતા ૧૧ અગત્યના ઠરાવો સર્વાનુમતે પસાર કરાયા હતા. જેમાં ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા, ધાર્મિક દબાણો હટાવવાની નીતિનો વિરોધ કરવા, શહેરી વિસ્તારોમાં પાયાની સુવિધાઓ સુધારવા, ખેતરોમાંથી પસાર થતી વીજ લાઈનો માટે બજાર કિંમતથી ચાર ગણું વળતર આપવા અને ૪ જુલાઈના ખેડૂત વિરોધી પરિપત્રનો વિરોધ કરવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નર્મદાના પાણીનો પુરવઠો વધારવા, ખેડૂતોને ૧૦ કલાક વીજળી આપવા, નીટ પેપર લીક મુદ્દે કડક કાયદો બનાવવા, સરકારી હોસ્પિટલોમાં તબીબોની ખાલી જગ્યાઓ ભરવા, શાળાઓમાં શિક્ષકોની અછત દૂર કરવા, ગેરકાયદે ખનન અટકાવવા અને સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર ડામવા માંગ કરવામાં આવી હતી. ■

# સિનિયર સિટિઝનોને સિટી બસમાં નિઃશુલ્ક મુસાફરી પાસ આપવા જામનગર જિલ્લા પેન્શનર સમાજની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

**સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તથા કમિશનરને આવેદનપત્ર પાઠવી સિનિયર સિટિઝનોને સિટી બસ સેવામાં નિઃશુલ્ક મુસાફરી પાસ આપવાની માગ**

જામનગરઃ જિલ્લા પેન્શનર સમાજ દ્વારા જામનગર મહાનગરપાલિકાના મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તથા કમિશનરને આવેદનપત્ર પાઠવી સિનિયર સિટિઝનોને સીટી બસ સેવામાં નિઃશુલ્ક મુસાફરી પાસ આપવાની માંગ કરવામાં આવી છે.

તેમણે આપેલા આવેદનમાં જણાવાયું હતું કે, રાજ્યની વિવિધ મહાનગરપાલિકાઓમાં સિનિયર સિટિઝનોને સીટી બસમાં મફત મુસાફરીની સુવિધા ઉપલબ્ધ છે. જામનગરમાં પણ મોટી સંખ્યામાં વરિષ્ઠ નાગરિકો રોજિંદા કામકાજ, હોસ્પિટલ, બેંક અને અન્ય જરૂરી કામગીરી માટે સીટી બસનો ઉપયોગ કરે છે.

પેન્શનર સમાજે રજૂઆતમાં જણાવ્યું હતું કે વધતી ઉંમરના કારણે તમામ વરિષ્ઠ નાગરિકો માટે ખાનગી વાહનનો ઉપયોગ શક્ય બનતો નથી. તેથી જો જામનગર મહાનગરપાલિકા દ્વારા સિનિયર સિટિઝનોને નિઃશુલ્ક મુસાફરી પાસ આપવામાં આવે તો તેઓને આર્થિક રાહત મળશે તેમજ સરળ અને સુરક્ષિત રીતે અવરજવર કરી શકશે.

જામનગર જિલ્લા પેન્શનર સમાજે મહાનગરપાલિકાને આ માંગણી અંગે હકારાત્મક નિર્ણય લઈ સિનિયર સિટિઝનોના હિતમાં વહેલી તકે નિઃશુલ્ક મુસાફરી પાસની યોજના અમલમાં મૂકવા વિનંતી કરી હતી. ■

## ચાકુની ધાકે બે સગીર બહેનોનું જાતીય શોષણ કરવા બદલ વૃદ્ધની ધરપકડ

પુણેઃ પિંપરી-ચિંચવડમાં ચાકુની ધાકે બે સગીર બહેનોનું અનેક વાર જાતીય શોષણ કરવા બદલ ૬૧ વર્ષના વૃદ્ધની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીની ઓળખ રમઝાન બાગવાન (૬૧) તરીકે થઇ હતી, જેની સામે ભારતીય ન્યાય સંહિતા, પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ તેમ જ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ધારાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર પીડિત બહેનો અને આરોપી એક જ વિસ્તારમાં રહેતા હોઇ આરોપી મે, ૨૦૨૬થી ૧૦ વર્ષની બાળકી અને તેની ચાર વર્ષની બહેનનું જાતીય શોષણ કરી રહ્યો હતો. બંને બહેનમાંથી એકના પેટમાં દુખાવો ઉપડતાં પરિવારજનોને પૂછપરછ કરી હતી, જેમાં આ ઘટના પ્રકાશમાં આવી હતી. (પીટીઆઇ)

## કોલ્હાપુરમાં મહિલા પાર્ટનરની હત્યાઃ શબ લઈ ભિવંડી પહોંચેલો આરોપી પકડાયો

થાણેઃ અફેરની શંકા પરથી મહિલા પાર્ટનરની ગળું દબાવીને કથિત હત્યા કરનારો આરોપી શબ લઈને કોલ્હાપુરથી છેક ૩૫૦ કિલોમીટર દૂર થાણે જિલ્લાના ભિવંડી સુધી આવ્યો હતો. પોલીસે કારને આંતરી આરોપી સાથે શબને તાબામાં લીધું હતું.

નારપોલી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર વિજય કાબદાનેએ જણાવ્યું હતું કે આરોપીની ઓળખ પ્રકાશ આનંદ પાટીલ (૪૦) તરીકે થઈ હતી. કોલ્હાપુર જિલ્લાના શિરગાંવના વતની પાટીલને એ જ ગામમાં રહેતી વિધવા સુરેખા શિવાજીને આરે (૪૦) સાથે સંબંધ હતા.

પ્રાથમિક તપાસમાં જણાયું હતું કે સુરેખા બીજા યુવાનના સંપર્કમાં હોવાની શંકા પાટીલને હતી. અન્ય યુવાન સાથે અફેરની વાતને લઈ બન્ને વચ્ચે ઝઘડો પણ થયો હતો. (પીટીઆઈ)

## ઘાટકોપરના બિલ્ડરને પચીસ લાખની ખંડણી માટે ધમકીઃ ગૅન્ગસ્ટર ઝુલ્ફીકાર સહિત ૧૨ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિલેપાર્લેમાં ગટર અને ફૂટપાથના બાંધકામનો કોન્ટ્રાક્ટ મેળવનારા ઘાટકોપરના બિલ્ડરને પચીસ લાખ રૂપિયાની ખંડણી માટે ધમકી આપવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે બાન્દ્રાની ફાઈવ સ્ટાર હોટેલમાં છટકું ગોઠવી ખંડણીની રકમ લેવા આવેલા ગૅન્ગસ્ટર ઝુલ્ફીકાર બેહલીમ અને તેના ભાઈ સહિત ૧૨ જણને રંગેહાથ પકડી પાડ્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૯ના ઇન્ચાર્જ ઈન્સ્પેક્ટર સચિન પુરાણિકની ટીમે સોમવારની રાતે બાન્દ્રામાં હોટેલની લૉબીમાં આવેલી કૅફેટેરિયામાં છટકું ગોઠવ્યું હતું. કૅફેટેરિયામાં ઝુલ્ફીકાર બેહલીમ અને ગુનેગારીમાં સંડોવાયેલો તેનો ભાઈ મોહસીન બેહલીમ ટોળકી સાથે આવ્યા હતા.

બિલ્ડર પાસેથી ખંડણીની રકમ સ્વીકારનારા ગૅન્ગસ્ટર અને તેની ટોળકીને પોલીસે ઘેરી લીધી હતી.

પકડાયેલા આરોપીમાં બેહલીમ ભાઈઓ અને અજય યાદવ, અનવર ફારુકી, રિયાઝ શેખ, મોહમ્મદ આસીફ ખાન, મોહમ્મદ કલીમ સૈયદ સહિત ૧૨ આરોપીનો સમાવેશ થાય છે. કોર્ટે આરોપીઓને ૩૧ જુલાઈ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. આરોપીઓની વધુ તપાસ ક્રાઈમ બ્રાન્ચ કરી રહી છે.

ક્રાઈમ બ્રાન્ચના અધિકારીએ જણાવ્યું હતું કે આ મામલે આરોપીઓ પકડાયા બાદ બાન્દ્રા પોલીસ સ્ટેશનમાં સોમવારની મધરાતે ગુનો નોંધવામાં આવ્યો હતો. ગૅન્ગસ્ટર ઝુલ્ફીકારની અગાઉ મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઑફ ઑર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ઍક્ટ (એમસીઓસીએ) હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. એ કેસમાં તે જામીન પર છૂટ્યો હતો.

ફરિયાદીને વિલેપાર્લેમાં બાંધકામનો મ્હાડાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. એ કામ માટે પોતે પણ ટેન્ડર ભર્યા હોવાનો દાવો એક આરોપીએ કર્યો હતો. કોન્ટ્રાક્ટ ન મળતાં આરોપીએ ગૅન્ગસ્ટર ઝુલ્ફીકારના નામની ધમકી આપી પચીસ લાખ રૂપિયાની માગણી કરી હતી. રૂપિયા ન મળે તો 'ગૅમ કરી નાખવાની' ધમકી આપવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

ડરી ગયેલા ફરિયાદીએ બુધવારે ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક સાધ્યો હતો. પોલીસની સૂચના અનુસાર ફરિયાદી ડુપ્લિકેટ નોટો સાથે બાન્દ્રાની હોટેલમાં ગયો હતો.

## નરીમાન પોૅઈન્ટ અને કફ પરેડ વચ્ચે બનશે નવો સી-લિંક બ્રિજ

### એમસીઝેડએમએ તરફથી મળી મંજૂરી

મુંબઈઃ મુંબઈના નરીમાન પોઈન્ટ અને કફ પરેડ વચ્ચે પ્રસ્તાવિત બ્રિજના પ્રોજેક્ટને મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી (એમસીઝેડએમએ) તરફથી મહત્ત્વપૂર્ણ મંજૂરી મળી છે. હવે મુંબઈ મહાનગર પ્રદેશ ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) આ પ્રોજેક્ટને અંતિમ મંજૂરી માટે કેન્દ્રીય પર્યાવરણ ખાતાને મોકલાવશે.

કેન્દ્ર સરકારની મંજૂરી મળ્યા બાદ પ્રોજેક્ટને અમલી બનાવવા માટે કાર્ય શરૂ કરાશે.

નરીમાન પોઈન્ટ, કફ પરેડ અને કોલાબામાં વધતી જતી ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં રાખીને આ બ્રિજનો પ્રોજેક્ટ તૈયાર કરાયો છે. પ્રસ્તાવિત બ્રિજના નિર્માણથી મંત્રાલય વિસ્તાર અને કેપ્ટન પ્રકાશ પેઠે માર્ગ પર ટ્રાફિકનો ભાર ઘટાડવામાં મદદ મળશે. બ્રિજ શરૂ થયા બાદ નરીમાન પોઈન્ટથી કોલાબા અને કફ પરેડ સુધીનો પ્રવાસ માત્ર પાંચ મિનિટમાં પૂર્ણ થઈ શકશે તેવી અપેક્ષા છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય દક્ષિણ મુંબઈમાં ઝડપી અને સરળ કનેક્ટિવિટી પૂરી પાડવાનો છે.

આ દરિયાઈ લિંકનો પ્રસ્તાવ અગાઉ 'કોમ્પ્રિહેન્સિવ ટ્રાન્સપોર્ટ સ્ટડી-૧' રિપોર્ટમાં કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રેટર મુંબઈ વિસ્તારમાં ભવિષ્યમાં વધનારી ટ્રાફિક સમસ્યાનો ઉકેલ લાવવાનો હતો. જોકે, અગાઉ નરીમાન પોઈન્ટ રીડેવલપમેન્ટ પ્રોજેક્ટની સાથે આ પ્રકલ્પ પણ રદ કરવામાં આવ્યો હતો. પરિણામે નરીમાન પોઈન્ટ, કફ પરેડ અને કોલાબા વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા યથાવત રહી હતી. વર્ષ ૨૦૨૧માં એમએમઆરડીએએ પ્રોજેક્ટને ફરી આગળ વધારવા માટે તેની યોજના અને ડિઝાઈનને અંતિમ સ્વરૂપ આપવાની પ્રક્રિયા શરૂ કરી હતી. દરિયાકિનારાની સમાંતર બ્રિજ બનાવવાને બદલે દરિયામાંથી માર્ગ કાઢીને નરીમાન પોઈન્ટ અને કફ પરેડને જોડવાનો નિર્ણય લીધો હતો. હાલની યોજના મુજબ, નરીમાન પોઈન્ટ અને કફ પરેડ વચ્ચે આશરે ૧.૮૭ કિલોમીટર લાંબો બ્રિજ બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ ૪૦૦ કરોડ રૂપિયા હોવાનું જણાવાયું છે.

પ્રસ્તાવિત બ્રિજ દક્ષિણ મુંબઈમાં એનસીપીએ નજીકથી શરૂ થઈને કેપ્ટન પ્રકાશ પેઠે માર્ગ પર પૂર્ણ થશે. બ્રિજની પહોળાઈ ૧૬થી ૩૬ મીટર વચ્ચે રાખવામાં આવશે, જ્યારે પ્રોજેક્ટ માટે આશરે ૧,૭૬૫ ચોરસ મીટર જમીન સંપાદિત કરવાની યોજના છે. બ્રિજનું નિર્માણ પૂર્ણ થયા બાદ મંત્રાલય અને કફ પરેડ વિસ્તારમાં ટ્રાફિકની ભીડ ઘટાડવામાં મદદ મળશે અને દક્ષિણ મુંબઈના મહત્ત્વપૂર્ણ વિસ્તારો વચ્ચે મુસાફરી વધુ ઝડપી બનશે.

પ્રોજેક્ટ માટે જરૂરી કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સીઆરઝેડ) મંજૂરી મેળવવાની પ્રક્રિયાના ભાગરૂપે એમએમઆરડીએએ થોડા દિવસો પહેલાં એમસીઝેડએમએ સમક્ષ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. એમએમઆરડીએના વરિષ્ઠ અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે એમસીઝેડએમએ તાજેતરમાં આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે.

હવે પ્રસ્તાવ કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયની મંજૂરી માટે મોકલવામાં આવશે. કેન્દ્ર સરકાર તરફથી મંજૂરી મળ્યા બાદ પ્રોજેક્ટના અમલ માટેની આગળની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

## ચાલુ સીઝનનું ચોમાસું રડાવશે

### વરસાદના ચોંકાવનારા આંકડા આવ્યા સામે

મુંબઈઃ જૂન મહિનો અને જુલાઈના પ્રથમ બે અઠવાડિયા સુધી વરસાદ ખેંચાયા બાદ હવે રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદની સારી શરૂઆત થઈ છે. જોકે, વિદર્ભ અને મરાઠવાડામાં વરસાદની અછતને કારણે ખેડૂતોની ચિંતા વધી હતી. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ ઓછો છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં અતિવૃષ્ટિ થઈ છે. હવામાનમાં આવી રહેલા આ બદલાવને કારણે ચિંતામાં વધારો થયો છે.

સામે આવેલા આંકડા મુજબ, ૩ જૂનથી ૨૨ જુલાઈ સુધીના આઠ અઠવાડિયામાં કોંકણ-ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં માત્ર ત્રણ અઠવાડિયા સારો વરસાદ પડ્યો. આ વરસાદને કારણે આ વિસ્તારો સરેરાશ વરસાદની શ્રેણીમાં તો આવી ગયા, પણ વરસાદ એક સરખો પડ્યો નથી. ક્યાંક વધારે તો ક્યાંક ઓછો વરસાદ થવાને કારણે કેટલાક જિલ્લાઓમાં હજુ પણ વરસાદની મોટી અછત છે, જેમાં કોંકણના સિંધુદુર્ગ અને મધ્ય મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાનો સમાવેશ થાય છે.

૧ જૂનથી ૨૭ જુલાઈ સુધીમાં ગોવામાં વરસાદની ૩૫ ટકા, જ્યારે નંદુરબારમાં ૫૬ ટકા અછત નોંધાઈ. મધ્ય મહારાષ્ટ્રમાં સૌથી ઓછો વરસાદ નંદુરબારમાં પડ્યો. બીજી તરફ, મરાઠવાડામાં ત્રણ અઠવાડિયા સરેરાશ વરસાદ નોંધાયો છે, જ્યારે વિદર્ભમાં જૂનના પહેલા અઠવાડિયાથી જ વરસાદ ચાલુ હોવાને કારણે ત્યાં સરેરાશ કે તેનાથી વધુ સારો વરસાદ પડ્યો છે. ૧ જૂનથી ૨૭ જુલાઈ સુધીમાં ગોવા અને સિંધુદુર્ગમાં વરસાદની આશરે ૩૭% ઘટ છે, જ્યારે રત્નાગિરીમાં ૭% ની નજીવી ઘટ છે. તેની સામે મુંબઈમાં સામાન્યથી વધુ અને પાલઘરમાં ૭૮% જેટલો ભારે વરસાદ થયો છે, જ્યારે થાણેમાં ૧૮% વધુ વરસાદ છે. મધ્ય મહારાષ્ટ્રમાં અહલ્યાનગર, ધુળે અને જળગાંવમાં વરસાદની અછત હોવા છતાં તેઓ સરેરાશ શ્રેણીમાં છે, જ્યારે પડોશી નાશિકમાં ૯૭% વધુ વરસાદ પડ્યો છે. જુલાઈ દરમિયાન કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં અઠવાડિયે-અઠવાડિયે વરસાદના પ્રમાણમાં મોટો ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો.

## વિપક્ષોના વિરોધ વચ્ચે સેવનહિલ્સ હૉસ્પિટલ ખાનગી કંપનીને લીઝ પર આપવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ : અંધેરી (પૂર્વ)માં મરોલમાં આવેલી સેવનહિલ્સ હૉસ્પિટલને વિરોધપક્ષના વિરોધ બાદ પણ ખાનગી કંપનીને લીઝ પર આપવાનો પ્રસ્તાવ મંગળવારે મુંબઈ મહાનગરપાલિકાની સુધાર સમિતિમાં સત્તાધારી પક્ષે મંજૂર કર્યો હતો.

શિવસેના-ભાજપની આગેવાની હેઠળ શાસક પક્ષે શિવસેના (યુબીટી) અને કૉંગ્રેસના સભ્યોના ભારે વાંધાઓ છતાં આ પ્રસ્તાવને આગળ ધપાવ્યો હતો. સત્તાધારીએ સેવનહિલ્સને કેમ્પસ કેપ્રી ગ્લોબલ વેન્ચર્સ પ્રાઇવેટ લિમિટેડને સોંપવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. આ પ્રસ્તાવ સૌપ્રથમ મે મહિનામાં સમિતિ સમક્ષ આવ્યો હતો પરંતુ તેને તે સમયે ના મંજૂરી આપવામાં આવી હતી અને ના આ પ્રસ્તાવને નકારી કાઢવામાં આવ્યો હતો. તે સમયે ભારે ચર્ચા બાદ તેને પુનર્વિચારણા માટે પાલિકા પ્રશાસનને પાછો મોકલવામાં આવ્યો હતો.

વિપક્ષી સભ્યોએ ખાનગી ઓપરેટરની જરૂરિયાત અને પ્રસ્તાવની પ્રક્રિયા સામે અગાઉ નોંધાવેલા વિરોધ બાદ મંગળવારની મીટિંગ દરમ્યાન આ જ પ્રસ્તાવ ફરીથી રજૂ કરવામાં આવ્યો હતો. જોકે શિવસેનાના નગરસેવિકા અને સમિતિનાં અધ્યક્ષ સંધ્યા દોશીએ પાલિકા પ્રશાસન દ્વારા કોઈ પણ જવાબ નહીં આવ્યા છતાં આ પ્રસ્તાવ મંજૂર કર્યો હતો અને કહ્યું હતું કે યુબીટીના નગરસેવકોએ આ પ્રસ્તાવનો વિરોધ કરવો ન જોઈએ કારણ કે મૂળ પ્રસ્તાવ પહેલા તેમની હાજરીમાં રજૂ કરવામાં આવ્યો હતો અને પસાર કરવામાં આવ્યો હતો ત્યારે તેઓએ ચૂપ રહેવાનો નિર્ણય લીધો હતો.કૉંગ્રેસના નેતા અશરફ આઝમીએ આરોપ લગાવ્યો હતો કે પ્રસ્તાવને કાયદેસર મંજૂરી મળે તે પહેલાં જ જે કંપની સાથે પાલિકાએ લીઝ કરાર કર્યો છે તે કંપનીએ તે સ્થળે કામ શરૂ કરી દીધું છે. કાયદાકીય સમિતિની મંજૂરી વિના આવાં પગલાંને કેવી રીતે મંજૂરી આપી શકાય?

અંધેરી (પૂર્વ) ના મરોલ ખાતે પાલિકાની માલિકીની લગભગ ૬૬,૬૮૮ ચોરસ મીટર જમીન માટે ૩૦ વર્ષની લીઝની જોગવાઈ છે, જે વધુ ૩૦ વર્ષ સુધી વધારી શકાય છે. જ્યાં હૉસ્પિટલ આવેલી છે તે વિસ્તારના શિવસેના (યુબીટી)ના નગરસેવક સચિન પડવાલે જણાવ્યું હતું કે અંધેરી અને મરોલના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ હૉસ્પિટલને ખાનગી સંસ્થાને સોંપવાને બદલે પાલિકા પ્રશાસન પોતે જ ચલાવે એવી સતત માગણી કરી રહ્યા હતા. કોઈ ખાનગી હૉસ્પિટલ સામાન્ય લોકો માટે બેડ અનામત રાખતી નથી. પ્રશાસન પાસે આવી સુવિધા બનાવવા અને ચલાવવા માટે પૂરતું ભંડોળ છે. ખાસ કરીને જ્યારે તે મોટા માળખાકીય પ્રોજેક્ટ પર હજારો કરોડ રૂપિયા ખર્ચ કરી રહી છે.

શિવસેના (યુબીટી)ના નગરસેવિકા વિશાખા રાઉતે પણ આ પગલાંનો વિરોધ કરતાં દલીલ કરી હતી કે પાલિકા પાસે હૉસ્પિટલ ચલાવવા માટે પૂરતા નાણાકીય સંસાધનો છે. આરોગ્ય વિભાગ પાસે મોટું બજેટ છે, તો પછી ખાનગી પક્ષને શા માટે સામેલ કરવો? સેવનહિલ્સે કોવિડ રોગચાળા દરમિયાન દર્દીઓની સારવાર કરીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી અને પાલિકાએ તેને ખૂબ સારી રીતે ચલાવી હતી.

પાલિકાના અધિકારીઓએ કહ્યું હતું કે લાંબા સમયથી બંધ પડેલી મેગા હૉસ્પિટલને ફરીથી કાર્યરત કરીને મુંબઈના જાહેર આરોગ્યસંભાળ માળખામાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે. સેવનહિલ્સ હૉસ્પિટલના પીપીપી મૉડેલ હેઠળ પાલિકાના દર્દીઓ માટે સબસિડીવાળી સારવારના ક્વોટાને જાળવી રાખવામાં આવશે. મંજૂર કરાયેલ રિઝોલ્યુશન પ્લાન હેઠળ સેવનહિલ્સ હોસ્પિટલને ૧,૫૦૦ બેડવાળી બિન-લાભકારી થર્ડ પાર્ટી કેર હૉસ્પિટલ તરીકે પુનઃવિકાસ કરવામાં આવશે. નવા પ્રમોટરે મૂળ ૨૦૦૫ના કરાર અને ૨૦૧૩ના સમજૂતી કરારની શરતોનું પાલન કરવા સંમતિ આપી છે, જેમાં ૨૦ ટકા ઓપરેશનલ બેડ - ૩૦૦ બેડ અને ૨૦ ટકા પાલિકાના દર્દી માટે ઓપીડી સર્વિસ માટે અનામત રાખવાનો સમાવેશ થાય છે, જેમાં સારવાર, દવાઓ અને ડાયગ્નોસ્ટિક પરીક્ષણો પાલિકાના દરે પૂરા પાડવામાં આવશે.

## સરકાર આપશે વિદ્યાર્થીઓને વાર્ષિક ૬૦૦૦ રૂપિયાની આર્થિક સહાય

મુંબઈઃ સમગ્ર શિક્ષા અભિયાન હેઠળ રાજ્ય સરકાર દ્વારા ૨૦૨૬-૨૭ના શૈક્ષણિક વર્ષમાં રાજ્યના ૨૪,૮૨૫ પાત્ર વિદ્યાર્થીઓને મફત પરિવહન સુવિધા આપવામાં આવશે. જે વિસ્તારોમાં સરકારી અથવા એસટી બસની સુવિધા ઉપલબ્ધ નથી, ત્યાંથી વિદ્યાર્થીઓને શાળા સુધી પહોંચાડવા માટે ખાનગી વાહનોની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

આ યોજના હેઠળ પાત્ર વિદ્યાર્થીઓને દર વર્ષે રૂ. ૬,૦૦૦ સુધીની નાણાકીય સહાય પણ આપવામાં આવશે. આ રકમ સીધી વિદ્યાર્થી અથવા તેની માતાના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. શિક્ષણ વિભાગે તમામ જિલ્લાઓને જુલાઈના અંત સુધીમાં પાત્ર વિદ્યાર્થીઓની માહિતી એકત્રિત કરી પ્રસ્તાવ રજૂ કરવા સૂચના આપી છે.

યોજનાનો લાભ મેળવવા માટે વિદ્યાર્થીઓ નિયમિત શિક્ષણ લઈ રહ્યા હોવા જોઈએ અને તેમની ઓછામાં ઓછી ૫૦ ટકા હાજરી ફરજિયાત રહેશે. ખાસ કરીને દૂરના અને ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા એવા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે, જેઓ શાળાના અંતર અથવા પરિવહનની અછતને કારણે શિક્ષણથી વંચિત રહેવાની સ્થિતિમાં છે.આ વિષે માહિતી આપતા શિક્ષણ વિભાગના નાયબ શિક્ષણ નિયામક રાજેશ કંકલે જણાવ્યું હતું કે, તમામ જિલ્લાઓને પાત્ર વિદ્યાર્થીઓને પરિવહન સુવિધા અને નાણાકીય સહાય પૂરી પાડવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

## પાલઘર જિલ્લામાં હળવો ધરતીકંપ

### નાગરિકો ભયભીતઃ ત્રણ દિવસમાં બીજો ધરતીકંપનો આંચકો

મુંબઈ :પાલઘર જિલ્લામાં મંગળવારે બપોરે ૩.૫ ની તીવ્રતાનો ધરતીકંપ આવ્યો હતો.

છેલ્લા ત્રણ દિવસમાં જિલ્લામાં બીજી વખત ધરતીકંપના આંચકા આવતા નાગરિકોમાં ગભરાટ વ્યાપી ગયો હતો.

ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના વડા વિવેકાનંદ કદમે જણાવ્યું હતું કે, તાજેતરની ઘટનામાં કોઈ જાનહાનિ કે મિલકતને નુકસાન થયું નથી. મંગળવારે બપોરના ૧.૦૯ વાગ્યે ધરતીકંપ નોંધાયો હતો, ધરતીકંપનું કેન્દ્ર પાટીલપાડા ગામમાં હતું.અધિકારીના જણાવ્યા મુજબ અસરગ્રસ્ત વિસ્તારમાંથી કોઈ નુકસાન કે જાનહાનિના કોઈ અહેવાલ નથી. ડિઝાસ્ટર મેનેજમેન્ટના કર્મચારીઓ અને મહેસૂલ અધિકારીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

મંગળવારનો ધરતીકંપ પાલઘરમાં છેલ્લા ત્રણ દિવસમાં નોંધાયેલો આ બીજો ધરતીકંપ છે. અગાઉ ૨૫ જુલાઈના ભારે વરસાદ વચ્ચે દહાણુ તાલુકાના ગંજડ વિસ્તારમાં ૩.૧ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.

## પારસી મરણ

તેમીના જમશેદ ઇરાની તે મરહુમ જમશેદ રૂસ્તમ ઇરાનીના ધણીયાની. તે મરહુમ મેહરવાન તથા ખોરશેદ ખુદાવદાના દીકરી. તે રૂસ્તમ ઇરાનીના માતાજી. તે ગોવેરબાનુ ધનજીશા ઇરાનીના બહેન. તે શાહ બેહરામના માસી. (ઉં. વ. ૭૦) રે. ઠે. ૩૪/૩૮, માસ્તર બિલ્ડિંગ, ૩જે માળે, ફોર્ટ, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા.૩૦-૭-૨૬ના સાંજે ૩.૪૦ વાચ્છા અગિયારી કોટમાં છેજી.

હોમી રુસ્તમ બલસારા તે કેતાયુનના ધની. તે મરહુમો દીના રુસ્તમ બલસારાના દીકરા. તે સરોશના પપ્પા. તે શીવાનીના સસરા. તે માહારુખ તથા મરહુમ નોઝરના ભાઇ. તે દારાયસ ના ગ્રેન સન બપાવા. (ઉં. વ. ૭૪) રે. ઠે. ૨-૨ મેહેર હોમ કો. હા. સોસાયટી, સ્ટેશન રોડ, જોગેશ્વરી, મુંબઇ-૪૦૦૧૦૨.

હોમાય જાલ પટેલ તે મરહુમ જાલ માનેકશાહ પટેલના ધણીયાની. તે મરહુમ ધનમાય તથા એરચ દસ્તુરના દીકરી. તે કેશ્મીરા જહાંગીર દુધા તથા એરચના માતાજી. તે જહાંગીર તથા આવાના સાસુ. તે મરહુમ ફિરોજ, ગુલ, એમી, તેહમીના બહેન. તે બીનાયફર મેધોરા તથા આરીસ દુધાના મમઇજી. (ઉં. વ. ૮૭) રે. ઠે. ૧૦૨, ઓરીયન્ટ હાઉસ, પ્લોટ નં.૬૬૬, લેડી જહાંગીર રોડ, પારસી કોલોની, દાદર, મુંબઇ-૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૩૦-૭-૨૬ના ૩.૪૦ સાંજે હોડીવાલા બંગલીમાં છેજી.

બેહરામ કેખશરૂ માસ્તર તે મરહુમ તેનાજ માસ્તરના ધણી. તે મરહુમ કેખશરૂ તથા રોશન માસ્તરના દીકરા. તે શારૂખ તથા ખુશનુમા માસ્તરના પિતાજી. તે નરગીસ માસ્તર તથા રતી ભડકાના ભાઇ. (ઉં. વ. ૮૨) રે. ઠે. ૩૦૩, સીતા કુટીર, જુહુ લેન, ઓફ અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮.ઉઠમણાંની ક્રિયા : તા. ૨૯-૭-૨૬ના દિને બપોરે ૩.૪૫ વાગે ઉપરની ભાભા નં.૨માં ડુંગરવાડી પર.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગરવાળા હાલ મુંબઇ રમેશ નગીનદાસ શાહ (કાંટાવાળા)ના ધર્મપત્ની જાગૃતિબેન (જાસુદબેન) (ઉં. વ. ૮૩) તા. ૨૬-૭-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે ઇપ્સિતના માતુશ્રી. માનસી (માલા)ના સાસુ. અલિષ્કાના દાદી. પ્રવીણભાઇ અને કલ્પના, પ્રતિભાબેન કિશોરભાઇ, રંજનબેન સુકેતુભાઇના ભાભી. પિયર પક્ષે ઘોઘાવાળા સ્વ. રમણિકલાલ છોટાલાલ પારેખના સુપુત્રી. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૩૦-૭-૨૬ના ૪.૩૦થી ૬. ઠે. ભારતીય વિદ્યાભવન-ચોપાટી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભંડારીયા (કામળીયા) નિવાસી હાલ મુલુંડ સ્વ. મોહનલાલ રાયચંદ શાહના સુપુત્ર જયસુખલાલના ધર્મપત્ની અનસુયાબેન (ઉં. વ. ૭૧) તા. ૨૬-૭-૨૬ના સ્વર્ગવાસ થયેલ છે. મયૂરી હિમાંશુ વેજાણી, જીગીશા જિનેશકુમાર શાહ, ધરા કરણકુમાર શાહના માતુશ્રી. રાહિલ, વિહાન, જીયા, દેવમના નાની. ચંદ્રકાન્તભાઇ, કિશોરભાઇ, જયાબેન પુષ્પાબેન, શારદાબેન, ભારતીબેનના ભાભી. પિયરપક્ષે ચુનીલાલ મગનલાલ દોશી (હાલ મહુવા)ની દીકરી. સાદડી તા. ૩૦-૭-૨૬ ગુરુવારના બપોરના ૩થી ૫, તેમના નિવાસસ્થાને રાખેલ છે. ઠે. એ.૩૦૪, મહાવીર ગેલેક્ષી, ગણેશ સોસાયટી, ઓફ જે. એન. રોડ, અપના બજાર પાસે, મુલુંડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી ઝાલાવડી સ્થાનકવાસી જૈન**

બોટાદ (કાનીયાડવાળા) નિવાસી હાલ અંધેરી, જયદીપ મણીલાલ શાહ (ઉં. વ. ૭૬) તા. ૨૬-૭-૨૬ રવિવારના અરિહંતશરણ પામ્યા છે. સ્વ. મણીલાલ છોટાલાલ શાહના સુપુત્ર. કીર્તીદાબેનના પતિ. સ્વ. જગદીશભાઈ, સતીશભાઈ, સ્વ. વર્ષાબેન, નીલાબેનના ભાઇ, સ્વ. વિજિયાબેન ચંપકલાલ શાહના જમાઈ. કુનાલ - મનીષાના પિતા, રિદ્ધિ તથા બીનીત પરીખના સસરા. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા લાયજાના ગીરીશ પોપટલાલ છેડા (ઉં. વ. ૬૭) તા. ૨૬-૭-૨૬ ના અવસાન પામેલ છે. વેજબાઈ પોપટલાલ ના પુત્ર. ગુણવંતીના પતિ. ભાવિની, ચૈતાલી, અવની ના પિતા. વસંતલાલ, દિનેશ, બાડા જ્યાબેન ખુશાલ, વિમળાબેન ગાંગજી ના ભાઈ. ગોધરા નેણબાઈ ઉમરશી સાલિયાના જમાઈ. પ્રા. કરસન લધુ નિસર હોલ, ટા. ૨ થી ૩.૩૦. નિ. ગીરીશ છેડા, ૪૦૯, સાઈધામ સોસા., પરેલ, મુંબઈ.

ગુંદાલાનાં મીનાબેન પ્રેમજી છેડા (ઉં. વ. ૬૮) તા. ૨૫-૦૭-૨૬નાં અવસાન પામ્યા છે. સ્વ. મુરીબાઇ વેલજી મોનાના પૌત્રી. લક્ષ્મીબેન પ્રેમજી વેલજી છેડાના સુપુત્રી. સ્વ. શાંતિલાલ, સ્વ. હેમકુંવર, સ્વ. અમૃતલાલ, સ્વ. કાંતીલાલના બહેન. વડાલાના સ્વ. ભચીબાઇ ખેતશી જીવરાજના દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિ. શકુંતલા છેડા, ૪૬, સક્રિયા મંઝીલ, ડો. મહેશ્વરી રોડ, ડોંગરી, મું. ૯.

ગુંદાલાના વશનજી કુંવરજી સતરા (ઉં. વ. ૮૪) તા. ૨૬-૭-૨૬નાં અરિહંત શરણ પામેલ છે. હીરબાઇ કુંવરજી વીરજીના સુપુત્ર. સ્વ. પુષ્પાના પતિ. મીના, તૃપ્તિ મનીષ, અતુલના પિતાશ્રી. લાખાપર નાનબાઇ રામજી, કુંદરોડી કુંકુબાઇ લાલજી, વડાલા દેમુબાઇ નાનજી, સંસાર પક્ષે લીં.અ.સં.પ.પૂ. કંચનબાઇ મહાસતીના ભાઇ. ભમીબાઇ નાનજી ભુલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. અતુલ વશનજી સતરા, આભાસ કોમ્પ્લેક્ષ, એ/૩૦૨, મહેશ પાર્ક, તુલીંજ રોડ, નાલાસોપારા (ઇ.)

બિદડા (દ.ફ)ના જ્યોતીબેન મુલચંદ ગાલા (ઉં. વ. ૭૩) ૨૬-૭ના અવસાન પામ્યા છે. ગંગાબેન રતનશી મેઘજીના પુત્રવધુ. સ્વ. મુલચંદના પત્ની. દિપેશ, જીજ્ઞા, ભાવના, ભાવિનીના મમ્મી. પત્રી હીરબાઈ દામજી ચુનીલાલ છેડાના સુપુત્રી. નવિન, જીતેન્દ્ર, જગદીશ, અરવિંદ, બેરાજા મધુબાલા અરવિંદ ઠાકરશીના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦. નિ. દિપેશ ગાલા : યમુના કાકડીયા કોલ્હાર ચાલ, રૂમ નં.૨, ભાવ દેવી મંદિરની સામે, કાંદરપાડા, દહીંસર (વે.).

ગોધરાના નવલ કિશોર હરીયા (ઉં. વ. ૬૫) તા. ૨૭-૦૭નાં અવસાન પામેલ છે. મેઘબાઈ જેઠાલાલના પુત્રવધૂ. કિશોરના પત્ની. ભાવિકા, દર્શનના માતા. કેસરબેન નાગજીના પુત્રી. તારાચંદ, મણિલાલ, દામજી, મહેન્દ્ર, મોહન, જવેરચંદ, લક્ષ્મી, સાકરના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. દર્શન હરીયા, ૨૦૪, મોડર્ન એપા નં.૨, ગાર્ડન ગલ્લી, ઘાટકોપર (વે), મુંબઇ- ૮૬.

વડાલાના નાગજીભાઈ નિસર (ઉં. વ. ૯૧) તા. ૨૬-૭-૨૬ ના અવસાન પામેલ છે. વેજબાઇ દેવજી ધરમશીના પુત્ર. સ્વ. તારામતીબેન ના પતિ. કિરણ, જયેશ, વર્ષા, શીલા, શિલ્પા / હીનાના પિતા. માવજી, વસનજી, મુલચંદ, સુર્યકાંત, મણીબેન, ઝવેરબેન, શાંતાબેનના ભાઈ. વડાલાના ગોમીબાઇ ઉમરશીના જમાઇ. પ્રા. શ્રી હાલારી વિશા ઓસવાલ સમાજ, રણજીત સ્ટુડીયોની સામે, દાદર. (ઇ). ટા. ૩.૩૦ થી ૫. નિ. નાગજી નિસર, ભાસ્કર ભુવન, બેસન્ટ સ્ટ્રીટ, સાંતાક્રુઝ (વે), મું. ૫૪.

કોટડી મહાદેવપુરીના ચંપકલાલ દેવરાજ પાસડ (ઉં.વ. ૭૩) તા. ૨૬-૭-૨૬ અવસાન પામ્યા છે. ગંગાબાઈ દેવરાજના સુપુત્ર. હંસાબેનના પતિ. જીજ્ઞા, ભાવિની, દિપાના પિતાશ્રી. ગઢશીશાના ખેતબાઈ ખેરાજ મુરજી, દેવપુર મુલબાઈ હેમરાજ દેવજી, લક્ષ્મીબેન દેવરાજ મેઘજીના ભાઈ. નવાવાસના સોનબાઈ વસનજી વોરાના જમાઈ. પ્રાર્થના : હિંગવાલા મોટો ઉપાશ્રય હિંગવાલા લેન, ઘાટકોપર (ઈસ્ટ). ટા. ૪ થી ૫.૩૦. નિ. ચંપકલાલ પાસડ : ૧૧૦૪, રાજશ્રી ૪૩ ઈસ્ટ, બિ.ન. ૪૩, પંતનગર, ઘાટકોપર (ઇ) મું. ૭૫.

**ઝાલાવાડી વિશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ કાંદિવલી ઈસ્ટ, સ્વાતિબેન બિપીનભાઈ ધીરજલાલ શાહ (ઉં. વ. ૬૫) શનિવાર, તા. ૨૫-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ઉમંગના માતુશ્રી. હેનલના સાસુ. સ્વ. સુશીલાબેન જયંતીલાલ તુરખિયાના સુપુત્રી. નવીનભાઈ, શૈલેશભાઈ, સ્વ. સ્નેહલતાબેન કિર્તીકુમાર, સ્વ. કિનાબેન રાજેશભાઈ, કનકલતાબેન ભરતભાઈના બહેન. પરમ પૂજ્ય કરુણાબાઈ, રેખાબાઈ, ધર્મિષ્ઠાબાઈ, સિદ્ધિબાઇ મહાસતીજી, ઉષાબેન વિનોદભાઈ, સ્વ. સુરેખાબેન રમેશભાઈ, વર્ષાબેન કીર્તિભાઇના ભાભી. લૌકિક વ્યવહાર તેમજ સાદડીની પ્રથા સદંતર બંધ રાખવામાં આવેલ છે.

**ઝાલાવાડી વિશા દેરાવાસી જૈન**

બોટાદ નિવાસી હાલ વાશી નવીમુંબઈ, સૂર્યકાન્ત કસ્તુરચંદ દેસાઈ (ઉં. વ. ૯૦) ૨૫/૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.મંજુલાબેનના પતિ. પરેશ તથા રેનાના પિતા. કિરણબેન તથા ભાવેશકુમારના સસરા. લીંબડી નિવાસી સ્વ. લહેરચંદ શિવલાલ શાહના જમાઈ, નેહા, કેવલ, દેવના દાદા. બંને પક્ષની લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બગસરા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. ચંપાબેન ખુશાલદાસ મોદીના જયેષ્ઠપુત્ર વિજયભાઈ (ઉં. વ. ૬૮) તા. ૨૬-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે પારૂલબેનના પતિ. કીરણભાઇ, શોભનાબેન, મનીષાબેન, દીપ્તિબેનના ભાઈ. પવનાબેનના જેઠશ્રી. ભવ્ય તથા ખુશીનાં પપ્પા. કમળાબેન રસિકલાલ પીપરીયાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૩૦-૦૭-૨૬ ગુરુવારના સવારે ૧૦ થી ૧૨. આનંદમંગલ હોલ, બીજો માળ, હિંગવાલા ઉપાશ્રય, ઘાટકોપર. ચક્ષુદાન કરેલ છે.

**દશા શ્રીમાળી ઝાલાવાડી (દિગમ્બર) જૈન**

બોટાદના ખસ નિવાસી હાલ સી. પી. ટેન્ક મુંબઈ, અ.સૌ. અનોખી કરણ ખંધાર (ઉં. વ. ૨૮) રવિવાર તા. ૨૬/૦૭/૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. કરણના ધર્મપત્ની, અ.સૌ. ગીતાબેન પ્રકાશચંદ્રના પૌત્રવધૂ, અ.સૌ. પીના પારસ ખંધારના પુત્રવધૂ. સુમેર, કેયા, ધૈર્યકુમાર ખંધાર સંગોઈના ભાભી. પિતૃપક્ષે મીના વિશ્રૂત ઝવેરીની દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવારના ૩૦/૦૭/૨૦૨૬ના સાંજે ૪ થી ૬. સ્થળઃ ૨૩૦૩/૨૩૦૪ શ્રીપતિ જ્વેલ્સ, જી વિંગ મોરારબાગની સામે, સી પી ટેન્ક મું.૪

## હિન્દુ મરણ

સ્વ. હંસાબેન મનસુખભાઈ કુકડીયા ૨૬-૦૭-૨૬ને રવિવારે અવસાન થયેલું છે. બેસણું તા. ૩૦-૭-૨૬ને ગુરુવાર સ્થળઃ અંવતીબાઈ લોધી કોમ્પ્યુનીટી હોલ, ભક્તીનગર, સમય સાંજે ૪:૦૦ થી ૬:૦૦.

**કોળી પટેલ**

ગામ કોથા હાલ અંધેરી સ્વ. બલ્લુભાઈ બાબુભાઈ પટેલના ધર્મપત્ની સરોજબેન (ઉં.વ. ૬૬)નું રવિવાર, તા. ૨૬-૭-૨૬ના અવસાન થયું છે. તે હિતેશ, પ્રજ્ઞેશની મમ્મી. મનીષા, નિકીતાના સાસુ. સ્વ. રમેશભાઈ, રવિશંકરભાઈ, સુમનભાઈ, પ્રવિણભાઈ, નરેન્દ્રભાઈ (રાજુ), ગં. સ્વ. રમીલાબેન, મીનાબેન, સુશીલાબેન, કલાવતીબેનના ભાભી. સ્વ. રમીલાબેન, ઉષાબેન, સ્વાતીબેન, હેમાંગીનીબેન. રેખાબેનના જેઠાણી. જયશ્રીબેન, મિનાક્ષીબેન, સ્વ. જયોત્સનાબેન, નયનાબેન, યોગેશભાઈના બહેન. બેસણું ગુરુવાર, તા. ૩૦-૭-૨૬, સમયઃ બપોરે ૪.૦૦ થી ૬.૦૦ ઠે. મુક્તિધામ, જોશી જાગીર હોલ (શાંતિધામ), સહાર રોડ, પારસી વાડા, અંધેરી પૂર્વ. (સાસરુ - પિયરનું સાથે રાખેલ છે.) પુચ્છપાણીઃ ગુરુવાર, તા. ૬-૮-૨૬ના બપોરે ૩ થી ૫. ઠે. સિદ્ધિસાઈ પ્રસાદ બિલ્ડીંગ, 'બી' વિંગ, રૂમ નં. ૭૦૪, સાઈવાડી, તેલી ગલ્લી, અંધેરી પૂર્વ.

**ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ**

સ્વ. રમણીકલાલ હરિલાલ જોશી (કર્મયોગ) ના મોટા પુત્ર સ્વ. મુકેશભાઈ રમણીકલાલ જોશી, દિનેશભાઈના મોટા ભાઈ તેમજ શોભનાબેન પી. દવે અને સ્વ. મંજુબેન એમ. ઠાકરના નાનાભાઈ. અક્ષય તથા દેવાંગીના પિતાશ્રી. રિદ્ધિબેન તથા પૂર્ણેન્દુના સસરાશ્રી, સ્વ. ભાનુશંકર બી. વ્યાસ (માંડવી) ના જમાઈનું તા. ૨૭/૭/૨૬, સોમવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૩૦/૭/૨૬, ગુરુવારના રોજ ધારેશ્વર મહાદેવ મંદિર, ભક્તિનગર સર્કલ, રાજકોટ ખાતે સાંજે ૫:૦૦ થી ૬:૦૦.

**મોતાળા બ્રાહ્મણ**

અશોક જગમોહન જોશી (ઉં. વ.૮૦) હાલ વિલેપાર્લે તે ખુશ્માબેનના પતિ. સ્વ. રવિન્દ્ર જોશી, સ્વ. શકુંતલા હેમંત દેસાઇ, સ્વ. પુષ્પા નારાયણ અધ્વર્યૂના નાના ભાઇ. સ્વ. ધીરેન શાંતિલાલ પટેલના બનેવી. ફોરમના પિતા. યોગેશ મગનલાલ ઓઝાના સસરા. ઉર્વાના નાના. તા. ૨૫-૭-૨૬ના રોજ શિવલોક પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા મેવાડા**

મુંબઇ નિવાસી સ્વ. સુભદ્રાબેન તથા સ્વ. સન્મુખલાલ મહેતાના પુત્ર યોગેશભાઇ (ઉં. વ. ૮૨) તે સ્વ. ભારતીના પતિ. મિલાનના પિતા. સૌ. હર્ષિકાના સસરા. તે સ્વ. અશોકભાઇ, સ્વ. સુલોચના બેન, સ્વ. રમેશભાઇના ભાઇ. સ્વ. પુષ્પાબેન બળવંતરાય મણીલાલ મહેતાના જમાઇ. તા.૨૭-૭-૨૬ના સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર દશાનીમા વણિક**

પરેશ રસિકલાલ શાહ (ઉં. વ. ૭૬) તા. ૨૬-૭-૨૬ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રસિકલાલ, સ્વ. શાંતાબેનના સુપુત્ર. પન્નાબેનના પતિ. પ્રતિમા-જીતુભાઇ, દીપ્તી-મનોજભાઇના ભાઇ. સ્વ. નિરવ-શિલ્પા, નિમિત-જય, નિકેત-મેઘા, નિકિતા-જનકના મામા. સ્વ. ચંદ્રકાંતાબેન, સ્વ. કાંતિલાલના જમાઇ. સૂર્યબાળાબેન-રમેશચંદ્ર, લતાબેન-અજીતકુમાર, સ્વ. નરેન્દ્રભાઇ-સ્મિતા, પંકજ-રીટાના બનેવી. પ્રાર્થનાસભા ગુરૂવાર, તા. ૩૦-૭-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. વનિતા વિશ્રામ, રિલાયન્સ હોસ્પિટલની બાજુમાં, લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સિહોરવાળા હાલ કાંદીવલી, સ્વ. વિમળાબેન જીવરાજભાઈ સંઘવીના પુત્ર ભરતભાઈ (ઉં. વ. ૭૪) તે સ્વ. આશાબેનના પતિ. ચિરાગ - હેતલના પિતા. સ્વ. વાસંતીબેન હસમુખરાય મહેતા, સ્વ. મહેન્દ્રભાઈ - મધુકાંતાબેન, કિશોરભાઈ - ભાવનાબેન, હર્ષદાબેન જીતેન્દ્રભાઈ કરવત, સ્વ. મનોજભાઈ - રમાબેન સંઘવીના ભાઈ. રાકેશ-અંજલી, બેલા સંજય મહેતા, બીજલ ગૌતમ શાયરના કાકા, પરમ, શુભમના દાદા. તા. ૨૫-૭-૨૬ને શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ગુરૂવાર તા. ૩૦-૭-૨૬ના સાંજે ૫ થી ૭. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એસ વી રોડ, પારેખ લેન કોર્નર કાંદીવલી વેસ્ટ.

**ઘોઘારી દશા દિશાવળ વણિક**

ગામ સનખડા નિવાસી હાલ બોરીવલી, ચંદ્રકાંત ગીરધરલાલ કાનાણી (ઉં. વ. ૯૩) તે સ્વ. જ્યોતિબેનના પતિ. દેવેશ, બીનાના પિતા. બંસરી, વીરેન શાહના સસરા. ધ્રુવ, પાયલના દાદા. સાસરાપક્ષે સ્વ. શાંતિલાલ મોહનલાલ ઘીયાના જમાઈ. ૨૫/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તેમની સાદડી ૩૦/૭/૨૬ના રોજ ૪ થી ૬ ક. ઓરા હોટલ બેન્કવેટ હોલ, ઉપરના માળે, બી/૬ બ્રિન્દાવન એપાર્ટમેન્ટ, લિંકરોડ તથા યોગી નગરના જંકશન બોરીવલી વેસ્ટ.

**વિસા ખડાયતા**

ગામ નડિયાદ હાલ કલ્યાણ, આશ્વિ અક્ષય શાહ (ઉં. વ. ૧૭) તા. ૨૫/૦૭/૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે અક્ષય અને નેહાની દીકરી. સ્વ. ડે.કિરીટભાઈ શાહ અને ગીતાબેન શાહની પૌત્રી, ગોપાલભાઈ અને દીપ્તિબેન શાહની દોહિત્રી, વૈષ્વી શાહની બહેન. પ્રાર્થનાસભા તા. ૩૦/૦૭/૨૬ને ગુરુવારના સાંજે ૫:૦૦ થી ૭:૦૦. જલારામ હૉલ, શ્રી લોહાણા મહાજન વાડીની પાછળ, સરદાર પટેલ માર્ગ, કલ્યાણ(પ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
| --- | --- | --- |

# ઇન્ટરવલ

# ક્રિપ્ટો હવે કરવેરાની જાળમાં સજ્જડ કેદ

**ભારતમાં ક્રિપ્ટોકરન્સી કાનૂની ચલણ નથી, ભારતીય રૂપિયો દેશનો એકમાત્ર કાયદેસર ચલણ છે, પરંતુ સીબીડીટી ડિજિટલ એસેટ્સને ફોર્મલ ટેક્સ કમ્પ્લાયન્સ ઇકોસિસ્ટમમાં આવરી લેવા માગે છે. સાર એટલો જ કે હવે ક્રિપ્ટો ટ્રાન્ઝેકશન પરંપરાગત ટેક્સ ઇન્ફર્મેશન નેટવર્કની બહાર નહીં રહી શકે.**



feedback@bombaysamachar.com

કવર સ્ટોરી

નિલેશ વાઘેલા

ભારતનું ક્રિપ્ટોકરન્સી ઇકોસિસ્ટમ એક નવા તબક્કામાં પ્રવેશી રહ્યું છે. એક એવો તબક્કો જ્યાં અનામી અને અસ્પષ્ટતાનો યુગ સમાપ્ત થશે અને પારદર્શિતા અને નિયમનકારી તપાસનો માર્ગ મોકળો થશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (સીબીડીટી)એ એક માર્ગદર્શિકા જારી કરીને ક્રિપ્ટો ટેક્સ રિપોર્ટિંગ ફરજિયાત બનાવ્યું છે. બોર્ડના નિર્દેશ અનુસાર હવે ક્રિપ્ટો એક્સચેન્જ અને અન્ય મધ્યસ્થીઓએ તેમના પ્લેટફોર્મ પરના તમામ વ્યવહારોની જાણ આવકવેરા વિભાગને કરવી પડશે.

આ પગલું માત્ર એટલે મહત્વપૂર્ણ નથી કે તે ક્રિપ્ટો એસેટ્સ પર નવો વેરો દાખલ કરે છે, પરંતુ એટલે કે તે તેની આસપાસના માહિતી-વિશ્વને વધુ સ્પષ્ટ, પારદર્શક અને મજબૂત બનાવે છે. વર્ષોથી, ડિજિટલ એસેટ્સ નિયમનકારી ગ્રે ઝોનમાં અસ્તિત્વમાં હતી, જે મોટાભાગે પરંપરાગત બૅન્કિંગ અને નાણાકીય રિપોર્ટિંગ સિસ્ટમ્સની બહાર કાર્યરત હતી.

આને કારણે ટેક્સ ઓથોરિટી માટે આ પ્રકારની અથવા આવી શ્રેણીમાં આવતી એસેટ અંગેની માહિતીનો અભાવ સર્જાયો, ખાસ કરીને જ્યારે ક્રિપ્ટો એસેટ્સ સરહદ પાર ટ્રાન્સફર કરી શકાય છે અથવા પરંપરાગત નાણાકીય સંસ્થાઓની બહાર ડિજિટલ વોલેટ દ્વારા જાળવી શકાય છે. આ પરિસ્થિતિમાં તેના પર નિયંત્રણ રાખવું લગભગ અસંભવ બની જાય છે!

સીબીડીટીનું સૂચિત પગલું ક્રિપ્ટો વ્યવહારોને વધુ સંરચિત અને પારદર્શક વૈશ્વિક ટેક્સ રિપોર્ટિંગ માળખામાં લાવીને તે અંતરને પૂર્ણ કરવાનો પ્રયાસ કરે છે. તે ભારતની રિપોર્ટિંગ જરૂરિયાતને ઓર્ગેનાઇઝેશન ફોર ઇકોનોમિક કોઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (ઓઇસીડી)ના ક્રિપ્ટો-એસેટ રિપોર્ટિંગ ફ્રેમવર્ક (સીએઆરએફ) સાથે એકરૂપ બનાવે છે. સીએઆરએફ એક વૈશ્વિક પહેલ છે જે સહભાગી અધિકારક્ષેત્રો વચ્ચે ક્રિપ્ટો વ્યવહારો પર ટેક્સ સંબંધિત માહિતીના સ્વચાલિત વિનિમયને સરળ બનાવવા માટે રચાઇ છે.

ભારત માટે, આ હિલચાલ કરચોરી સામે લડવા અને સરહદ પાર નાણાકીય પારદર્શિતા સુધારવા માટેના તેના વ્યાપક પ્રયાસો સાથે ગાઢ રીતે જોડાયેલી છે. હાલની આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા હેઠળ, ભારત પહેલાથી જ ભારતીય કરદાતાઓને સંડોવતા ઓફશોર નાણાકીય ખાતાઓ અને વ્યવહારો વિશે માહિતી મેળવે છે.

જો કે, ક્રિપ્ટોકરન્સીએ એક અનોખો પડકાર ઉભો કર્યો કારણ કે તેનું માળખું હંમેશા પરંપરાગત નાણાકીય રિપોર્ટિંગ મિકેનિઝમ્સમાં સુસંગત રીતે બંધબેસતું આવતું નથી. ૨૦૨૩માં ભારતની અધ્યક્ષતા દરમિયાન જી-ટ્વેન્ટી દ્વારા સમર્થિત સીઓઆરએફને અપનાવવાનો હેતુ આ છટકબારી દૂર કરવાનો છે. આ ફ્રેમવર્ક હેઠળ માહિતીનું વિનિમય ૨૦૨૭થી શરૂ થવાની અપેક્ષા છે.

નવા માળખાના કેન્દ્રમાં રિપોર્ટિંગ ક્રિપ્ટો-એસેટ સર્વિસ પ્રોવાઇડર્સ (આરસીએએસપી) છે. આમાં ક્રિપ્ટો એક્સચેન્જ અને ચોક્કસ વ્યવસાયોનો સમાવેશ થાય છે, જે ક્રિપ્ટો-એસેટ વ્યવહારોને, મધ્યસ્થી, પ્રતિપક્ષો અથવા ટ્રેડિંગ પ્લેટફોર્મના ઓપરેટર તરીકે સરળ બનાવે છે. તેમની જવાબદારીઓ ફક્ત વ્યવહાર રેકોર્ડ જાળવવાથી આગળ વધશે.

આરસીએએસપી પાસેથી ગ્રાહકની યોગ્ય તપાસ હાથ ધરવાની, તેમના ગ્રાહકોની ટેક્સ રેસીડેન્સી સ્થાપિત કરવાની, નિર્ધારિત કેવાયસી અને કરદાતાની માહિતી એકત્રિત કરવાની, રિપોર્ટ કરી શકાય તેવા વ્યવહારોના રેકોર્ડ જાળવવાની અને ફોર્મ ૧૬૭ સહિત નિર્ધારિત રિપોર્ટિંગ મિકેનિઝમ દ્વારા કર અધિકારીઓને વાર્ષિક માહિતી સબમિટ કરવાની અપેક્ષા રાખવામાં આવશે.

વાસ્તવમાં, ક્રિપ્ટો એક્સચેન્જોને વધુને વધુ બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓ જેવી સ્થિતિમાં મૂકવામાં આવી રહ્યા છે જે પહેલાથી જ આંતરરાષ્ટ્રીય કર પારદર્શિતા ધોરણો હેઠળ કાર્યરત છે. આ પરિવર્તન ક્રિપ્ટો પ્લેટફોર્મ, રોકાણકારો અને કર અધિકારીઓ વચ્ચેના સંબંધમાં મોટો ફેરફાર દર્શાવે છે.

વ્યક્તિગત રોકાણકારો માટે, સંદેશ સીધો છે. ક્રિપ્ટો વ્યવહારોને હવે નાણાકીય રીતે અદ્રશ્ય ગણી શકાય નહીં. નવું રિપોર્ટિંગ માળખું, રોકાણકારો માટે વધારાની ટેક્સ ફાઇલિંગ આવશ્યકતા બનાવતું નથી. જો કે, તે સચોટ કર પાલનનું મહત્વ નોંધપાત્ર રીતે વધારે છે. સરળ ભાષામાં હવે ક્રિપ્ટો ટ્રાન્ઝાકશનમાં છટકી શકાશે નહીં.

રોકાણકારોએ તેમની ક્રિપ્ટો ખરીદી, વેચાણ, ટ્રાન્સફર અને વોલેટ હિલચાલના વિગતવાર રેકોર્ડ જાળવવા જોઇએ. એક્સચેન્જ સ્ટેટમેન્ટ, ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રી અને અન્ય સહાયક દસ્તાવેજો કાળજીપૂર્વક સાચવવા જોઈએ. સૌથી અગત્યનું, આવકવેરા રિટર્નમાં નોંધાયેલી માહિતી ક્રિપ્ટો એક્સચેન્જો અને અન્ય રિપોર્ટિંગ સંસ્થાઓ દ્વારા જાળવવામાં આવેલા રેકોર્ડ સાથે સુસંગત હોવી જોઈએ.

આ ખાસ કરીને મહત્વનું છે કારણ કે કરદાતાના ખુલાસા અને કર સત્તાવાળાઓ પાસે ઉપલબ્ધ વ્યવહાર માહિતી વચ્ચેની વિસંગતતાઓ વધુ તપાસને આકર્ષિત કરી શકે છે. જે રોકાણકારોએ અગાઉ રેકોર્ડ-કીપિંગ માટે સામાન્ય અભિગમ અપનાવ્યો હતો, તેમને હવે તેમની પ્રથાઓનું પુનર્મૂલ્યાંકન કરવાની જરૂર પડી શકે છે.

સીબીડીટી માર્ગદર્શન પાછળનો વ્યાપક સંદેશ એ છે કે ભારતની ક્રિપ્ટો નીતિ ધીમે ધીમે અલગ થવાને બદલે એકીકરણ તરફ આગળ વધી રહી છે. ભારતમાં ક્રિપ્ટોકરન્સી કાનૂની ટેન્ડર નથી, ભારતીય રૂપિયો દેશનો એકમાત્ર કાયદેસર ચલણ છે, પરંતુ ડિજિટલ સંપત્તિઓ વધુને વધુ ફોર્મલ ટેક્સ કમ્પ્લાયન્સ (ઔપચારિક કરવેરા પાલન) ઇકોસિસ્ટમનો ભાગ બની રહી છે.

કાયદેસર રોકાણકારો અને કરવેરાના નિયમનોના પાલન કરનારા વ્યવસાયો માટે, વધુ પારદર્શિતા આખરે ક્ષેત્રમાં વધુ વિશ્વસનીયતા લાવી શકે છે. તે જ સમયે, એક્સચેન્જોને કમ્પ્લાયન્સની હાયર કોસ્ટ સહન કરવી પડશે, જ્યારે રોકાણકારોને રેકોર્ડ જાળવવા અને કરપાત્ર આવક જાહેર કરવામાં વધુ શિસ્તબદ્ધ બનવાની જરૂર પડશે.

ક્રિપ્ટો અર્થતંત્ર વિકેન્દ્રીકરણ પર બનેલ હતું, પરંતુ ભારતમાં તેનું ભવિષ્ય જવાબદારી પર આધારિત રહેવાની શક્યતા છે. સીબીડીટીનું રિપોર્ટિંગ માળખું સંકેત આપે છે કે હવે ક્રિપ્ટો ટ્રાન્ઝાકશન પરંપરાગત ટેક્સ ઇન્ફર્મેશન નેટવર્કની બહાર નહીં રહી શકે. ■

feedback@bombaysamachar.com

પ્રાસંગિક

અમૂલ દવે

## સઉદી-અમેરિકા સિવિલ ન્યુક્લિયર એગ્રીમેન્ટ

# પશ્ચિમ એશિયાનું નવું ભૂ-રાજકીય સમીકરણ



અમેરિકાના ઊર્જા પ્રધાન ક્રિસ રાઈટ અને સઉદી અરબિયાના ઊર્જા પ્રધાન પ્રિન્સ અબ્દુલઅઝીઝ બિન સલમાન

**તાજેતરમાં** યુનાઇટેડ સ્ટેટ્સ અને સઉદી અરેબિયા વચ્ચે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક સિવિલ ન્યુક્લિયર સહયોગ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ ૩૦ વર્ષનો બહુ-અબજ ડૉલરનો કરાર છે, જેને અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની સરકારે એક મોટી કૂટનીતિક જીત તરીકે રજૂ કર્યો છે. આ સમજૂતીથી સઉદી અરેબિયાને તેની નાગરિક ન્યુક્લિયર ઊર્જા ક્ષમતા વિકસાવવામાં વ્યાપક મદદ મળશે, જ્યારે અમેરિકી ઉદ્યોગો અને ટેકનોલોજી ક્ષેત્ર માટે વિશાળ વ્યાપારી તકોના દ્વાર ખુલશે. કરાર પર અમેરિકાના ઊર્જા પ્રધાન ક્રિસ રાઈટ અને સાઉદી એનર્જી મિનિસ્ટર પ્રિન્સ અબ્દુલઅઝીઝ બિન સલમાને હસ્તાક્ષર કર્યા હતા.

આ કરારને વૈશ્વિક કૂટનીતિમાં '123 Agreement' તરીકે ઓળખવામાં આવે છે, જે યુ.એસ. એટોમિક એનર્જી એક્ટ હેઠળ અન્ય દેશો સાથે પરમાણુ ઊર્જા સહયોગ માટે નિર્ધારિત વૈધાનિક માળખું છે. અમેરિકી અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ માળખા હેઠળ સઉદી અરેબિયાને ભવિષ્યમાં પોતાના ન્યુક્લિયર રિએક્ટર્સ માટે યુરેનિયમ સમૃદ્ધીકરણની તક મળી શકે છે, પરંતુ તે પ્રક્રિયા સંપૂર્ણપણે અમેરિકી કંપનીઓ અને આંતરરાષ્ટ્રીય ધોરણોની કડક દેખરેખ હેઠળ રહેશે.

આ મલ્ટિ-બિલિયન ડૉલર કરાર પાછળ અમેરિકાનો મુખ્ય વ્યૂહાત્મક હેતુ સઉદી અરેબિયાને ચીન અને રશિયાના વધી રહેલા પ્રભાવ હેઠળ જતા અટકાવવાનો છે. છેલ્લા કેટલાંક વર્ષોમાં સઉદી અરેબિયાએ ચીન સાથે આર્થિક અને તકનીકી સંબંધો ગાઢ બનાવ્યા છે તથા 'ઓપેક' અને અન્ય ઊર્જા મુદ્દાઓ પર રશિયા સાથે પણ સહયોગ વધાર્યો હતો. જો આ કરાર અમલમાં ન આવ્યો હોત તો સઉદી અરેબિયા રશિયાની રોસાટોમ (Rosatom) અથવા ચીનની ન્યુક્લિયર કંપનીઓ સાથે ભાગીદારી તરફ આગળ વધી શકત. અમેરિકા ઇચ્છે છે કે સઉદી તેનો પરમાણુ કાર્યક્રમ અમેરિકી તકનીક અને 'વેસ્ટિંગહાઉસ' (Westinghouse) જેવી અગ્રણી અમેરિકી કંપનીઓની મદદથી જ સ્થાપિત કરે, જેથી આ ક્ષેત્રમાંથી રશિયા અને ચીનનો પ્રવેશ સંપૂર્ણપણે રોકી શકાય. વધારામાં, આ મોટા પ્રોજેક્ટથી અમેરિકી અર્થતંત્રને નોંધપાત્ર આર્થિક લાભ થશે અને હજારો ઉચ્ચ-કુશળ નોકરીઓનું સર્જન થશે.

કરારના મૂળ દસ્તાવેજમાં અબ્રાહમ એકોર્ડ્સ (ઇઝરાયેલ સાથેના સંબંધોનું સામાન્યીકરણ)નો કોઈ સીધો કે પ્રત્યક્ષ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, પરંતુ હસ્તાક્ષર કર્યાના બીજા જ દિવસે ટ્રમ્પે જાહેરમાં સ્પષ્ટ કર્યું હતું કે આ ન્યુક્લિયર સહયોગ પ્રક્રિયા સઉદી અરેબિયાના અબ્રાહમ એકોર્ડ્સમાં જોડાવા સાથે ગાઢ રીતે જોડાયેલી છે. તેમણે ટિપ્પણી કરી હતી કે આ સિવિલ ન્યુક્લિયર ડિલના સંપૂર્ણ અમલીકરણ માટે સઉદી અરેબિયાએ ઇઝરાયેલ સાથે રાજદ્વારી સંબંધો સામાન્ય બનાવવાની દિશામાં આગળ વધવું પડશે. આ નિવેદને મોટો રાજકીય વિવાદ ઊભો કર્યો છે, કારણ કે સઉદી અરેબિયાએ આ અગાઉ સ્પષ્ટ શરત મૂકી હતી કે પેલેસ્ટાઇન રાજ્યની સ્થાપના માટેનો નક્કર માર્ગ નક્કી થયા વિના ઇઝરાયલ સાથે સંબંધો સામાન્ય બનાવવામાં નહીં આવે.

આમેય પશ્ચિમ એશિયા (મધ્ય પૂર્વ)માં ન્યુક્લિયર અને સૈન્ય સંતુલન હંમેશાં અત્યંત સંવેદનશીલ વિષય રહ્યો છે. આંતરરાષ્ટ્રીય વિશ્લેષકો અને સંરક્ષણ નિષ્ણાતોના અંદાજ મુજબ, ઇઝરાયલ પાસે બિનસત્તાવાર રીતે ૮૦થી ૪૦૦ જેટલા ન્યુક્લિયર વોરહેડ્સ છે, જોકે ઇઝરાયલે પોતે ક્યારેય પોતાના ન્યુક્લિયર કાર્યક્રમની સત્તાવાર પુષ્ટિ કે ઇનકાર કર્યો નથી. બીજી તરફ, ઈરાન વર્ષોથી પોતાનો અણુ કાર્યક્રમ વિકસાવી રહ્યું છે અને ઉચ્ચ સ્તરના યુરેનિયમ સમૃદ્ધીકરણમાં મોટી સફળતા મેળવી ચૂક્યું છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે આ કરારથી પશ્ચિમ એશિયાનું ભૂ-રાજકીય સમીકરણ ઝડપથી બદલાવાની શક્યતા છે. સઉદી અરેબિયા તેના 'વિઝન ૨૦૩૦' હેઠળ ઊર્જા ક્ષેત્રે વૈવિધ્યીકરણ લાવવા માંગે છે અને તેલની નિકાસ પરની તેની નિર્ભરતા ઘટાડવા માગે છે. અમેરિકા માટે આ પગલું મધ્ય પૂર્વમાં ચીન અને રશિયાના વધતા જતા રાજદ્વારી અને આર્થિક પ્રભાવને માત આપવાની શ્રેષ્ઠ તક છે. જોકે, આ કરાર અંગે ઈરાન, ઇઝરાયલ અને અન્ય પ્રાદેશિક દેશોની સત્તાવાર અને રાજદ્વારી પ્રતિક્રિયાઓ આવનારા સમયમાં આ પ્રદેશની સ્થિરતા નક્કી કરવામાં અત્યંત મહત્ત્વપૂર્ણ રહેશે.

છેવટે, આ કરારને પૂર્ણપણે અમલમાં મૂકતા પહેલાં અમેરિકી કૉંગ્રેસ (સંસદ)ની સમીક્ષા અને મંજૂરી પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. જો યુ.એસ. કૉંગ્રેસ આ કરારને લીલી ઝંડી આપે છે, તો તે મધ્ય પૂર્વમાં ન્યુક્લિયર ટેકનોલોજીના વિસ્તાર અને ઉપયોગની એક નવી સદીનો પ્રારંભ કરશે. ડોનલ્ડ ટ્રમ્પ અને તેમના ટેકાદારોના મતે આ કરાર પશ્ચિમ એશિયામાં શાંતિ, સુરક્ષા અને મોટા બિઝનેસને પ્રોત્સાહન આપશે; જ્યારે બીજી તરફ વિવેચકો અને વિરોધીઓ તેને પ્રદેશમાં નવી રાજકીય અસ્થિરતા અને સંઘર્ષનું કારણ ગણાવી રહ્યા છે. ■

# તેલગી નકલી સ્ટેમ્પ કૌભાંડ: કોઈ બોધપાઠ શીખ્યું નથી

આ તો સ્કેમ છે...

સ્કેમ છે..!

પ્રફુલ શાહ

feedback@bombaysamachar.com

નકલી સ્ટેમ્પ પેપર કૌભાંડ પાછળના મુખ્ય ભેજું એવો અબ્દુલ કરીમ તેલગી સહિત ઘણાને તકસીરવાર ઠેરવીને કાયદા અને ન્યાય વ્યવસ્થાએ સજા અને દંડ કર્યા હતા. આ સ્કેમ અનેક દૃષ્ટિકોણથી અતિશય મુશ્કેલ અને ખૂબ અનોખું હતું.

આ સમગ્ર ગોટાળાની મોડસ ઓપરેન્ડી અને એના મુખ્ય પાત્ર તેલગી માટે લાંબો સમય લોકોને કુતૂહલ રહ્યું. એટલે તો ન્યાયિક ખટલો પૂરો થવા અને મેઇન ગુનેગારના જેલમાં મોત બાદ પણ લોકોની દિલચસ્પી જરાકેય ઓછી ન થઇ, બલ્કે વધતી રહી. આ કારણસર અબ્દુલ કરીમ તેલગી પર પુસ્તક લખાયું, ફિલ્મો બની, સાથોસાથ ડોક્યુમેન્ટરી શ્રેણી અને વેબ સિરીઝ પણ.

નકલી સ્ટેમ્પ પેપર કૌભાંડ અને અબ્દુલ કરીમ તેલગીના ચિત્રણમાં ૨૦૨૩માં આવેલી 'સ્કેમ ૨૦૦૩: ધ તેલગી સ્ટોરી' સૌથી લોકપ્રિય નિવડી. નવી પેઢીને તેલગી અને તેમના કૌભાંડ વિશે ફરીથી જાણવાની તક મળી. આ સિરીઝે અસરકારક રીતે બતાવ્યું કે કેવી રીતે એક સામાન્ય માણસે સમગ્ર સિસ્ટમની ખામીઓનો લાભ લઈને વિશાળ ગેરકાયદે સામ્રાજ્ય ઊભું કર્યું હતું. આ વેબ સિરીઝ સાથે નામાંકિત ફિલ્મ સર્જક હંસલ મહેતાનું નામ સંકળાયેલું હતું એ પણ મોટું આકર્ષણ હતું. આનું દિગ્દર્શન તુષાર હિરાનંદાનીએ કર્યું હતું અને નિર્માતા નામાંકિત નિર્માણ સંસ્થા નિર્માણ એપ્લોઝ એન્ટરટેઇનમેન્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. આમાં તેલગીનો ટાઇટલ રોલ ગગન દેવ રિયારે ભજવ્યો હતો. આ વેબ સિરીઝ પત્રકાર સંજય સિંહના પુસ્તક 'તેલગી સ્કેમ: રીપોર્ટર'સ કઈ ડાયરી' પર આધારિત હતી.

૨૦૨૦માં 'સ્ટેમ્પ પેપર' નામની હિન્દી વેબ સિરીઝ બની, જે ઉલ્લુ એપ દ્વારા રજૂ કરવામાં આવી હતી. સ્ટેમ્પ કૌભાંડ પર આધારિત આ સિરીઝમાં જાણીતા અભિનેતા રોહિત રોયે તેલગીની ભૂમિકા ભજવી હતી.

૨૦૦૯માં રીલિઝ થયેલી 'મુદ્રાંક: ધ સ્ટેમ્પ' હિન્દી ભાષાની થ્રિલર ફિલ્મ હતી, જેનું દિગ્દર્શન શાકિર શેખે કર્યું હતું. સ્ટેમ્પ પેપર કૌભાંડ પર આધારિત આ ફિલ્મમાં કૈલાશ માનવ નામના કલાકારે અબ્દુલ કરીમ તેલગીનો રોલ ભજવ્યો હતો. આ ફિલ્મમાં મિલિંદ ગુણાજી, નિર્મલ પાંડે અને રાખી સાવંત જેવા કલાકારો હતા પણ આ ફિલ્મ પ્રેક્ષકો કે વિવેચકોના મન જીતી શકી નહોતી. આની એક ખાસિયત હતી કે આમાં તેલગી કાંડની પુણેના બુંદ નગર પોલીસ સ્ટેશન દ્વારા કરાયેલી તપાસ પર ફોકસ કરાયું હતું.



અબ્દુલ કરીમ તેલગી

આ ઉપરાંત 'મની માફિયા' નામક ડોક્યુમેન્ટરી સિરીઝનો પ્રથમ એપિસોડ તેલગીના બનાવટી સ્ટેમ્પ પેપર કૌભાંડ વિશે હતો. આ ડોક્યુમેન્ટરી શ્રેણીમાં ભારતમાં થયેલાં આઠ કૌભાંડોને વિગતવાર આવરી લેવાયાં હતાં.

ખરા અર્થમાં તેલગીની કથા માત્ર એક ગુનેગારની વાર્તા નથી. સામાજિક, આર્થિક અને નૈતિક દૃષ્ટિએ તેનું કૌભાંડ ભારતના ઇતિહાસના સૌથી મોટા આર્થિક ગુનાઓમાંનું એક છે. જ્યારે વ્યક્તિગત લાલચને ભ્રષ્ટ તંત્રનો સાથ મળે, ત્યારે આખી વ્યવસ્થા ભયંકર જોખમમાં આવી શકે છે. આવી ઘટનાઓથી સામાન્ય નાગરિકના સરકાર અને કાયદાકીય વ્યવસ્થા પરના વિશ્વાસને ઘસારો પહોંચે છે. સમાજમાં ખોટો સંદેશ જાય છે કે પૈસા અને સત્તાના બળે લાંબા સમય સુધી કાયદાથી બચી શકાય છે.

આ ઘટનાએ ફરી બતાવ્યું કે ગુનાખોરી વ્યક્તિગત નહીં, પરંતુ સંગઠિત સ્વરૂપ પણ ધારણ કરી શકે છે. જરા વિચારો કે તેલગીએ પોતાના અનોખા બુદ્ધિ, આયોજન અને વ્યવસ્થાપન કૌશલ્યનો ઉપયોગ સમાજહિતને માટે કર્યો હોત તો? પણ પ્રતિભા જ્યારે નૈતિકતા વિના હોય ત્યારે તે વહેલા મોડું અવશ્ય વિનાશનું કારણ બને, બને ને બને જ છે.

તેલગી કૌભાંડ ભારત માટે એક મોટો પાઠ બની શક્યું હોત કે માત્ર કડક કાયદા પૂરતા નથી; પારદર્શિતા, ટેક્નોલોજી, જવાબદારી અને નૈતિક મૂલ્યોનું પાલન પણ એટલું જ અનિવાર્ય છે. ચોક્કસપણે સ્ટેમ્પ પેપર કૌભાંડના બોધપાઠ કોઇ શીખ્યું નથી. એના પુરાવા શોધવા કે આપવાની જરૂર નથી. મગજ અને આંખ ખુલ્લા રાખો તો પોતમેળે ગંદવાડ ને ભ્રષ્ટાચાર દેખાશો.

(સંપૂર્ણ) ■



# હરિશંકર પરસાઈની વ્યંગ-મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

## સદાચારનું તાવીજ




એક રાજ્યમાં હોબાળો મચ્યો કે ભ્રષ્ટાચાર બહુ વધી ગયો છે. રાજાએ એક દિવસ દરબારીઓને કહ્યું, 'પ્રજા બહુ હોબાળો મચાવી રહી છે કે બધે ભ્રષ્ટાચાર ફેલાયેલો છે. આપણને તો આજ સુધી ક્યાંય દેખાયો નથી. તમને લોકોને ક્યાંય દેખાયો હોય તો કહો.'

દરબારીઓએ કહ્યું, 'જ્યારે હજૂરને નથી દેખાયો તો અમને કેવી રીતે દેખાઈ શકે?'

રાજાએ કહ્યું, 'ના, એવું નથી. ક્યારેક ક્યારેક જે મને નથી દેખાતું, તે તમને દેખાતું હશે. જેમ કે મને ખરાબ સપનાં ક્યારેય નથી આવતાં, પણ તમને તો આવતાં હશે.'

દરબારીઓએ કહ્યું, 'જી, આવે છે. પણ એ તો સપનાની વાત છે.'

રાજાએ કહ્યું, 'છતાંય તમે લોકો આખા રાજ્યમાં શોધીને જુઓ કે ક્યાંય ભ્રષ્ટાચાર તો નથી ને? જો ક્યાંય મળી જાય તો અમને બતાવવા માટે નમૂનો લેતા આવજો. અમે પણ તો જોઈએ કે એ કેવો હોય છે!'

એક દરબારીએ કહ્યું, 'હજૂર, એમ નહીં દેખાય. સાંભળ્યું છે કે એ બહુ બારીક હોય છે. અમારી આંખો આપની ભવ્યતા જોવા માટે એટલી ટેવાયેલી છે કે અમને બારીક વસ્તુ નથી દેખાતી. અમને ભ્રષ્ટાચાર દેખાય તોપણ એમાં અમને આપનું જ રૂપ દેખાશે, કારણ કે અમારી આંખોમાં તો આપનું જ ચિત્ર વસેલું છે. પણ આપણા રાજ્યમાં એક જાતિ રહે છે, જેને 'નિષ્ણાતો' કહે છે. આ જાતિ પાસે એવું આંજણ હોય છે કે એને આંખોમાં આંજીને આ લોકો અતિશય બારીક વસ્તુ પણ જોઈ લે છે. તો હજૂર,એ નિષ્ણાતોને જ ભ્રષ્ટાચાર શોધવાનું કામ સોંપો.'

રાજાએ પાંચ 'નિષ્ણાત' માણસોને બોલાવીને કહ્યું, 'સાંભળ્યું છે કે આપણા રાજ્યમાં ભ્રષ્ટાચાર છે. પણ તે ક્યાં છે, એ ખબર નથી પડતી. તમે લોકો તપાસ કરી એને શોધી કાઢો.'

નિષ્ણાતોએ દિવસ-રાત એક કરીને બે મહિનામાં અહેવાલ રાજા સમક્ષ રજૂ કર્યો.

રાજાએ પૂછ્યું, 'નિષ્ણાતો, તમારી તપાસ પૂરી થઈ ગઈ?'

'જી, સરકાર.'

'શું ભ્રષ્ટાચાર મળ્યો?'

'હા, ખૂબ મળ્યો.'

રાજાએ હાથ લંબાવ્યો, 'લાવો, મને બતાવો. જોઉં, કેવો હોય છે?'

નિષ્ણાતોએ કહ્યું, 'હજૂર, એ હાથમાં પકડાય એવો નથી. એ સ્થૂળ નથી, સૂક્ષ્મ છે, અદ્રશ્ય છે, પણ એ બધે જ વ્યાપ્ત છે. એને જોઈ શકાતો નથી, માત્ર અનુભવી શકાય છે.'

રાજા વિચારમાં પડી ગયા ને બોલ્યા, 'નિષ્ણાતો, તમે કહો છો કે એ સૂક્ષ્મ છે, અદ્રશ્ય છે અને સર્વવ્યાપી છે. આ ગુણો તો ઈશ્વરના છે. તો શું ભ્રષ્ટાચાર ઈશ્વર છે?'

નિષ્ણાતોએ કહ્યું, 'હા, મહારાજ! હવે ભ્રષ્ટાચાર ઈશ્વર થઈ ગયો છે.'

એક દરબારીએ પૂછ્યું, 'પણ એ છે ક્યાં? એને કેવી રીતે અનુભવાય?'

નિષ્ણાતોએ જવાબ આપ્યો, 'એ બધે જ છે. એ આ ભવનમાં છે, મહારાજના સિંહાસનમાં છે.'

'સિંહાસનમાં?' કહીને રાજા સાહેબ ઉછળીને દૂર ઊભા રહી ગયા.

નિષ્ણાતોએ કહ્યું, 'હા, સરકાર! સિંહાસનમાં. ગયા મહિને આ એના પર રંગ કરવાનો જે બિલ ચૂકવવામાં આવ્યું છે, તે બિલ ખોટું છે. બમણા ભાવનું છે. અડધા પૈસા વચેટિયાઓ ખાઈ ગયા. તમારા આખા શાસનમાં ભ્રષ્ટાચાર છે ને તે મુખ્યત્વે લાંચના રૂપમાં છે.'

આ સાંભળીને રાજા ચૂપ થઈ ગયા ને દરબારીઓના કાન સરવા થઈ ગયા.

રાજાએ કહ્યું, 'આ તો બહુ ચિંતાની વાત છે. અમે ભ્રષ્ટાચાર સાવ નાબૂદ કરવા માગીએ છીએ. નિષ્ણાતો, તમે જ કહો કે એ કેવી રીતે નાબૂદ થઈ શકે?'

નિષ્ણાતોએ કહ્યું, 'મહારાજ, અમે એની યોજના તૈયાર કરી છે. પણ ભ્રષ્ટાચાર નાબૂદ કરવા માટે મહારાજે વ્યવસ્થામાં બહુ મોટા ફેરફારો કરવા પડશે. ભ્રષ્ટાચારની જેટલી તક હશે એ જ ખતમ કરવી પડશે, જેમ કે કોન્ટ્રાક્ટ છે, તો કોન્ટ્રાક્ટર છે ને કોન્ટ્રાક્ટરો છે, તો અધિકારીઓને લાંચ મળે છે. કોન્ટ્રાક્ટ પ્રથા બંધ થાય,તો લાંચ પણ બંધ થઈ જાય. આવી જ રીતે બીજી પણ ઘણી બાબતો છે. વળી કર્મચારીઓના પગાર વધારવામાં આવે, જેથી તેમને લાંચ લેવાની જરૂર જ ન પડે.'

નિષ્ણાતોનો અહેવાલ જોઈને. રાજાના સ્વાસ્થ્ય પર એની માઠી અસર પડી.

એકવાર એક દરબારીએ કહ્યું, 'મહારાજ, ચિંતાના કારણે આપનું સ્વાસ્થ્ય બગડી રહ્યું છે. નિષ્ણાતોએ આપને મુશ્કેલીમાં મૂકી દીધા.'

રાજાએ કહ્યું, 'હા, મને રાત્રે ઊંઘ નથી આવતી.'

બીજો દરબારી બોલ્યો, 'એ નિષ્ણાતોનું શું! એ તો આડીઅવળી યોજનાઓ બનાવીને ચાલતા થાય. હવે આટલી મોટી વ્યવસ્થામાં ફેરફાર કરીશું તો કેટલી મુશ્કેલી પડશે! આખી વ્યવસ્થા ઊંધી-ચત્તી થઈ જશે. જે ચાલ્યું આવે છે, એને બદલવાથી નવી નવી અડચણો ઊભી થઈ શકે છે. આપણને તો કોઈ એવો ઉપાય જોઈએ છે, જેનાથી કશુંય ફેરવ્યા વગર ભ્રષ્ટાચાર નાબૂદ થઈ જાય.'

રાજા સાહેબ બોલ્યા, 'હું પણ એ જ ચાહું છું. પણ એ થાય કેવી રીતે? તમે લોકો જ કોઈ ઉપાય શોધો.'

એક દિવસ દરબારીઓએ રાજા સામે એક સાધુને રજૂ કર્યા અને કહ્યું, 'મહારાજ! ગુફામાં તપસ્યા કરતા આ મહાન સાધકને અમે લઈ આવ્યા છીએ. તેમણે 'સદાચારનું તાવીજ' બનાવ્યું છે. એ મંત્રોથી સિદ્ધ છે. જેને બાંધવાથી માણસ એકદમ સદાચારી થઈ જાય છે.'

સાધુએ ઝોળીમાંથી એક તાવીજ કાઢીને રાજાને આપ્યું. રાજા એને જોઈને બોલ્યા, 'હે સાધુ! આ તાવીજ વિશે મને વિગતવાર જણાવો. આનાથી માણસ સદાચારી કેવી રીતે થઈ જાય છે?'

સાધુએ સમજાવ્યું, 'મહારાજ! ભ્રષ્ટાચાર ને સદાચાર માણસના આત્મામાં હોય છે, બહાર નથી હોતા. વિધાતા જ્યારે માણસને બનાવે છે, ત્યારે કોઈના આત્મામાં ઈમાનનું યંત્ર ફિટ કરી દે છે અને કોઈના આત્મામાં બેઈમાનીનું. આ યંત્રમાંથી ઈમાન કે બેઈમાનીના સૂર નીકળે છે, જેને 'આત્માનો પોકાર' કહે છે. આત્માના પોકાર પ્રમાણે જ માણસ કામ કરે છે. સવાલ એ છે કે જેમના આત્મામાંથી બેઈમાનીના સૂર નીકળે છે, તેમને દબાવીને ઈમાનના સૂર કેવી રીતે કાઢવા? કેટલાંય વર્ષોના ચિંતન બાદ મેં આ 'સદાચારનું તાવીજ' બનાવ્યું છે. જે માણસની ભુજા પર આ બાંધેલું હશે, તે સદાચારી થઈ જશે. મેં કૂતરા પર પણ આનો પ્રયોગ કર્યો છે. આ તાવીજ ગળામાં બાંધી દેવાથી કૂતરો પણ રોટલી નથી ચોરતો. આ તાવીજમાંથી પણ સદાચારના સૂર નીકળે છે. જ્યારે કોઈનો આત્મા બેઈમાનીના સૂર કાઢવા લાગે છે, ત્યારે આ તાવીજની શક્તિ આત્માનું ગળું ઘોંટી દે છે ને એ માણસને તાવીજના ઈમાનના સૂર સંભળાય છે. તે આ સૂરને આત્માનો અવાજ સમજીને સદાચાર તરફ પ્રેરાય છે. આ જ આ તાવીજનો ગુણ છે, મહારાજ!'

દરબારમાં ચહલપહલ મચી ગઈ. દરબારીઓ ઊભા થઈ-થઈને તાવીજ જોવા લાગ્યા. રાજાએ ખુશ થઈને કહ્યું,

'મને ખબર નહોતી કે મારા રાજ્યમાં આવા ચમત્કારી સાધુ પણ છે. મહાત્મા, અમે આપના ખૂબ આભારી છીએ. તમે અમારું સંકટ હરી લીધું. અમે સર્વવ્યાપી ભ્રષ્ટાચારથી ખૂબ પરેશાન હતા. પણ અમારે લાખો નહીં, કરોડો તાવીજ જોઈએ છે. અમે રાજ્ય તરફથી તાવીજ બનાવવાનું એક કારખાનું ખોલી દઈએ છીએ. આપ એના જનરલ મેનેજર બની જાઓ અને આપની દેખરેખ હેઠળ સરસ તાવીજ બનાવો.'

એક મંત્રીએ કહ્યું, 'મહારાજ! રાજ્ય શા માટે આ ઝંઝટમાં પડે? મારી તો વિનંતી છે કે સાધુબાબાને જ કોન્ટ્રાક્ટ આપી દેવામાં આવે. તેઓ પોતાની મંડળી પાસે તાવીજ બનાવડાવીને રાજ્યને સપ્લાય કરી દેશે.'

રાજાને આ સૂચન ગમી ગયું. સાધુને તાવીજ બનાવવાનો કોન્ટ્રાક્ટ આપી દેવાયો. પાંચ લાખ રૂપિયા તેમને કારખાનું ખોલવા માટે એડવાન્સ આપવામાં આવ્યા.

રાજ્યનાં અખબારોમાં સમાચાર છપાયા, સદાચારના તાવીજની શોધ! તાવીજ બનાવવાનું કારખાનું ખૂલ્યું!

લાખો તાવીજ બની ગયા. સરકારના હુકમથી દરેક સરકારી કર્મચારીના ખભે બાંધી દેવામાં આવ્યું. ભ્રષ્ટાચારની સમસ્યાનો આવો સરળ ઉકેલ મળવાથી રાજા ને દરબારીઓ બધા ખુશ હતા.

એક દિવસ રાજાને ઉત્સુકતા થઈ. વિચાર્યું, જોઈએ તો ખરા કે આ તાવીજ કેવી રીતે કામ કરે છે!

તેઓ વેશ પલટો કરીને એક ઓફિસે ગયા. એ દિવસે મહિનાની બીજી તારીખ હતી. મહિનાનું પહેલું જ અઠવાડિયું હતું. તેઓ એક કર્મચારી પાસે ગયા અને એક કામની બાબતમાં એને પાંચ રૂપિયાની નોટ આપવા લાગ્યા.

કર્મચારીએ એમને ધમકાવ્યા, 'ભાગો અહીંથી! લાંચ લેવી પાપ છે!'

રાજા ખૂબ ખુશ થયા. તાવીજે કર્મચારીને ઈમાનદાર બનાવી દીધો હતો.

થોડા દિવસો પછી રાજા ફરી વેશ પલટો કરીને એ જ કર્મચારી પાસે ગયા. એ દિવસે ૩૧ (એકત્રીસમી) તારીખ હતી, મહિનાનો છેલ્લો દિવસ. રાજાએ ફરી તેને ૫ રૂપિયાની નોટ બતાવી. કર્મચારીએ હાથ લંબાવીને નોટ લઈ લીધી ને ચુપચાપ ખિસ્સામાં મૂકી દીધી!

રાજાએ એનો હાથ પકડી લીધો. 'બોલ્યા, ખબરદાર, હું રાજા છું. શું તું આજે 'સદાચારનું તાવીજ' બાંધીને નથી આવ્યો?'

કર્મચારીએ કહ્યું, 'બાંધ્યું છે, સરકાર! આ જુઓ. એણે શર્ટની બાંય ઊંચી કરીને તાવીજ દેખાડ્યું!'

રાજા નવાઈ પામી ગયા. તેમણે તાવીજ પાસે કાન મૂક્યો. સદાચારના તાવીજમાંથી અવાજ આવ્યો, 'અબે..આજે ૩૧ તારીખ છે... આજે તો લઈ લેવાય!' ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી feedback@bombaysamachar.com

## ઈર્ષ્યાની આગમાં વીસ વર્ષના અબોલડા



'મારી સાથે તો તું વાત જ નહીં કરતી' અથવા 'જાવ, તમારી સાથે કોણ બોલે?' જેવા કડવા - મીઠા ઝઘડા દાંપત્ય જીવનનું અભિન્ન અંગ ગણાય છે. જોકે, આ અબોલાનો નિવેડો બીજા દિવસના સૂર્યોદય ટાણે કે બહુ બહુ તો ૪૮ કે ૭૨ કલાકમાં આવી જતો હોય છે. હા, ક્યારેક પત્ની રિસાઈને પિયર જતી રહે તો પાંચ - છ દિવસ લંબાય પણ પછી સાહેબ સાસરે જઈ મેડમને મનાવી લે એટલે પત્યું. વળી આ અબોલડાનાં કારણો ક્યારેક સાવ ક્ષુલ્લક હોય છે તો ક્યારેક અહં ટકરાવાને લીધે થાય છે. જોકે, જાપાનમાં એક દંપતી વચ્ચે પૂરાં વીસ વર્ષ અબોલડા રહ્યા અને એ પણ એક જ છતની નીચે રહીને. રોજ બ્રેકફાસ્ટ, લંચ - ડિનર સાથે કરવાના અને ત્રણ બાળકોનો ઉછેર સુધ્ધાં કર્યો પણ આ દરમિયાન હોઠ સીવેલા ને સીવેલા જ રાખ્યા. પત્ની ક્યારેક કશુંક પૂછી લેતી, પણ પતિ હા - ના જેવા ટૂંકા જ જવાબ આપતો. બાળકો મોટાં થયાં, સમજણા થયાં. તેમનાથી પેરન્ટ્સની 'તેરી ભી ચૂપ, મેરી ભી ચૂપ' સહન ન થયું. ૧૮ વર્ષના મોટા પુત્રએ એક અનોખો આઈડિયા અપનાવી ટીવી શોને અપીલ કરી કે 'મારા માતા - પિતામાં સુલેહ કરાવી દ્યો.' ટીવીવાળાએ જે ગાર્ડનમાં બંને જણ પહેલી વાર મળ્યાં હતાં ત્યાં જ એમની અણધારી મુલાકાત કરાવી. એ માહોલમાં પહેલાં પ્યારની સ્મૃતિઓ તાજી થઈ, સ્નેહની સરવાણી ફૂટી અને અબોલડા ભાંગી ગયા. સૌથી રસપ્રદ અને ચોંકાવનારી વાત હતી અબોલડાનું કારણ. પતિએ કહ્યું કે 'આપણી વચ્ચે વાતચીત થઈ એને વર્ષો વીતી ગયાં. બાળકોના ઉછેરમાં તે બહુ કાળજી લીધી, મુસીબતમાં પણ ડગમગી નહીં. એ માટે તારો આભાર માનવા મારી પાસે શબ્દો નથી. સાચું કહું તો મને તારી ઈર્ષ્યા થતી હતી એટલે હું વાત નહોતો કરતો.' આ વાતચીત સાંભળી ટીવી શોના લોકો અને સંતાઈને ખેલ જોઈ રહેલાં સંતાનો ખડખડાટ હસી પડ્યાં. આ અલાયદા લાગણીસભર રિયુનિયનની વાત વાઇરલ થઈ અને અનેક લોકોના દિલ - દિમાગને સ્પર્શી ગઈ.

## લીલા શેઠઃ હાઈ કોર્ટનાં પ્રથમ મહિલા ચીફ જસ્ટિસ



આજથી ૩૫ વર્ષ પહેલાં (૪ ઓગસ્ટ, ૧૯૯૧) જસ્ટિસ લીલા શેઠ (વિખ્યાત લેખક વિક્રમ શેઠનાં માતુશ્રી) સ્ટેટ હાઈ કોર્ટના પ્રથમ મહિલા ચીફ જસ્ટિસ તરીકે નિયુક્ત થયાં હતાં. લગ્ન પછી લીલા શેઠને આગળ અભ્યાસ કરવાની ઈચ્છા થઈ. જોકે, એ સમયે તેમનું પ્રથમ બાળક નાનું હતું એટલે તેમણે 'કરિયર્સ એન્સાઈક્લોપીડિયા' નામનું પુસ્તક ખરીદ્યું અને વર્ગમાં હાજરી આપ્યા વિના ઘેર બેઠા કાયદાનો અભ્યાસ થઈ શકે છે એ વાત તેમના ધ્યાનમાં આવી. લગનથી અભ્યાસ કરી લંડન બાર એક્ઝામમાં ફર્સ્ટ આવ્યાં. આ સિદ્ધિ મેળવનાર તેઓ પ્રથમ મહિલા હતાં. એક્ઝામમાં ટોપ રહ્યાં એટલે લંડનના એક અખબારે શિશુ વયના તેમના પુત્ર સાથે તસવીર છાપી તેમનો ઉલ્લેખ Mother - in - Law તરીકે કર્યો હતો જ્યારે બીજાં અખબારોએ ૫૮૦ વિદ્યાર્થીઓમાં એક મહિલા પ્રથમ આવી એ બદલ દુઃખ વ્યક્ત કર્યું હતું. ભારત પાછા ફર્યા પછી શ્રીમતી શેઠ ટૅક્સને લગતા કામકાજ સાથે સંકળાયા. સાથે સાથે સિવિલ, કંપની અને ક્રિમિનલ કેસના કામકાજમાં પણ સહભાગી થયાં. પતિની દિલ્હી બદલી થયા પછી લીલા શેઠે દિલ્હી હાઈ કોર્ટમાં પ્રેક્ટિસ શરૂ કરી અને ૧૯૭૮માં તેમની નિમણૂક દિલ્હી હાઈ કોર્ટના ચીફ જસ્ટિસ તરીકે કરવામાં આવી હતી. આ પદ મેળવનાર તેઓ પ્રથમ મહિલા હતાં. ત્યારબાદ તેઓ હિમાચલ પ્રદેશમાં પણ ચીફ જસ્ટિસ બન્યાં. ૨૦૧૨ના દિલ્હી રેપ કેસ પછી રચવામાં આવેલી જસ્ટિસ વર્મા કમિટીના તેઓ સભ્ય હતાં. પારિવારિક સંપત્તિમાં દીકરીઓને સરખો હક મળે છે એ માટે જે કાયદાકીય ફેરફાર થયા એમાં તેમનું યોગદાન હતું. ૮૬ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું ત્યારે તેમની અંતિમ ઈચ્છા અનુસાર તેમના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર નહોતો થયો, પણ વૈજ્ઞાનિક સંશોધન માટે સોંપી દેવામાં આવ્યું હતું.

## ચેટજીપીટી વકીલના રોલમાં




આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ નામની ટક્નોલૉજીનો મનુષ્ય જીવનમાં પગપેસારો ગજબનાક સ્વરૂપે અને અસાધારણ ગતિએ આગળ વધી રહ્યો છે. એવાં એવાં ઉદાહરણ જોવા મળે છે કે આપણા મગજનું જ હરણ થઈ જશે કે શું એવો વિચાર ઝબકી જાય છે. બિઝનેસ વધારવા, ક્રિયેટિવિટી ધારદાર બનાવવા જેવા કામથી માંડી દૈનિક જીવનની સમસ્યા કે પ્રસંગ ઉકેલવામાં પણ આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સનું ChatGPT નામક વ્યવસ્થા મદદનો હાથ લાંબો કરી રહી છે. આ સહાય કોર્ટમાં કેસ જીતવા સુધી પહોંચી ગઈ છે, બોલો. બ્રિટનના એક ફાયરમેનના જીવનમાં એનો સાક્ષાત્કાર જોવા મળ્યો છે. બન્યું એવું કે હિથ્રો એરપોર્ટ પર નોકરી કરતા ક્રેગ નામના શખ્સનું નસીબ ચમક્યું અને એને લોટરી લાગી. જીવનમાં ગર્લફ્રેન્ડનું આગમન થયું અને ૨૦૨૨માં ભાઈએ લોટરીના પૈસામાંથી બાવન લાખ રૂપિયા એને આપ્યા, પણ કન્ડિશન રાખી કે ફાઇનેન્સનું નોલેજ ધરાવતી ગર્લફ્રેન્ડ એ પૈસાનું ઈન્વેસ્ટમેન્ટ કરશે અને જે નફો થાય એ સરખે ભાગે વહેંચી લેવાનો. જોકે, અચાનક બંને વચ્ચે અણબનાવ થયો અને બ્રેકઅપ થઈ ગયું. સંબંધ તૂટી જતાં ક્રેગે પૈસા પાછા માગ્યા, પણ પેલીએ તો મોઢું જ ફેરવી લીધું. ક્રેગ ગાંજ્યો જાય એવો નહોતો. કેસ ઠોકી દેવાનું નક્કી કર્યું. પણ... પણ વકીલોની તોતિંગ ફીના આંકડા સાંભળી ઘાટ કરતા ઘડામણ મોંઘી પડશે એનો ખ્યાલ આવી ગયો. નિરાશ થઈ ગયેલા અને હિંમત હારી ગયેલા ક્રેગને વિચાર આવ્યો કે 'ચૅટજીપીટી'ની મદદ લીધી હોય તો? આ નવી ટેક્નૉલૉજીએ કાનૂની પ્રક્રિયા કેવી રીતે કામ કરે છે, કોર્ટમાં ફોર્મ કેવી રીતે ભરવાના જેવી મૂળભૂત સહાય કરી અને કેસ લડતી વખતે કેવી દલીલ કરવી એનું માર્ગદર્શન પણ આપ્યું. કોર્ટમાં ક્રેગની ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડની પૈસા પોતાના છે એ સાબિત કરવાની સર્વ કોશિશ નિષ્ફળ રહી અને ફાયરમેનને પોતાની મૂડી પાછી મળી ગઈ. યુકેની યુનિવર્સિટીના એક સર્વે અનુસાર કોર્ટ કેસમાં એઆઈની મદદ લેનારા લોકોની સંખ્યા દિવસે દિવસે વધી રહી છે.

## ફૂટબૉલના મેદાનમાં ટામેટાની 'ખેતી'



યુએસ, કેનેડા અને મેક્સિકો એમ ત્રણ દેશના યજમાનપદ હેઠળ તાજેતરમાં રમાયેલી 'ફિફા' વર્લ્ડ કપ સોકર સ્પર્ધા રોમાંચક સાબિત થઈ. દિલધડક અને અણધાર્યા પરફોર્મન્સ જોવા મળ્યા. ખાસ તો ત્રીજા સ્થાન માટે રમાયેલી ઈંગ્લેન્ડ - ફ્રાન્સ મુકાબલો અને આર્જેન્ટિના - સ્પેન ફાઈનલમાં અદ્ભુત ખેલ તો જોવા મળ્યો, અણધાર્યા પરિણામ સુધ્ધાં જોવા મળ્યાં. એમાંય ફાઈનલ તો મેસી - આર્જેન્ટિના મારી જશે એવી મોટાભાગના ખેલકૂદ પ્રેમીઓની ગણતરી હતી જે ખોટી પડી. સ્પેન વર્લ્ડ ચેમ્પિયન બન્યું અને સ્વદેશમાં ટીમના ખેલાડીઓનું મોટાપાયે સન્માન કરવામાં આવ્યું. આર્જેન્ટિનાના આક્રમણને ખાળવામાં મહત્ત્વનું યોગદાન આપનારા ફેબિયન રૂઈઝ અને ગેવિનું સન્માન એવી રીતે થયું જેની કલ્પના પણ ન થઈ શકે. સ્પેનનો સેવિલ પ્રાંત ટામેટાના ઉત્પાદન માટે નામના ધરાવે છે. આ બંને ખેલાડીઓને ત્રાજવામાં ઊભા રાખી એમના વજન જેટલાં ટામેટાં આપવામાં આવ્યાં. સ્પેનમાં ટામેટાનો ભાવ પ્રતિ કિલો અઢી યુરો (આશરે ૨૭૫ રૂપિયા) છે. વજનકાંટા પર રૂઈઝનું વજન ૮૫ કિલો આવ્યું જ્યારે ગેવિ ૬૮.૫ કિલો વજનનો દેખાયો. એ હિસાબે રૂઈઝના ભાગે આવેલા ટામેટાનું આર્થિક મૂલ્ય ૨૧૨.૫ યુરો (આશરે ૨૩ હજાર રૂપિયા) જ્યારે ગેવિના ફાળે આવેલા ટામેટાનું આર્થિક મૂલ્ય ૧૭૧ યુરો (આશરે ૧૮ હજાર ૮૦૦ રૂપિયા) થયું. જોકે, સ્પેનની ટીમને ૫૧ મિલિયન ડૉલર પણ મળ્યા જેને કારણે પ્રત્યેક ખેલાડીને ખાસ્સી તગડી રકમ મળશે ડાકોરમાં બોડાણાનો નાથ તુલસીના પાંદડે તોળાયો હતો એનું સ્મરણ થયું. અલબત્ત એમાં ભક્તિભાવ હતો અને સ્પેનમાં ભૌતિકવાદ હતો.

## લ્યો કરો વાત

*કાલ્પનિક ભય અંગ્રેજીમાં ફોબિયા તરીકે ઓળખાય છે. વિદ્યાર્થીકાળમાં અનેક લોકોને ગણિતનો ફોબિયા હોય છે. કોઈને વળી અલગ ફોબિયા હોય છે. કોવિડ મહામારી દરમિયાન એક અમેરિકન સન્નારી બેક્ટેરિયા, વાઇરસ વગેરેથી એટલાં ગભરાતાં કે શૉપિંગ મોલમાં ખરીદી કરવા જતી વખતે લોકોનો સંપર્ક ટાળવા એકાદ કલાક માટે આખો મોલ જ ભાડેથી લઈ લેતાં. એ આવે ત્યારે આખા મોલમાં એક જ કર્મચારી હાજર હોય છે અને એ પણ સુરક્ષા કિટ અને માસ્ક સાથે. અઠવાડિયામાં નક્કી કરેલા એક દિવસ મોલના ઉઘાડવાના નિર્ધારિત સમયના એક કલાક પહેલા એ મહિલા આવે છે અને મનગમતી ખરીદી થઈ જાય એટલે ઑનલાઈન પેમેન્ટ કરીને જતી રહેતી. પતિ - પત્નીના બેન્ક બેલેન્સ એટલાં તગડાં હતાં કે આવા 'નખરા' તેમને પોસાતા હતા.* ■

# કચ્છી ચોવક

feedback@bombaysamachar.com
કિશોર વ્યાસ

## રામાયણની ચોપાઇ જેવી છે એ...

ચલણી નોટોના કમખાણમાં કેટલાય બૅન્ક અધિકારીઓ 'કટકી' ખાઇને નવી નોટ્સ આપતા પકડાયા ત્યારે વિચાર થયો કે, આવા અધિકારીઓનું, ઘરમાં, સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે કેવું માન રહેતું હશે? જવાબ મળી ગયો આ કચ્છી ચોવકમાંથી : 'ટુકરી જો ખાધલ નીચું ન્યારે'. કટકી ખાનારે માથું નીચું રાખીને જ જીવવું પડે! શા માટે આવું કરવું જોઇએ? બૅન્કની તિજોરીમાં નોટ્સ ઘણી હોય પણ એ આપણા પિતાશ્રીની ન હોય! પિતાશ્રીની હોય તો પણ પિતાશ્રીને પૂછયા વગર વાપરી ન શકાય! આ તો એવી વાત થઇ કે, ઘરમાં કોઠાર ભર્યા હોય અનાજના અને ઘી ખાવાના વાંધા હોય! અહીં સમજવા જેવું લાગે છે. મિત્રો કચ્છી ચોવક છે : 'ધાંઇ ધરપત, ઘી સંપત' દરેક પ્રકારની વ્યાપેલી અસમાનતાનો અર્થ આ ચોવકમાંથી મળે છે. 'ઘી સંપત' શબ્દ છે એ અનુશાસનના અર્થમાં છે.

પવિત્રતા પાળવી અને પોષવી પડે, સામાજિક સુસજ્જતા માટે. 'પવિત્ર' શબ્દ જ એવો છે જેને 'અપવિત્રતા'નો ઓછાયો અડતો નથી. કચ્છીમાં ચોવક છે કે 'પાણીમેં મલેછાઇ નોંય' ભાવાર્થ એ જ છે કે, પવિત્ર વસ્તુ હંમેશાં પવિત્ર જ રહે અને પવિત્રતા જ વ્યક્તિની પાત્રતા નક્કી કરે છે. તમારમાં જેવા ગુણ તેવું તમારું સામાજિક સ્થાન? કહ્યું છે કે :

'માલ તેડી મીઠાઇ, ડેવ તેડી અડાઇ' મતલબ કે પાત્રતા પ્રમાણે જ તમારું માન રહે. દૂધનું એવું જ છે. કોઇ દૂધ સામે કરે તો તેને ઠેલાય નહીં. આસ્વાદ કરાય, કારણ કે દૂધ એ પવિત્ર વસ્તુ છે. એ એટલા માટે પવિત્ર છે કે, તેનું ઉત્પાદન ઇશ્વર જાતે કરે છે. પવિત્ર વસ્તુનો અનાદર ન કરાય અને પાત્રતા ધરાવનારને પૂરો આદર અપાય. કેવા કેવા ગહન અર્થથી ભરેલી હોય છે, કહેવતો ! એવી જ સુંદર ચોવક એ સંદર્ભમાં મૂકું છું: 'સામૂં અચીંધલ ખીર ન ઠેલાજે!'

ઘણી વાર મને લાગે છે કે, ચોવકો રામાયણની ચોપાઇઓ જેવી જ છે. કેટલા અર્થ, બોધ, ગહનતા હોય છે, ચોવકમાં! ક્યારેક એક ચોવક પસંદ કરીને પાઠ કરવા બેસી જાઓ... અદ્ભુત અર્થો સ્ફૂરતા જશે. એક ચોવક અહીં ટાંકું છું. સરળ છે. 'સેવા કરીયોંત મેવા મિલે' ચોવક શાસ્ત્રથી વિરુદ્ધ ન હોઇ શકે, પણ આ ચોવક ગીતા બોધ 'કર્મ કર ફળની આશા ન રાખ' તેનાથી વિરોધાર્થી લાગે છે. ગીતાબોધ કળની આશા ન રાખવાનું કહે છે, પણ કર્મ કરવાનું તો કહેજ છે ને? તો કર્મ કરતાં જે ઉત્પન્ન થશે એ ફળ જ હશે ને? અને આ કચ્છી ચોવક 'સેવા કરીયોંત મેવા મિલે' મેવા મેળવવા માટે સેવા કરવાનું નથી કહેતી, પણ સેવા કરવાનું કહે છે... અને સેવાના તો કેટલા વ્યાપક અર્થ છે! સેવા કરતાં કરતાં જે મળશે એમાં મેવા જેવી મીઠાશ હશે!

ઘણાનાં કર્મ, કાર્યો ભાગ્યને આધીન હોય છે. ફળ મળે જ નહીં. કરેલું બધું જ એળે જાય ત્યારે કહેવાય કે 'અંધી ડરે ને કુતો ખાય!' સામાન્ય રીતે સત્કર્મોનાં ફળ મળતાં જ હોય છે, પણ વગર આયોજને અને વગર વિચારે મંડી પડયા હોઇએ તો એમ કહેવાય કે. 'અંધી ઘોડીને લંભ મેં લડે'અને વળી ખોટાં કામનાં પરિણામ પણ ખોટાં જ આવે. 'હરામ જે જાડ મેં, મુસીબત જા ફલ.' એમાં આફત જ ઊગે! એટલે જ કહેવાય છે કે 'હકેં ભરકત હીલે રિજક' હક્કની વસ્તુમાં જ ઝાઝી ભરકત હોય. બાકી તો એવું પણ થાય કે, કયાંયના ન રહેવાય. 'સૂડી વિચ સોપારી' જેવી હાલત થઇ જાય. ■

feedback@bombaysamachar.com

સાત સમંદર પાર

રવિ નાયક


નવી કૉલમ

# ડાર્ક ટૂરિઝમઃ પ્રવાસીઓને આવાં સ્થળ પણ આકર્ષે છે!

## ડાર્ક ટૂરિઝમ એટલે એવાં સ્થળોની મુલાકાત કે જે મૃત્યુ, વેદના, અપરાધ અથવા વિનાશ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલાં હોય.

માણસનું મન બહુ જટિલ છે. દુ:ખ વેઠવું કોઈને નથી ગમતું, પણ એક વખત દુ:ખના દહાડા પૂરા થયા બાદ વીતેલા સમયની દુ:ખદ ક્યારેક તો અતિશય ક્રૂર સ્મૃતિઓને વાગોળતા રહેવાનું બધાને ગમે છે. એમાંય જો દુ:ખ કોઈ બીજા વ્યક્તિનું કે કોઈ બીજી પ્રજાનું હોય તો આપણે એ દુ:ખના અવશેષો સાથે સેલ્ફી લેવાનું ય ચૂકતા નથી! કદાચ આ જ કારણોસર જગતમાં ડાર્ક ટૂરિઝમનો કન્સેપ્ટ વિકસી રહ્યો છે. ખાસ કરીને કોરોના પછી ડાર્ક ટૂરિઝમને પસંદ કરનારા લોકોનું પ્રમાણ વધી રહ્યું છે.

આ શબ્દ ૧૯૯૬માં માલ્કમ ફોલી અને જે. લેન્નોન નામના વિદ્વાન દ્વારા રજૂ કરવામાં આવ્યો. ડાર્ક ટૂરિઝમ એ માત્ર વિકૃત પ્રકારની જિજ્ઞાસા જ નથી, બલકે ઘણી વખત ઇતિહાસને વધુ સારી રીતે સમજવામાં ઉપયોગી સાબિત થતી બાબત છે. કેટલીક વાર વળી સાવ અજાણ્યા લોકોની માનવીય વેદનાઓને અનુભવ્યા બાદ 'આવું ફરી ન થવું જોઈએ' એવી શીખ લઈને લોકો ઘરે જાય છે. એ દૃષ્ટિએ ડાર્ક ટૂરિઝમનું અલગ પ્રકારનું મહત્ત્વ ય ખરું.



સાન ફ્રાન્સિસ્કોની આલ્કાટ્રાઝ જેલ

એક જાણીતું ઉદાહરણ લઈએ, જેમકે આંદામાન-નિકોબારની સેલ્યુલર જેલ. બ્રિટિશ સરકાર દ્વારા નિર્માણ પામેલી આ જેલ આંદામાન અને નિકોબાર ટાપુઓની રાજધાની પોર્ટ બ્લેરમાં આવેલી છે. અહીં ભારતના સ્વતંત્રતા સંગ્રામના સેનાનીઓને અમાનવીય અત્યાચાર સહન કરવા માટે મોકલવામાં આવતા. 'કાળા પાણી'ની સજા તરીકે ઓળખાતો અહીંનો જેલવાસ અત્યંત ક્રૂર અને અમાનવીય કક્ષાનો ગણાતો. આજે આ સ્થળ ટૂરિસ્ટ સ્પોટ બની ચૂક્યું છે.



હત્યારો ચાર્લ્સ મેન્સન

સાન ફ્રાન્સિસ્કોની આલ્કાટ્રાઝ જેલની કથા ય એવી જ છે. એક સમયે અહીં કુખ્યાત ગેન્ગસ્ટર અલ કપોન સહિતના ખૂનખાર કેદીઓને લાવવામાં આવતા. કેદીઓ માટે અહીં બહુ સખ્ત નિયમો હતા. સમયાંતરે આ જેલ બંધ કરવામાં આવી અને આજે તે ટૂરિસ્ટ સ્પોટ તરીકે પ્રખ્યાત છે. નેલ્સન મંડેલાને જ્યાં રાખવામાં આવેલા એ રોબેન આઈલેન્ડની જેલ ખાસ રંગભેદ સામે લડનારા કેદીઓ માટે વપરાતી. જેમણે મંડેલાની આત્મકથા વાંચી હશે એમને બરાબર ખ્યાલ હશે કે રોબેન આઈલેન્ડની જેલમાં રહેવું એટલે શું! આજે તો આ જેલ યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઇટનો દરજ્જો ભોગવે છે અને પ્રવાસી ફેરીમાં બેસીને અહીંનું મ્યુઝિયમ તેમજ બીજા સ્થળો જોવા આવે છે.

ભૂતકાળની ક્રૂર જેલના પ્રવાસે આવેલ લોકો ઇતિહાસને જાણે-સમજે એમાં કશું ખોટું નથી, પણ તકલીફ એ છે કે ડાર્ક ટુરિઝમના નામે પરમાણુ અકસ્માતનો ભોગ બનેલ ચર્નોબિલ જેવા સ્થળોએ જઈને 'સેલ્ફી' ખેંચનારો વર્ગ પણ છે.

ઐતિહાસિક ઘટનાઓના સાક્ષી બનેલાં સ્થળોએ ગયેલા પ્રવાસીઓ ઘણી વખત સાવ ખોટા પાત્રોને ય રોલ મૉડેલ માનીને વર્તે છે.

અભિષેક બચ્ચન અને રાણી મુખર્જીની એક ફિલ્મ આવેલી 'બન્ટી ઔર બબલી' એમાં એકબીજાને સંગાથે ચોરી જેવા ગુનાઓ કરતા યુગલની વાત હતી. અમેરિકાના બોની અને ક્લાઇડને આધુનિક બન્ટી-બબલીના પૂર્વજ ગણી શકાય.

આ યુગલે ૧૯૩૦ના દાયકામાં અમેરિકન પોલીસ વિભાગને ચકરાવે ચઢાવેલો. બોની પાર્કર નામની યુવતી કોઈક રીતે ક્લાઈડ બેરો નામના ગુનેગારના સંપર્કમાં આવી અને પછી તો આ બંનેએ સ્ટોર લૂંટવાથી માંડીને લોકોની હત્યા કરવા સુધીના અનેક ગુનાઓ આચર્યા. કહેવાય છે કે બોની અને ક્લાઈડે આશરે તેર જેટલી હત્યાઓ કરી, જે પૈકીના નવ તો પોલીસમેન હતા! આખરે એક દિવસ પોતાની કારમાં પસાર થઇ રહેલા આ યુગલને પોલીસે ઘેરી લીધું અને એમનું એન્કાઉન્ટર કરી નાખવામાં આવ્યું. આજે હવે એન્કાઉન્ટરનું એ સ્થળ અને ગોળીઓના સંખ્યાબંધ છિદ્રો ધરાવતી પેલી કાર ટૂરિસ્ટ્સ માટે આકર્ષણનો વિષય બની ચૂક્યા છે.

હોલીવૂડની અત્યંત સુંદર અને પ્રતિભાશાળી અભિનેત્રી શેરોન ટેટ એનું નામ અમેરિકાની ક્રાઈમ હિસ્ટ્રીના સૌથી કુખ્યાત અને ક્રૂર કેસ સાથે સંકળાઈ ગયું છે. આમ તો એને પોતાને ગુનાખોરી સાથે કશું લાગતુંવળગતું નહોતું, પણ ચાર્લ્સ મેન્સન નામનો એક સનકી માણસ એને નડી ગયો. આ ચાર્લ્સ બહુ વિચિત્ર ખોપરીનો માણસ હતો. એણે પોતાનો એક સંપ્રદાય બનાવેલો. એ માનતો કે અમેરિકામાં બહુ મોટા પાયે વર્ગ વિગ્રહો થશે અને આ વિગ્રહો બાદ એનો સંપ્રદાય સૌથી શક્તિશાળી જૂથ બનીને ઊભરી આવશે. આવી માન્યતાને કારણે ચાર્લ્સ અને એના અનુયાયીઓ બને એટલી ઝડપથી દેશમાં વિગ્રહો કરાવવા માંગતા હતા. એ માટે એ લોકો જાણીતી વ્યક્તિઓ - સેલિબ્રિટીઝની શ્રેણીબદ્ધ હત્યાઓ કરવાનો પ્લાન અમલમાં મૂક્યો, જેનો ભોગ બની ગઈ ફિલ્મ અભિનેત્રી શેરોન ટેટ..



અભિનેત્રી શેરોન ટેટ

મેન્સન ગ્રૂપના અનુયાયીઓએ શેરોનના ઘર પર હુમલો કર્યો અને અભિનેત્રી સહિત પાંચ વ્યક્તિને અત્યંત ક્રૂર રીતે મારી નાખ્યા એ હિચકારી ઘટનાએ અમેરિકન પ્રજા પર બહુ ઊંડી અસર છોડી. લોકો રીતસર હતપ્રભ થઇ ગયેલા. પછી સમય જતા આ ઘટનાક્રમ ઉપરથી અનેક ફિલ્મો બની, પુસ્તકો લખાયા.

આજે પરિસ્થિતિ એ છે કે જ્યાં આ હિચકારો હત્યાકાંડ થયેલો, એ ઘર આસપાસનો વિસ્તાર ટૂરિસ્ટ સ્પોટ બની ચૂક્યો છે. ઘર તો ઠેઠ ૧૯૯૪માં જ તોડી પાડવામાં આવેલું. છતાં લોકો આજે ય કુતૂહલના માર્યા અહીં આવતા રહે છે અને આસપાસ વસતા લોકો પરેશાન થતા રહે છે. ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**કામ કાળા કે ધોળા હોય. તો પછી રંગીન શું?**

* સપનાં.

**લો પ્રેશરથી વરસાદ વરસે. અને લવ પ્રેશરથી?**

* સસરા અને સાળો તાડૂકે...

**અમદાવાદમાં આ વખતે વરસાદમાં ખાડા છલકાઈ ગયા.**

* ભઈ, કૂવા બનાવવાનું મોંઘું પડે!

**કુંવારા હોવાનો ફાયદો શું?**

* કહ્યાગરા કંથ બનવામાંથી છૂટકારો...

**સમૂહ લગ્ન થાય તો સમૂહ છૂટાછેડા ક્યાં થાય?**

* ફેમિલી કોર્ટમાં.

**હું શું કરું તો રંગીન સપનાં આવે?**

* મેકઅપ કરી- રંગીન કપડાં પહેરીને ભોંય પર સૂઈ જજો, જોઈતાં સપનાં આવશે.

**કયું સ્નાન યાદ રહે?**

* દેણદારે નવડાવ્યા હોય એ.

**કયો સંબંધ મોંઘો પડે?**

* બિલ અને વિલનો...

**સ્મશાનમાં પણ ઘણીવાર લાઇન લાગે છે.**


* ત્યાં એડ્વાન્સ બુકિંગ તો ના રખાય ને!

**કૂતરો ધોબી ઘાટનો ના રહે તો ક્યાં જાય?**

* દરજીની દુકાને.

**આગાહી ખોટી પડે તો શું કરવું?**

* એ ફરી કયારે સાચી પડશે એની આગાહી કરવી!




**મોટા શેઠ જે વિલ કરી ગયા છે તે બધા સમક્ષ જાહેર કરવાનું થશે. તમે જ્યારે કહેશો ત્યારે આવી જઈશ. બાકી આજથી જ ચેક પર સોનલબહેન સહી કરશે.**

'આમ આંખો ફાડીને શું જોઈ રહ્યા છો? તમે કોઈ સામાન્ય છોકરી સામે નહીં, કરોડોની માલિક સોનલ ઝવેરી સાથે બેઠા છો સમજ્યા?' સોનલે ફિલ્મી અદાથી કહ્યું.

'સલામ મલ્લિકાએ હિન્દ. કરોડોની માલિક સોનલ ઝવેરી. વાહ આ રૂમ મારો, બેડ મારું, અરે મારી જ વેફર ખાઈને મારા પર રોફ? તેમ છતાં કરોડોની માલિક સોનલ ઝવેરીને સંતાઈ જવા માટે આવડા મોટા દિલ્હીમાં કોઈ જગ્યા નથી બોલો.'

'એતો માંય પડ્યા તે મહાસુખ માણે ને દેખણહારા દાઝે જોને !'

'યાર મને ડાઉટ છે કે તમે અંગ્રેજી મીડિયમમાં નહીં, ગુજરાતી મીડિયમમાં ભણ્યા છો. એના સિવાય આટલું સરસ ગુજરાતી ને એમાં વળી ગુજરાતી કાવ્ય પંક્તિઓ તમને ક્યાંથી આવડે?'

'એમ તો હું મરાઠી પણ બહુ સારી બોલી જાણું છું. તો શું મરાઠીમાં ભણી છું? તમને કોમ્પ્લિમેન્ટસ આપતાંય આવડતા નથી. એમ કહો ને કે મારું ગુજરાતી સારું છે.'

'બે શક સારું છે. જરાય એવું ન લાગે કે તમે ઈંગ્લિશ મીડિયમમાં ભણ્યા હશો. ખેર જવા દો. મને હવે તમારા પર જુદો ભાવ આવે છે.'

'મને પટાવી લેવાનો?'

'યાર મને ગુસ્સો ન અપાવો. કેમ કે તમે નહીં પટો એની મને ખબર છે.'

'કરોડોની માલિક છોકરી સાથે કોણ પરણવા તૈયાર ન થાય. તેય જ્યારે સામેથી કહે કે હું તમારી વાઈફ છું.'

'જવા દ્યો એ વાત. મને કહો કે તમારે ઘર છોડી ભાગવાની શી જરૂર પડી?'

'સનત મારા દાદા એમની તમામ મિલકત મારા નામે કરતા ગયા, એમ.વી. એન્ટરપ્રાઈઝનો વહીવટ મારા હાથમાં આવ્યો. રાતોરાત હું કરોડોની માલિક બની ગઈ. મારા બેય ભાઈઓ દાદાની મિલકતમાંથી સાવ બહાર નીકળી ગયા. લડાઈ એની જ છે.'

'કમાલની વાત છે હોં. રાતોરાત કરોડોના માલિક થઈ જવાનું કોને ન ગમે? પણ આ એમ.વી. એન્ટરપ્રાઈઝ એટલે શું?'

'મારા દાદાના પપ્પાનું નામ વલ્લભદાસ હતું. એમ ફોર મણિરામ અને વી ફોર વલ્લભદાસ.'

'ઓહ એમ વાત છે. મતલબ છેક સુધી બધું તમારા દાદાને નામ હતું એમ જ ને.'

'હા, મૂળ મિલકત દાદાને નામ હતી. અમે હીરાના વેપારીઓ છીએ. હીરાના વેપારમાં અનેક અટપટી રીતો છે. આપણા દેશમાં હીરાનો કારોબાર મોટો છે. હીરાના વેપારમાં વેપારીની ત્રણ કેટેગરીઝ છે. સાદી ભાષામાં કહીએ તો અમે હીરાના કાચા માલના સબ ડીલર છીએ. મારા દાદા વેપારની બાબતમાં સજાગ હતા. એમને ખબર હતી કે મારા પપ્પા હોશિયાર હોવા છતાં જરા ગાફેલ માણસ છે. એટલે એમણે છેક સુધી બધો કારોબાર પોતાના નામે રાખ્યો હતો.'

'પણ હું માનું છું કે તમારા પપ્પાની એમા ભાગીદારી તો હશે જ ને?'

'ના નહોતી. એમ.વી એન્ટરપ્રાઈઝમાં પપ્પા ભાગીદાર નહોતા. એ દાદાનાના પાવરદાર હતા.'

'પાવરદાર એટલે?'

'અરે હુંય માંડ માંડ સમજી શકી છું. મને કલ્પના પણ નહોતી કે જે ઘરમાં હું એક વધારાની સભ્ય તરીકે રહી છું તે ઘરની હું માલિક થઈ જઈશ. એટલે એમના કારોબારને સમજવાનો કે એ વિશે જાણવાનો મેં કોઈ પ્રયત્ન કદી કર્યો જ નહોતો. આપણા દેશમાં મોટા વેપારીઓને જાત જાતની ઉપાધીઓ હોય છે. સેલ ટેક્ષ, ઈન્કમ ટેક્ષ વગેરેની ઝંઝટ આપણે ધારીએ છીએ એટલી સરળ હોતી નથી. અમારી કંપની પાસે એવા ત્રણ ખેરખાં માણસો છે. રત્નાકર વોરા, બ્રીજેશ પોદાર અને વિમલ બક્ષી. રત્નાકરજી મોટી ઉંમરના છે. મારા દાદાનું અવસાન થયું એની જાણ સૌથી પહેલા એમને જ કરવામાં આવી હતી. એક તરફ ઘરમાં ડેડ બોડી પડ્યું હોય તે વખતે જ ઘરના એક ઓરડામાં કેટલીક કાયદાકીય ચર્ચાઓ થતી હોય છે. મુખ્ય માણસના મૃત્યુ પછી તરત જ કાયદાકીય કાર્યવાહી કરવામાં ન આવે તો ક્યારેક ટેક્નિકલ મુશ્કેલીઓ ઊભી થાય છે.'

'તમારા દાદાને કોઈ બીમારી હતી?'

'ના. ત્રણેક દિવસ તાવ જેવું હતું. એમને હોસ્પિટલાઈઝ કરેલા. એમની સેવા માટે પર્સનલ નર્સ રાખેલી. તે છતાં રાતે એમની પાસે હું જ રહેતી હતી. જે દિવસે ગુજરી ગયા તેની વહેલી સવારે હું ઘેર આવી હતી. હું ઘેર આવી તેના બે કલાકમાં જ હોસ્પિટલેથી ફોન આવ્યો કે દાદાની તબીયત બગડી છે. પપ્પા તરત પહોંચ્યા. પપ્પા સાથે દાદા કોઈ વાત ન કરી શક્યા. મને પપ્પાએ ફોન કર્યો. એમનો અવાજ સાંભળીને હું સમજી ગઈ હતી કે કંઈક ગરબડ છે. હું હોસ્પિટલે પહોંચી ત્યારે દાદા નહોતા રહ્યા. દસેક વાગે એમનું ડેડ બોડી ઘેર આવ્યું. મારી એક નબળાઈ ગણો તો નબળાઈ. જ્યારે કોઈનું મૃત્યુ થાય છે ત્યારે મારું મગજ એકદમ કોલ્ડ થઈ જાય છે. મને રડવું પણ ન આવે. લગભગ સાડા દસ વાગે રત્નાકરજી આવી ગયા હતા. એમણે પપ્પા સાથે બંધ ઓરડામાં શું ચર્ચાઓ કરી તેની મને ખબર નથી. પણ અમારા ઘરના એક નોકરે આવીને મને કહ્યું, બહેન આપને પપ્પા બોલાવે છે તે વખતે મારા ભાઈઓ, મારી ત્રીજી મમ્મી મીનાક્ષીની આંખો ચમકી હતી. એ મારા જીવનની દિવ્ય ક્ષણ હતી. મમ્મીએ જે સહન કર્યું હતું, તેણે જે વેઠ્યું હતું એ બધાંનું તર્પણ થવાનું હતું. જેની મને ખબર જ ન હતી. મને આશ્ચર્ય ત્યારે થયું જ્યારે મારા દાદાની વયના રત્નાકરજીએ મને કહેલું, મેડમ મને તમારા દાદાના મૃત્યુનું ઊંડું દુ:ખ છે. મારી ફરજના ભાગરૂપે તમને અત્યારે અહીં બોલાવવા પડ્યા છે. મારે હવે કેટલીક વિધિઓ કરવાની રહે છે. તમારા પપ્પાને તમારા દાદાએ એમ.વી. એન્ટરપ્રાઈઝના પાવરદાર રાખેલા. એ પાવરનામું એમની હયાતિ પૂરતું જ હતું. તેમણે કરેલા વિલ પ્રમાણે હવે એમ.વી. એન્ટરપ્રાઈઝના તમે મુખત્યાર છો. તમે ધારો તો તમે તમારા પપ્પાને પાવરદાર બનાવી શકો છો અથવા બધા હક તમે તમારી પાસે અબાધિત રાખી શકો છો. હું સમજું છું અત્યારે નાજુક સમય છે. તમારી પાસે વિચારવા માટે ઝાઝો વખત નથી. તે છતાં કાયદા પ્રમાણે મણિરામજીના મૃત્યુ બાદ તમારા પપ્પાને એક દિવસ પણ હું ન આપી શકું. એટલે અત્યારે જ આપે નક્કી કરવાનું છે. સ્વર્ગીય મણિરામજી એમ.વી. એન્ટરપ્રાઈઝ તમારા નામે કરી ગયા છે. તમારે અત્યારે જ મને કેટલીક સહીઓ કરી આપવાની રહે છે.'

'મને તમારી વાતો સમજાતી નથી છતાં ઈન્ટરેસ્ટિંગ લાગી રહી છે. આવું ફિલ્મોમાં બનતું જોયું છે.'

'તમે વિચાર કરો મને શું થયું હશે? થોડીવાર તો હું સમજી જ શકી નહીં કે રત્નાકરજી શું કહી રહ્યા છે. પપ્પા માથું નીચું કરીને બેઠા હતા. એમને પોતાના પિતાજી ખોયાનો એક આઘાત તો હતો જ. બીજો આઘાત રત્નાકરજીએ આપ્યો. મારા ત્યાં ગયા પહેલા જ રત્નાકરજીએ એમને વિલ બાબતે કહી દીધું હતું.'

'એટલે તમારા પપ્પાને દાદાએ બનાવેલા વિલની ખબર નહોતી?'

'જરાય નહીં. દાદાએ મોટી ચતુરાઈ કરી હતી. મારા તરફ એમની લાગણી કહો કે વિશ્વાસ. કે પછી મારા પપ્પા અને મારા ભાઈઓ પરનો એમનો અવિશ્વાસ. એમણે એક જ ઝાટકે એ બધાને એમની મિલકતથી દૂર કરી દીધા હતા.'

'વિલની વિશ્વસનીયતાને પડકારી ન શકાય? જસ્ટ જાણવા માગું છું.'

'બિલકુલ પડકારી શકાય. થોડા સમય પહેલા ભારતમાં એવો એક ચર્ચાસ્પદ કેસ બનેલો પણ છે. રત્નાકરજીએ તે સમયે મને બે જાતના ફોર્મ બતાવતાં કહેલું, તમારે જો તમારા પપ્પાને પાવરદાર તરીકે ચાલુ રાખવા હોય તો અહીં સહી કરો અને જો બધા પાવર તમારી પાસે રાખવા માગતા હો તો અહીં સહી કરો.'

એ કશ્મકશની ક્ષણ હતી. મેં મારા ઈશ્વરને યાદ કર્યો. મારી મમ્મીને યાદ કરી અને જરા દઢતાથી કહ્યું, વોરાસાહેબ હું પપ્પાને હાલ આ જવાબદારીમાંથી મુક્ત કરવા માગું છું હું કઈ રીતે બોલી ગઈ. કોણે મને બોલાવી તે મને સમજાતું નથી. પપ્પાએ ધાર્યું પણ નહોતું કે હું આવો કોઈ નિર્ણય લઈ શકું. મને મારી સહીની કિંમત પહેલીવાર સમજાઈ. બહાર બેઠેલા મારા પરિવારજનોને કલ્પના પણ નહોતી કે અંદર એમની કિસ્મત બદલી રહી છે.'

'તમારા દાદાએ મિલકતમાંથી તમારા પપ્પા કે તમારા ભાઈઓને કંઈ જ ફાળવ્યું નહોતું?'

'એ વિલ પ્રમાણે એમ.વી. એન્ટરપ્રાઈઝની માલિક હું હતી રાજસ્થાનમાં આવેલી ખાણો પપ્પાને ફાળવાયેલી. એ ખાણો પણ કંઈ ઓછી આમદની ધરાવતી નથી, તેમ છતાં પપ્પાને મેં પાવરદાર તરીકે હટાવ્યા એ એમને ગમ્યું નહોતું.'

'તમારા પપ્પાએ ક્યારેય તમારા દાદા પાસેથી પોતાનો કોઈ હક માગ્યો નહોતો?'

'સાચું કહું તો પપ્પાને તો એમ જ હતું કે પોતે મણિરામના એક માત્ર સીધા વારસદાર છે. પપ્પાને કોઈ બહેન પણ નથી. તેમાંય દાદા મને બધું સોંપી જાય એ એમની જ નહીં બધાની કલ્પના બહારની વાત હતી. મને સમજાઈ ગયું કે વીજળી તો હજુ હવે પડવાની હતી. બહાર ખોટાં મહોરાં પહેરી દાદાના શબ પાસે ઉદાસ બેઠેલા મારા ભાઈઓ, એમની ઘરવાળીઓ અને ખાસ તો મારી મમ્મી મીનાક્ષીને જ્યારે ખબર પડશે કે એમના ભાગે કંઈ જ નથી ત્યારે શું થશે તેનો અંદાજ મને આવી ગયો હતો. તે છતાં કોઈ અદીઠ શક્તિ મને હિંમત આપતી હતી. રત્નાકરજીએ જ્યાં જ્યાં કહ્યું ત્યાં મેં ફટાફટ સહીઓ કરવા માંડી.'

'તે વખતે તમારા પપ્પાએ તમને સમજાવવાનો કોઈ પ્રયત્ન નહોતો કર્યો?'

'રત્નાકરજીએ મારા પપ્પાને જ્યારે કહ્યું કે મણિરામજી એક વિલ કરી ગયા છે અને વિલ રજિસ્ટર્ડ પણ થયેલ છે. હું એની એક કોપી લઈ આવ્યો છું. વિલ પ્રમાણે એમ.વી. એન્ટરપ્રાઈઝની માલિક કુમારી સોનલ ઝવેરી હોવાથી હવે એ જે નક્કી કરે તે પ્રમાણે તમારો અધિકાર રહેશે. પપ્પાએ એમને મારી ઉંમરને જોતાં એ વિલને જાહેર ન કરવાની સાવ નાખી દેવા જેવી વાત કહી. રત્નાકરજી એક ઈમાનદાર અને કર્તવ્યશીલ માણસ છે. જેટલા એ કાયદાના માહિર છે એટલા જ માણસને ઓળખવામાં પાવરધા છે. કરોડપતિઓના કામ સંભાળવા એટલે તલવારની ધાર પર ચાલવા બરાબર છે. વળી દાદાએ વિલ બનાવતી વખતે એમની સાથે ચર્ચા કરી જ હશે. રત્નાકરજીએ એવું કરવાની ના પાડી. આખરે મને બોલાવવામાં અવી. પપ્પાને હજુય એવું હતું કે હું એમને પાવરદાર તરીકે ચાલુ રહેવા દઈશ. આજેય મને નવાઈ લાગે છે કે તે દિવસે હું લાગણીમાં તણાઈ કેમ ન ગઈ. પપ્પા માટે આશ્વાસન હતું કે તેમને ભાગે ખાણો આવી હતી. પણ મારા ભાઈઓને ભાગે કંઈ જ આવ્યું નહોતું. તેઓ મારી અને પપ્પાની મહેરબાની પર જીવવાના હતા. અને એ લોકો એવું કોઈ કાળે નહીં સ્વીકારે એની મને ખાત્રી હતી. પપ્પાને જાણે અચાનક ખ્યાલ આવ્યો કે વિલ પ્રમાણે અમે જે મકાનમાં રહેતા હતા તે પણ મારું હતું. એમ.વી. એન્ટરપ્રાઈઝનું રોજનું ટર્નઓવર, એ જ્યાં આવેલી છે તે કોમ્પ્લેક્ષ ઉપરાંત સાંતાક્રુઝમાં આવેલું આઠ દુકાનોવાળું એક કોમ્પલેક્ષ, ઉપરાંત દાદાનું અંગત લોકર. આ બધાની માલિકી રાતોરાત મારી થઈ ગઈ હતી. કદાચ પપ્પા મનોમન દાદાને ગાળો દેતા હશે પણ કંઈ થઈ શકે તેમ નહોતું. રત્નાકરજીએ ઊઠતાં ઊઠતાં કહ્યું, શેઠ તમારા પરિવારના તમામ મેમ્બર્સ સામે મારે હજુ એકવાર આવવાનું થશે. મોટા શેઠ જે વિલ કરી ગયા છે તે બધા સમક્ષ જાહેર કરવાનું થશે. તમે જ્યારે કહેશો ત્યારે આવી જઈશ. બાકી આજથી જ ચેક પર સોનલબહેન સહી કરશે. મેં એમની સહીનો નમૂનો લઈ લીધો છે. તમે મને રજા આપો, હું સીધો સ્મશાન ઘાટે આવું છું.'

રત્નાકરજી ઉઠ્યા ત્યારે મને થયું કે હું એમના ચરણ સ્પર્શ કરીને કહું કે 'દાદા તમે હવે મને કદીય મેડમ ન કહેતા. મારાથી એમને સ્મિત અપાઈ ગયું. પેલી તરફ હું અને મારા પપ્પા અમારા સોલિસીટર સાથે છીએ એ વાતની ચર્ચા શરૂ થઈ ગઈ હતી.'

(ક્રમશઃ)■

# કૉમનવેલ્થના બે સિલ્વર-મેડલિસ્ટની સંઘર્ષની સફરઃ એક વેઇટલિફ્ટરે મજૂરી કરી હતી, બીજો ખેતમજૂરનો પુત્ર

ગ્લાસગોઃ કૉમનવેલ્થ ગેમ્સમાં આ વખતે વેઇટલિફ્ટિંગમાં એવા બે ભારતીય સ્પર્ધક સિલ્વર મેડલ જીત્યા છે જેમણે નાનપણથી પરિવારની ગરીબીને કારણે ખૂબ સંઘર્ષ કર્યો છે, માતા-પિતાને પરિવારનું ગુજરાન ચલાવવામાં મદદ પણ કરી છે અને હવે વિશ્વના આ બીજા નંબરના સૌથી મોટા રમતોત્સવમાં રજતચંદ્રક જીતીને દેશનું નામ રોશન કર્યું છે.

મણિપુરનો ૨૮ વર્ષનો ઋષિકાંત સિંહ રવિવારે કૉમનવેલ્થનું મેડલ જીતનાર મણિપુરનો પ્રથમ પુરુષ વેઇટલિફ્ટર બન્યો હતો. તેણે ૬૦ કિલો વજનની કૅટેગરીમાં કુલ ૨૬૪ કિલો (સ્નૅચમાં ૧૨૧ કિલો અને ૧૪૩ કિલો ક્લીન ઍન્ડ જર્કમાં) વજન ઊંચકીને બીજું સ્થાન મેળવીને રજતચંદ્રક મેળવ્યો હતો. મણિપુર રાજ્યએ દેશને મીરાંબાઈ ચાનુના રૂપમાં ટોચની વેઇટલિફ્ટર આપી છે. ચાનુએ બે દિવસ પહેલાં સતત ત્રીજી કૉમનવેલ્થમાં ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.

છ સભ્યવાળા ગરીબ પરિવારના ઋષિકાંતે ભૂતકાળમાં વેઇટલિફ્ટિંગની સ્પર્ધાઓ માટેની તાલીમ વખતે વેકેશન દરમ્યાન પરિવારનું ગુજરાન ચલાવવા તેના મમ્મી સાથે ખેતરમાં કામ કર્યું હતું તેમ જ ઇમારતના બાંધકામના સ્થળે મજૂરી કરી હતી. જોકે પુત્રને વેઇટલિફ્ટિંગમાં કારકિર્દી બનાવવા તેના મમ્મીનો તેને ઘણો સપોર્ટ મળ્યો હતો. ઋષિકાંતના પિતા બસ કન્ડક્ટર અને ટ્રક ડ્રાઇવર છે. ઋષિકાંતનો મોટો ભાઈ પીટીઆઇને કહે છે, ‘ખેતીની મોસમ દરમ્યાન અમારી મમ્મી ખેતરમાં કામ કરીને રોજના ૨૦૦થી ૩૦૦ રૂપિયા કમાય છે.’

### મમ્મી-પપ્પાએ પહેલી વખત ટીવી પર જોયો

હાલમાં ઋષિકાંતનાં મમ્મી-પપ્પા રાજસ્થાનમાં મોટા પુત્ર અમરજિતના ઘરે રહે છે. અમરજિત કહે છે, ‘અમે ઋષિકાંતને કૉમનવેલ્થમાં સિલ્વર મેડલ જીતતો ટીવી પર જોયો. અમારા મમ્મી-પપ્પાએ પહેલી જ વખત તેને ટીવી પર લાઇવ ટેલિકાસ્ટમાં હરીફાઈમાં ભાગ લેતો અને મેડલ જીતતો જોયો.’

### બૉક્સર બનવું હતું, ગુજરાતમાં નૌકાદળનો સૈનિક છે

ઋષિકાંત સિંહ ભારતીય નૌકાદળમાં સૈનિક છે અને હાલમાં તેનું પોસ્ટિંગ ગુજરાતમાં છે. ઋષિકાંત વેઇટલિફ્ટર બન્યો એ પહેલાં તેને બૉક્સર બનવાની ખૂબ ઇચ્છા હતી. ખાસ કરીને તે ડિંગ્કો સિંહ અને મૅરી કૉમની સિદ્ધિઓથી ખૂબ પ્રભાવિત થયો હતો. જોકે નૅશનલ સ્પોર્ટ્સ ઍકેડેમી કે જેમાં તેણે વેઇટલિફ્ટિંગની તાલીમ લેવા માટે જ અરજી કરી હતી એમાં જ્યારે ટ્રાયલ શરૂ થઈ ત્યારે તેને વેઇટલિફ્ટિંગની હરીફાઈ માટે જ સિલેક્ટ કરવામાં આવ્યો હતો. ઋષિકાંતે બૉક્સિંગમાં તાલીમ આપવા વિનંતી કરી હતી, પણ અધિકારીએ કહ્યું કે ‘તેં વેઇટલિફ્ટિંગ માટે જ અરજી કરી છે એટલે હવે સ્પોર્ટમાં કોઈ ફેરફાર નહીં થાય.’ ઋષિકાંતના મોટા ભાઈ અમરજિતે પીટીઆઇને કહ્યું, ‘પાંચ વર્ષ પહેલાં મને ઋષિકાંતે કહેલું કે તે મણિપુરનો સૌપ્રથમ કૉમનવેલ્થ મેડલિસ્ટ બનીને રહેશે.’


ઋષિકાંત સિંહ


રાજા મુથુપંડી

## કૉમનવેલ્થમાં ભારતના પહેલા ૧૦ મેડલ વિજેતા

કૉમનવેલ્થ ગેમ્સમાં ઑસ્ટ્રેલિયા મંગળવારના છઠ્ઠા દિવસે આ અહેવાલ લખાઈ રહ્યો હતો ત્યાં સુધીમાં ૨૮ ગોલ્ડ સહિત કુલ ૬૧ મેડલ સાથે મોખરે હતું. ભારતીયોને આ ૧૦ મેડલ મળ્યા હતાઃ (૧) મીરાંબાઈ ચાનુ, વેઇટલિફ્ટિંગમાં ગોલ્ડ (૨) શર્મિલા ધનખડ, પૅરા શૉટ પુટ (ગોળા ફેંક)માં ગોલ્ડ (૩) ઋષિકાંત સિંહ, વેઇટલિફ્ટિંગમાં સિલ્વર (૪) રાજા મુથુપંડી, વેઇટલિફ્ટિંગમાં સિલ્વર (૫) જ્ઞાનેશ્વરી યાદવ, વેઇટલિફ્ટિંગમાં સિલ્વર (૬) વલ્લુરી અજય બાબુ, વેઇટલિફ્ટિંગમાં સિલ્વર (૭) સર્વેશ કુશારે, ઍથ્લેટિક્સમાં સિલ્વર (૮) ઝંડુ કુમાર, પૅરા પાવરલિફ્ટિંગમાં બ્રૉન્ઝ (૯) બિંદિયારાની દેવી, વેઇટલિફ્ટિંગમાં બ્રૉન્ઝ (૧૦) શિલ્પા શાયલા, પૅરા શૉટ પુટ (ગોળા ફેંક)માં બ્રૉન્ઝ.


### વેઇટલિફ્ટર રાજાના પિતા ખેતમજૂર

રવિવારે કૉમનવેલ્થમાં ૬૫ કિલો વજનના વર્ગમાં સિલ્વર મેડલ જીતનાર તમિળનાડુનો રાજા મુથુપન્ડી ખેતમજૂરનો દીકરો છે. રાજાનો મોટો ભાઈ સુરેશ પણ રાષ્ટ્રીય સ્તરનો વેઇટલિફ્ટર હતો. રાજાના પિતા ખેતીમાં મજૂરી કરે છે અને તેમણે પુત્રને આંતરરાષ્ટ્રીય સ્તરનો વેઇટલિફ્ટર બનાવવા ઘણી રીતે બલિદાન આપ્યું છે. ખુદ રાજાએ છેલ્લાં સાત વર્ષમાં ઘણા પ્રકારની ઈજાનો તેમ જ બીમારીઓનો સામનો કર્યો છે. જોકે એનો સામનો કરવા માટેના મનોબળ અને શક્તિ તેને સ્પોર્ટ્સ સાયન્સના અભ્યાસમાંથી મળી હતી. ■

# ક્રિકેટર બનવાનું પુત્રનું સપનું પૂરું કરવા પિતાની ગંભીર બીમારી માતાએ છુપાવી રાખી!

### હનુમાનજીના મંદિરમાં તલ્લીન હતો ત્યારે સિલેક્ટરોએ ટીમ ઇન્ડિયામાં તેના સમાવેશની જાણ કરી





નવી દિલ્હીઃ આવતા મહિને શ્રીલંકાના પ્રવાસમાં બે મૅચની સિરીઝ રમનાર ભારતીય ટેસ્ટ ટીમમાં પહેલી વખત સ્થાન મેળવનાર મધ્ય પ્રદેશના ૩૩ વર્ષીય ઑફ-સ્પિન ઑલરાઉન્ડર સારાંશ જૈને આંતરરાષ્ટ્રીય ક્રિકેટર બનવાનું ૧૨ વર્ષ પહેલાં જ્યારે પહેલી વખત સપનું જોયું હતું એ અરસામાં તે પિતાની ગંભીર બીમારીથી ખૂબ ચિંતિત પણ હતો, પણ ખુદ તેના પિતા અને માતાએ પ્રેમ અને સ્નેહથી પુત્રને બધી ચિંતામાંથી મુક્ત કર્યો હતો અને આજે સમય એ આવ્યો છે કે તેણે પહેલી વખત ટીમ ઇન્ડિયામાં સ્થાન મેળવ્યું છે.

૨૦૧૪માં સારાંશ ૨૧ વર્ષનો હતો ત્યારે તેની ક્રિકેટ કારકિર્દીની હજી માંડ શરૂઆત હતી. ત્યારે તે ઇન્દોરની એક ક્લબ ટીમ સાથે ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ગયો હતો. ત્યાંથી તે જ્યારે પણ ફોન કરતો અને પપ્પા વિશે પૂછતો ત્યારે તેના મમ્મી કે મોટા ભાઈ તેને કહેતા કે, ‘પપ્પા કામમાં વ્યસ્ત છે એટલે હમણાં વાત નહીં કરી શકે.’ જોકે સારાંશ સ્વદેશ પાછો આવ્યો ત્યારે હકીકત જાણીને તેની આઘાતનો કોઈ પાર નહોતો. તેના પિતાને મોઢામાં કૅન્સર થયું હોવાનું ત્યારે નિદાન થયું હતું.

### પિતાએ કાગળ પર લખેલું વાક્ય પ્રેરણારૂપ

સારાંશના પિતા સુબોધ જૈન પુત્રના એકમાત્ર કોચ છે. તેઓ ૬૧ વર્ષના છે. ખુદ તેઓ ભૂતકાળમાં ઑફ-સ્પિનર હતા અને મધ્ય પ્રદેશ વતી રણજી ટ્રોફીમાં રમ્યા હતા. તેમના જમાનામાં ગોપાલ શર્મા મધ્ય ઝોનના મુખ્ય ઑફ સ્પિનર હતા એટલે સુબોધ જૈનને ભારત વતી નહોતું રમવા મળ્યું. તેમણે પીટીઆઇને પુત્ર વિશેની ચર્ચામાં વધુમાં કહ્યું, ‘સર્જરી પછી મારું મોં ખૂબ સુજી ગયું હતું એટલે હું જરાય બોલી નહોતો શક્તો. સારાંશ પાછો આવ્યો ત્યારે હકીકત જાણીને સ્તબ્ધ થઈ ગયો હતો. મેં પેન લઈને કાગળ પર લખ્યું કે બેટા, તુ જિતના અચ્છા કરેગા, મૈં ઉતની જલદી ઠીક હો જાઉંગા.’

### હનુમાનના મંદિરેથી બહાર આવ્યો અને...

મંગળવારે સારાંશને ભારતીય ટીમમાં પહેલી વખત જગ્યા મળી ત્યારે પિતાની ૧૨ વર્ષ પહેલાંની ચિઠ્ઠી તેના માટે સૌથી મોટી પ્રેરણા બની એવું કહી શકાય. મંગળવારે તે હનુમાનજીના મંદિરે પ્રાર્થનામાં તલ્લીન હતો ત્યારે સિલેક્ટરોએ ભારતીય ટીમમાં તેના નામની જાહેરાત કરી હતી. તેના પિતાએ પીટીઆઇને કહ્યું, ‘સારાંશ હનુમાનજીના મંદિરમાં હતો ત્યારે તેના મોબાઈલ પર એક કૉલ આવ્યો હતો, પણ તે ભક્તિ-પૂજામાં વ્યસ્ત હતો એટલે કૉલ રિસીવ નહોતો કર્યો. મંદિરમાંથી બહાર આવીને તેને જાણવા મળ્યું કે તે ટીમ ઇન્ડિયામાં સિલેક્ટ થયો છે. પુત્રના આ સિલેક્શનથી મારી ખુશીનો કોઈ પાર નથી. મારી કારકિર્દી રણજી ટ્રોફી સુધી જ સીમિત રહી, પરંતુ ભારત વતી રમવાનું મારું સપનું મારો પુત્ર પૂરું કરશે.’

## શ્રીલંકાના પ્રવાસ માટેની ભારતીય ટેસ્ટ ટીમ

શ્રીલંકામાં ૧૫મી ઑગસ્ટથી ગૉલમાં અને ૨૩મી ઑગસ્ટથી કોલંબોમાં રમાનારી બીજી ટેસ્ટ માટેની ભારતીય ટીમમાં શુભમન ગિલ (કૅપ્ટન), કે. એલ. રાહુલ (વાઇસ કૅપ્ટન), રિષભ પંત (વિકેટકીપર), ધ્રુવ જુરેલ (વિકેટકીપર), યશસ્વી જયસ્વાલ, સાઇ સુદર્શન, દેવદત્ત પડિક્કલ, રવીન્દ્ર જાડેજા, સારાંશ જૈન, માનવ સુથાર, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના અને ગુરનૂર બ્રારનો સમાવેશ છે.

### અશ્વિનનો ફૅન, પાટીદાર સાથે ઘણું રમ્યો

સારાંશને ઑફ-સ્પિનની કળા પિતા પાસેથી મળી છે. પિતાએ તેના વિશે કહ્યું, ‘સારાંશ ઑફ-સ્પિનની બાબતમાં અગાઉ સૌથી વધુ મને ફૉલો કરતો હતો, પણ થોડા સમયથી તે રવિચન્દ્રન અશ્વિનનો ફૅન છે. તેના વીડિયો જોઈને તે ઘણું શીખ્યો છે. મેં સારાંશ સહિત મધ્ય પ્રદેશના ઘણા ખેલાડીઓને કોચિંગ આપ્યું હતું. તેઓ બધામાં એક મોટો ગુણ હતો...તેઓ બોલતા ઓછું અને પોતાના કામ પર બધુ ધ્યાન આપતા. સારાંશ ૧૧ વર્ષનો હતો ત્યારથી (રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુના ચૅમ્પિયન કૅપ્ટન) રજત પાટીદાર સાથે ઘણું રમ્યો છે. ■

# કૅરિબિયન બોલરની સતત પાંચ મેઇડન ઓવરમાં એક-એક વિકેટ, નવો વિશ્વવિક્રમ

ટારૌબા (વેસ્ટ ઇન્ડિઝ): પાકિસ્તાન સામે સિરીઝની પ્રથમ ટેસ્ટમાં સોમવારે ત્રીજા દિવસે ટ્રિનિદાદના બ્રાયન લારા ક્રિકેટ ઍકેડેમી સ્ટેડિયમમાં વેસ્ટ ઇન્ડિઝના પેસ બોલિંગ ઑલરાઉન્ડર જસ્ટિન ગ્રીવ્ઝે એક એવી સિદ્ધિ મેળવી જે ટેસ્ટ ક્રિકેટના ૧૪૯ વર્ષના ઇતિહાસમાં અગાઉ કોઈએ નહોતી મેળવી.

ગ્રીવ્ઝે સતત પાંચ મેઇડન ઓવરમાં એક-એક વિકેટ લીધી હતી. આ પાંચ ઓવર એવી હતી જેમાં તેણે એક પણ રન નહોતો આપ્યો, પરંતુ દરેક ઓવરમાં એક વિકેટ લીધી હતી. ટૂંકમાં, ગ્રીવ્ઝની



પાંચેય ઓવર વિકેટ-મેઇડન રહી હતી.

ગ્રીવ્ઝે ઇંગ્લૅન્ડના ભૂતપૂર્વ પેસ બોલર સ્ટુઅર્ટ બ્રૉડનો ૧૦ વર્ષ જૂનો વિશ્વવિક્રમ તોડી નાખ્યો હતો. બ્રૉડે ૨૦૧૬માં જોહનિસબર્ગમાં સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટમાં સતત ચાર ઓવરમાં વિકેટ લીધી હતી.

પાકિસ્તાન-વેસ્ટ ઇન્ડિઝ ટેસ્ટ શનિવાર, પચીસમી જુલાઈએ શરૂ થઈ હતી. પ્રથમ દાવમાં કૅરિબિયન ટીમે વિકેટકીપર શાઈ હોપના ૯૨ રન તથા કેવન હૉજના ૮૪ રનની મદદથી કુલ ૩૧૧ રન બનાવ્યા હતા. પાકિસ્તાનની ટીમ સેન્ચુરિયન શાન મસૂદ (૧૦૯ રન)ના મોટા યોગદાનને કારણે સારી સ્થિતિમાં હતી, પણ દાવની ૬૪મી ઓવર જે ગ્રીવ્ઝની મેઇડન ઓવર હતી એના છેલ્લા બૉલમાં તેણે મસૂદને ક્લીન બોલ્ડ કર્યો હતો. ત્યાર બાદ ગ્રીવ્ઝે પાકિસ્તાનના મિડલ અને લોઅર ઑર્ડરને નેસ્તનાબૂદ કરી નાખ્યો હતો. મસૂદની વિકેટવાળી મેઇડન ઓવર બાદ ગ્રીવ્ઝે જે ઓવર કરી એ પણ મેઇડન હતી અને એમાં તેણે આમેર જમાલ (ત્રણ રન)ને ક્લીન બોલ્ડ કર્યો હતો. તેની એ ઓવર પણ મેઇડન હતી. ત્યાર પછીની ત્રણ મેઇડન ઓવરમાં ગ્રીવ્ઝે અલી ઉસ્માન (૦), મોહમ્મદ રિઝવાન (૧૨) અને મોહમ્મદ અબ્બાસ (૦)ની વિકેટ મેળવી હતી. મસૂદની વિકેટ વખતે કુલ સ્કોર ૫/૨૪૪ હતો, પણ ગ્રીવ્ઝની પાંચમી વિકેટ મેઇડન ઓવરને અંતે સ્કોર ૯/૨૬૭ હતો. ■

# ટીમ ઇન્ડિયાના સહાયક-કોચ અને ફીલ્ડિંગ કોચના કૉન્ટ્રૅક્ટ રિન્યૂ નહીં થાય

નવી દિલ્હીઃ ટીમ ઇન્ડિયાના સહાયક કોચ રાયન ટેન ડૉચેટ અને ફીલ્ડિંગ કોચ ટી. દિલીપના બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) સાથેના કૉન્ટ્રૅક્ટ પૂરા થઈ ગયા છે અને ક્રિકેટ બોર્ડ તેમની સાથેના કરાર હવે નહીં લંબાવે, એવી બોર્ડના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ મંગળવારે પીટીઆઇને જણાવ્યું હતું.

આવતા મહિને બે ટેસ્ટ રમવા માટે ભારતીય ટીમ શ્રીલંકા જશે અને એ ટૂર વખતે બીસીસીઆઇ નવા ફીલ્ડિંગ કોચના નામની જાહેરાત કરી દેશે. બેથી ત્રણ નામ ચર્ચામાં છે, પરંતુ કહેવાય છે કે ભારતની મહિલા ટીમના તેમ જ ઇન્ડિયા-એ ટીમના સપોર્ટ સ્ટાફના મેમ્બર સુભદીપ ઘોષનું નામ અગ્રેસર છે અને તેઓ ડૉચેટ તથા દિલીપનું સ્થાન લેશે એવી સંભાવના છે. આસામના ઘોષ છ-સાત વર્ષથી (રાહુલ દ્રવિડના કાર્યકાળથી) બીસીસીઆઇની સાથે છે. ■

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.



## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| REACH | વાંચવું |
| REACT | રાજીખુશીથી |
| READ | પહોંચવું |
| READY | પ્રતિક્રિયા |
| READILY | તૈયાર |

## માતૃભાષાની મહેક

કવિતાની બે ચાર પંક્તિઓ ક્યારેક ઉખાણા રૂપે આવે છે તો ક્યારેક બહુ મોટો બોધ આપી જીવન દર્શન કરાવી જાય છે. અસલના વખતમાં અમુક મંગળ પ્રસંગ વખતે કવિતાની બે કડીમાં ઉખાણું પૂછવામાં આવતું હતું. ક્યારેક જોડકણાં હોય જેમકે આટ્યું પાટ્યું ભોંયમાં દાટ્યું, સવારે જોયું તો સોનાનું પાટ્યુંઃ આ ઉખાણાનો જવાબ છે સૂરજ.

## ગુજરાત મોરી મોરી રે


‘કોઈને પણ જાણ ન થાય એમ ગુપ્તદાન કરવું’ એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

જાણે કરે હાથ ન ડાબો એ હાથ જમણો

## ઈર્શાદ

*આજે મરણનો ભેદ કાં પૂછે છે આ જગત?*
*પેદા થતાં ન પૂછ્યું કે કાં આવવું પડ્યું?!*
*સૈફ પાલનપુરી*

## શબ્દલાલિત્ય



### આડી ચાવી

૧. સોબત વિનાનો, એકલો (૫)
૫. કાશી (૪)
૮. બાળપણ (૪)
૯. પીડા, ઉપાધિ (૨)
૧૧. સૂર્ય (૩)
૧૨. ટેવ, લત (૩)
૧૩. ઝેરના --- ન હોય (૩)
૧૬. --- કરવો= નાત જમાડવી તે (૨)
૧૮. અઠવાડિયાનો એક વાર (૨)
૨૦. મોટો સાધુ, મઠાધિકારી (૩)
૨૧. સુગંધ, ફોરમ (૩)
૨૩. ભાર, વજન (૩)
૨૬. જળ, પાણી (૨)
૨૮. સરાસરી (૪)
૩૧. સ્વચ્છતા, શુદ્ધતા (૪)
૩૨. પરચૂરણ ખરચ (૫)

### ઊભી ચાવી

૧. ગુરૂદક્ષિણામાં પોતાનાં હાથનો અંગૂઠો આપી દેનાર (૪)
૨. હોઠ (૨)
૩. ચેતવણી, ઈશારો (૩)
૪. નાનો છોડ (૨)
૬. રાજાને છાજે તેવું (૩)
૭. જનકતનયા (૨)
૧૦. રક્ષાબંધનની ભાઈની બેનને ભેટ (૩)
૧૧. દાન, ખેરાત (૪)
૧૪. ઊંટના અઢારે અંગ --- (૨)
૧૫. ચડાઈ, હુમલો (૪)
૧૭. દુર્ગંધ (૨)
૧૯. પાર્વતી (૩)
૨૨. ઝરણું (૪)
૨૪. એક કાંટાવાળું વૃક્ષ (૩)
૨૫. કબૂલાત, ઠરાવ (૩)
૨૭. અનાજ, રવ (૨)
૨૯. નાની ખીલી (૨)
૩૦. ઈંદ્રાણી (૨)

### ગયા વખતનો ઉકેલ



## ઓળખાણ પડી?

સ્થળાંતરમાં નિપુણ અને ઉડ્ડયન દરમિયાન જંતુ ખાવા સહિત અનેક પ્રવૃત્તિ કરી શકવાની ક્ષમતા ધરાવતા અનોખા પક્ષીની ઓળખાણ પડી?



અ) Nightjar બ) Hawk ક) Swift ડ) Swallow

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘કેટલાક લોકો સ્વભાવે મખ્ખીચૂસ હોય છે’ કહેવતમાં મખ્ખીચૂસ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) જંતુનાશક બ) કંજૂસ ક) આક્રમક ડ) જિદ્દી

## માઈન્ડ ગેમ

આ વર્ષની ‘ફિફા’ વર્લ્ડ કપ ફાઈનલમાં સૌથી નાની ઉંમરે રમનારા ખેલાડીનું નામ જણાવો જેનું મેસી સાથે અનોખું કનેક્શન હતું.

અ) રોડ્રિ બ) બેલીન્ગહમ ક) હકીમી ડ) યમાલ

## સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | | ૫ | | ૧ | | |
| | ૩ | ૪ | ૧ | ૬ | | | | |
| ૮ | ૨ | | ૯ | | | | | |
| ૭ | ૫ | | ૪ | | ૩ | | | |
| ૩ | | | | | | | | ૭ |
| | | | ૬ | | ૭ | | ૯ | ૫ |
| | | | | | ૯ | | ૬ | ૨ |
| | | | | ૩ | ૧ | ૯ | ૭ | |
| | | ૭ | | ૨ | | | | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૮ | ૭ | ૩ | ૯ | ૧ | ૪ | ૫ | ૨ |
| ૨ | ૧ | ૪ | ૭ | ૬ | ૫ | ૩ | ૯ | ૮ |
| ૩ | ૯ | ૫ | ૪ | ૨ | ૮ | ૧ | ૭ | ૬ |
| ૯ | ૫ | ૮ | ૬ | ૧ | ૩ | ૭ | ૨ | ૪ |
| ૭ | ૩ | ૬ | ૮ | ૪ | ૨ | ૫ | ૧ | ૯ |
| ૧ | ૪ | ૨ | ૯ | ૫ | ૭ | ૬ | ૮ | ૩ |
| ૪ | ૬ | ૧ | ૫ | ૮ | ૯ | ૨ | ૩ | ૭ |
| ૮ | ૨ | ૩ | ૧ | ૭ | ૬ | ૯ | ૪ | ૫ |
| ૫ | ૭ | ૯ | ૨ | ૩ | ૪ | ૮ | ૬ | ૧ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RAW | કાચું |
| RAWNESS | કચાશ |
| RAY | કિરણ |
| RAZE | પાડવું |
| RAZZLE | ધમાલ |

**ગુજરાત મોરી મોરી રેઃ**
તારું મારું સહિયારું ને મારું મારા બાપનું

**ઓળખાણ પડી?**
ઓસ્ટ્રેલિયા

**માઈન્ડ ગેમ :**
ઉરુગ્વે

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
સૂર્ય

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) ભરત કજરિયા (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) ભામિની સંપટ (૯) મુલરાજ કપૂર (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) મીનળ કાપડિયા (૧૪) હેમાંગી કે. મારુ (૧૫) વિપીન શાહ (૧૬) નૂતન વિપીન શાહ (૧૭) કમલ માતલિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) ભાવના કર્વે (૨૧) પ્રવીણ વોરા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) નંદુભાઈ અ ગોઠી (૨૫) જયવંત પદમશી ચિખલ (૨૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) મહેશ સંઘવી (૩૦) વિણા સંપટ (૩૧) અંજુ ટોલિયા (૩૨) ડાયના સંતોકે (૩૩) અલકા વાણી (૩૪) નિતીન જયંતીલાલ બજરિયા (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) હિનાબેન દલાલ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) ઈનાક્ષીબેન દલાલ (૪૦) સુભાષ મોમાયા (૪૧) નીતા દેસાઈ (૪૨) પુષ્પા પટેલ (૪૩) તાહેર ઔરંગાબાદવાલા (૪૪) શીરીન ઔરંગાબાદવાલા (૪૫) મહેશ દોશી (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ

## જુલાઈના ધોધમાર વરસાદથી રાજ્યના મોટા બંધ ભરાઈ જતા

# પાણીનું ટેન્શન હળવું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: 'અલ નિનો' અસરને કારણે આ વર્ષે ઓછો વરસાદ થવાની આગાહી કરવામાં આવી હતી, તેમાં પાછું ચોમાસાનું આગમન પણ લંબાઈ ગયું હતું અને જૂનના અંત સુધીમાં મહારાષ્ટ્રના મોટાભાગના બંધ તળિયે પહોંચી ગયા હતા. પરિસ્થિતિ દિવસે ને દિવસે ગંભીર બની રહી હતી. જોકે જુલાઈની શરૂઆતમાં જ વરસાદ તીવ્ર બન્યો અને એક મહિનાની અંદર જ રાજ્યના બધા મુખ્ય બંધ ભરાઈ ગયા છે. તેથી રાજ્યના બધાં મોટાં શહેરોની વર્ષભરની પાણીની ચિંતા લગભગ દૂર થઈ ગઈ છે.

મહારાષ્ટ્રનો સૌથી મોટો ઉજની બંધ ૧૧૭ ટીએમસીની ક્ષમતા ધરાવતો ૧૦૦ ટકા ભરાઈ ગયો છે, જે પુણે, સોલાપુર અને અહિલ્યાનગર જિલ્લાઓની ચિંતા દૂર કરશે. સોલાપુર જિલ્લામાં ખૂબ ઓછો વરસાદ પડ્યો હોવા છતાં પુણે જિલ્લાના બંધોમાંથી છોડવામાં આવેલા પાણીને કારણે ઉજની બંધ ભરાઈ ગયો છે.

રાજ્યનો બીજો સૌથી મોટો બંધ ૧૦૬ ટીએમસીની ક્ષમતા ધરાવતો કોયના બંધ ૭૫ ટકા ભરાઈ ગયો છે. આનાથી સતારા અને સાંગલી જિલ્લાઓને રાહત મળશે. મરાઠવાડા માટે મહત્ત્વનો ગણાતો ડેમ ૬૨ ટકા ભરાઈ ગયો છે. નાસિક જિલ્લામાં ભારે વરસાદના પરિણામે ૨૭ દિવસમાં પચ્ચીસ ટીએમસી પાણી એકઠું થયું છે. આના કારણ છત્રપતિ સંભાજી નગર અને જાલનાની પાણીની સમસ્યાનો ઉકેલ આવશે.

કોંકણ ક્ષેત્રના ૧૧ બંધમાં ૮૫.૩૯ ટકા પાણી એકઠું થયું છે. પુણે ક્ષેત્રના ૩૫ બંધમાં ૮૨.૮૭ ટકા પાણી એકઠું થયું છે. નાસિક ક્ષેત્રના બાવીસ બંધમાં ૭૩.૨૪ ટકા પાણી એકઠું થયું છે. છત્રપતિ સંભાજી નગર ક્ષેત્રના ૪૪ ડેમમાં ૪૫.૬૬ ટકા અને અમરાવતી વિભાગના ૧૦ બંધમાં કુલ ૪૩.૯૯ ટકા પાણીનો તથા નાગપુર વિભાગના ૧૬ બંધમાં ૫૩.૯૨ ટકા પાણીનો સંગ્રહ થયો છે.

રાજ્યમાં કુલ પાણીનો સંગ્રહ હાલમાં ૬૯.૪૩ ટકા છે, જ્યારે ગયા વર્ષે આ જ સમયે પાણીનો સંગ્રહ ૭૬.૧૪ ટકા હતો. અલ-નીનોની અસર હેઠળ નબળા ચોમાસાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે, પરંતુ મહારાષ્ટ્રમાં આ વરસાદથી ઘણા મોટા વિસ્તારોમાં રાહત મળી છે અને મોટાં શહેરોનું પાણીનું સંકટ લગભગ ટળી ગયું છે.

## મુંબઈનાં જળાશયોમાં મે સુધી ચાલે એટલું પાણી જમા

મુંબઈને પાણીપુરવઠો કરનારા સાતેય જળાશયોમાં ૮૮.૮૧ ટકા પાણી જમા થઈ ગયું છે. મંગળવારે સવારનાં જળાશયોમાં ૧૨,૮૫,૪૪૯ મિલ્યન લિટર જેટલો પાણીનો જથ્થો હતો. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં લગભગ સમાન એટલે કે ૮૮.૭૦ ટકા પાણી જળાશયોમાં હતાં. તો ૨૦૨૪માં જળાશયોમાં ૭૨.૯૭ ટકા એટલે કે ૧૦,૫૬,૧૫૭ મિલ્યન લિટર પાણી હતું. અત્યાર સુધી મુંબઈને પાણીપુરવઠો કરનારા તાનસા, મોડક સાગર, વિહાર અને તુલસી છલકાઈ ગયા છે. તો ભાતસા લગભગ ૮૭ ટકા ભરાઈ ગયું છે અને મિડલ વૈતરણા ૯૦.૩૦ ટકા અને અપર વૈતરણા ૭૭.૫૧ ટકા ભરાઈ ચૂક્યું છે. જળાશયોમાં આવતા મે સુધી ચાલે એટલું પાણી જમા થઈ ગયું હોવા છતાં પાલિકા ૧૦ ટકા પાણીકાપ પાછો ખેંચવામાં કોઈ ઉતાવળ કરવાની ન હોવાનું પાલિકાના પાણીપુરવઠા વિભાગના અધિકારીએ જણાવ્યું હતું. ■

### મરાઠવાડામાં પાણીની મુશ્કેલી વધી

## માત્ર ૨૦ દિવસમાં ટેન્કરની સંખ્યા બમણી થઈ

છત્રપતિ સંભાજી નગરઃ મોસમના ઓછા વરસાદને કારણે મહારાષ્ટ્રના મરાઠવાડા ક્ષેત્રના ગ્રામીણ વિસ્તારોમાં પાણી પહોંચાડવા માટે તૈનાત ટેન્કરની સંખ્યા વીસ દિવસમાં બમણી થઈને ૪૭૮ થઈ ગઈ હોવાની જાણકારી એક અધિકારીએ મંગળવારે આપી હતી.

આ પ્રદેશમાં અત્યાર સુધીના સરેરાશ અપેક્ષિત વરસાદના માત્ર ૭૭ ટકા વરસાદ પડ્યો છે. વિભાગીય કમિશનર કાર્યાલયના અહેવાલ અનુસાર જૂન મહિનાથી આઠ જિલ્લામાં ૨૩૩.૫ મિમી વરસાદ પડ્યો છે, જ્યારે સરેરાશ અપેક્ષિત વરસાદ (૨૮ જુલાઈ સુધી) ૩૦૨.૨ મિમી છે. ગયા વર્ષે આ દિવસ સુધીમાં આ પ્રદેશમાં ૨૭૯.૬ મિમી વરસાદ પડ્યો હતો, જે સરેરાશ અપેક્ષિત વરસાદના ૯૨.૫ ટકા હતો એમ તેમાં જણાવાયું છે.

સાતમી જુલાઈએ ૧૦૩ ગામડા અને ૮૪ વસાહત પીવાનાં પાણી માટે ૨૦૦ ટેન્કર પર નિર્ભર હતા. આ આંકડો માત્ર ૨૦ દિવસમાં બમણો થઈ ગયો છે. આજની તારીખમાં ૪૨૮ ટેન્કર મરાઠવાડાના ૨૫૭ ગામડાં અને ૧૩૦ વસાહતમાં પાણી પહોંચાડી રહ્યા છે. મરાઠવાડાના જિલ્લાઓના વહીવટીતંત્રે ગામડાઓમાં પાણી પહોંચાડવા અને ટેન્કરો ભરવા માટે ૮૮૭ કૂવાઓ સંપાદિત કર્યા હતા. વરસાદ ઓછો અને અસમાન હોવાથી સંપાદિત કૂવાઓની સંખ્યા પણ લગભગ ૧,૦૦૦ સુધી પહોંચી ગઈ છે. (પીટીઆઈ)

## થાણેમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૮નાં મોત

મુંબઈ: થાણે જિલ્લામાં ચાલુ વર્ષે ચોમાસામાં અત્યાર સુધી વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૮ લોકોના મોત થયા છે, જ્યારે ભેખડ ધસી પડવી, દિવાલ ધરાશાયી થવા અને પૂરને કારણે ૭૯૦ થી વધુ લોકો પ્રભાવિત થયા હોવાનું અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.

જિલ્લા વહીવટીતંત્રના અહેવાલ મુજબ સોમવારે બે લોકોના મોત થયા હતા. ચાલુ ચોમાસા દરમ્યાન જિલ્લામાં વરસાદ સંબંધિત વિવિધ ઘટનાઓમાં ૧૭ વ્યક્તિઓ જખમી થયા હોવાનું જણાવાયું છે. મુંબઈના પડોશી થાણે જિલ્લામાં આ મહિનામાં અનેક દિવસો સુધી ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે વિવિધ વિસ્તારોમાં દિવાલ ધરાશાયી થવા અને પૂર આવવાની ઘટનાઓ બની હતી. ૨૪ જુલાઈથી ચાર વ્યક્તિઓ પૂરમાં તણાઈ ગયા હતા અને પાણીમાં ડૂબી ગયા હતા. ભેખડ ધસી પડવા, દિવાલ ધરાશાયી થવા, નદીઓમાં પૂર આવવા અને અન્ય વરસાદને કારણે થતી આફતો જેવી ઘટનાઓને કારણે ૭૯૭ વ્યક્તિઓ સહિત ૨૨૯ પરિવારો પ્રભાવિત થયા છે. તેમને રાહત શિબિરોમાં રાખવામાં આવ્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ભારે વરસાદને કારણે કુલ ૧૮૭ ઘરમાં અમુક સંપૂર્ણપણે ધરાશાયી થયા છે તો અમુક ઘરને આંશિક નુકસાન થયું છે. ભારે વરસાદ અને ભારે પવનને કારણે પાંચ ઝૂંપડા, એક કોમ્યુનિટી હોલ અને એક આંગણવાડી કેન્દ્રને પણ નુકસાન થયું છે. અહેવાલમાં જણાવાયું છે કે પ્રતિકૂળ હવામાન દરમિયાન જિલ્લામાં ત્રણ મરઘાં એકમોને પણ નુકસાન થયું છે. જિલ્લા વહીવટીતંત્ર અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને પુનઃસ્થાપનના પગલાં ચાલુ રાખી રહ્યું છે. (પીટીઆઈ)

## ડીપફેક અને એઆઈ પોસ્ટ્સ મામલે ગડકરીની અરજી પર હાઈ કોર્ટ પાંચ ઓગસ્ટે સુનાવણી કરશે

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે જણાવ્યું હતું કે તે ઇથેનોલ નીતિ અંગે પોતાની વિરુદ્ધ અપલોડ કરવામાં આવેલા 'બદનક્ષીભર્યા' ડીપફેક્સ અને એઆઈ-જનરેટેડ પોસ્ટ્સ મામલે મેટા, એક્સ કોર્પ, ગૂગલ એલએલસી અને અજાણ્યા વ્યક્તિઓ સામે કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી દ્વારા દાખલ કરવામાં આવેલા કેસની સુનાવણી પાંચ ઓગસ્ટે કરશે.ન્યાયમૂર્તિ આરિફ ડોક્ટરની બેન્ચે કેન્દ્રીય પ્રધાનના વકીલ સંદીપ લાડ્ડાને નિર્દેશ આપ્યો કે તેઓ પ્રતિવાદીઓને દીવાની દાવા (સિવિલ સૂટ)ની નકલો સોંપે, જેમાં તેમની પ્રતિષ્ઠાને કથિત રીતે નુકસાન પહોંચાડતી પોસ્ટ્સના પ્રસાર સામે કાયમી મનાઈ હુકમની માગ કરવામાં આવી હતી. અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે ઓનલાઇન પોસ્ટ્સમાં કરવામાં આવેલા આક્ષેપો ''સંપૂર્ણપણે ખોટા, દ્વેષપૂર્ણ અને અત્યંત બદનક્ષીકારક'' છે અને તેનો ઉદ્દેશ્ય ગડકરી વિરુદ્ધ લોકોમાં ભ્રમ ફેલાવવાનો છે. તેમાં જણાવવામાં આવ્યું

હતું કે ઇથેનોલ-બ્લેન્ડિંગ કાર્યક્રમ અને ઈ ૨૦ નીતિનું સંચાલન પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે, ન કે તેમના દ્વારા વ્યક્તિગત રીતે.

જોકે અરજીમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે જાહેર ચર્ચા કે સદ્ભાવનાપૂર્ણ ટિપ્પણીઓને દબાવવાનો કોઈ પ્રયાસ કરવામાં આવી રહ્યો નથી, પરંતુ તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે બેજવાબદાર અને બદનક્ષીકારક આક્ષેપોએ કાયદેસરની અભિવ્યક્તિની મર્યાદા ઓળંગી દીધી હતી. (પીટીઆઈ)

## ભાજપના મોટા નેતા ગિરીશ મહાજન રાજકારણને અલવિદા કહેશે?

મુંબઈઃ ભાજપના વરિષ્ઠ નેતા અને રાજ્યના પ્રધાન ગિરીશ મહાજનના રાજકીય ભવિષ્યને લઈને નવી ચર્ચાઓ જોર પકડી રહી છે. જળગાંવના એક કાર્યક્રમમાં આપેલાં નિવેદનને કારણે મહાજનએ રાજકારણમાંથી નિવૃત્તિના સંકેત આપ્યા છે કે કેમ, તેવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. તેમના આ નિવેદન બાદ ભાજપમાં આગામી નેતૃત્વ, ઉત્તરાધિકારી અને આગામી રાજકીય સમીકરણો અંગે વિવિધ અટકળો લગાવવામાં આવી રહી છે. આ ગતિવિધિઓને કારણે ઉત્તર મહારાષ્ટ્રના રાજકારણમાં ઉત્સુકતા વધી ગઈ છે.

શરૂઆતમાં જ્યારે ભારતીય જનતા પાર્ટીએ મંગેશ ચવ્હાણને ઉમેદવારી આપી હતી, ત્યારે તેમની કોઈ ખાસ ઓળખ નહોતી. તેઓ ખૂબ જ ઓછા મતોના માર્જિનથી ચૂંટાઈ આવ્યા હતા.

ગિરીશ મહાજને જણાવ્યું કે, ચૂંટાયા પછી મંગેશ ચવ્હાણે કરેલા ઝડપી વિકાસ કાર્યો જોઈને અમને પણ તેમની ઇર્ષા થાય છે. ત્યારબાદ પ્રધાન ગુલાબરાવ પાટીલે પણ ચવ્હાણના વખાણ કરતા તેમને 'કામની ભૂખ ધરાવતા નેતા' ગણાવ્યા અને કહ્યું કે, તેમણે ગિરીશ મહાજનના માર્ગે ચાલીને જિલ્લાથી દૂર આવેલા મહત્ત્વના ચાળીસગાંવ શહેરમાં મોટું વિકાસ કાર્ય કરી બતાવ્યું છે, જે અન્ય ધારાસભ્યો માટે પણ ઉદાહરણરૂપ છે. ગિરીશ મહાજને ચાળીસગાંવમાં આપેલા નિવેદનની હાલમાં સમગ્ર રાજ્યમાં ચર્ચા થઈ રહી છે. ગિરીશ મહાજને પ્રશ્ન કર્યો હતો કે, ''ઉંમરનો વિચાર કરીએ તો અમે કેટલા દિવસ કામ કરીશું?'' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પક્ષનો વિચાર કરીએ તો સક્ષમ અને સારા હાથોમાં જવાબદારી સોંપવી પડશે. તેમના આ નિવેદનથી મહારાષ્ટ્રના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ગિરીશ મહાજને રાજ્યની અનેક ચૂંટણીઓમાં સંગઠનાત્મક જવાબદારીઓ નિભાવીને પક્ષની તાકાત વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેથી, તેમના ભવિષ્યના રાજકીય નિર્ણયો પર માત્ર જળગાંવ જ નહીં, પરંતુ સમગ્ર રાજ્યની નજર ટકેલી છે.

### મહારાષ્ટ્ર કેબિનેટના આઠ મહત્ત્વના નિર્ણયો

# જિલ્લાઓમાં બનશે સ્પેશ્યલ કોર્ટ, મુંબઈ લોકલને મળશે બૂસ્ટર

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મંગળવાર, ૨૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ મળેલી રાજ્ય કેબિનેટની બેઠકમાં રાજ્યના વિકાસ, ન્યાયતંત્ર, કૃષિ ક્ષેત્ર અને નાગરિક સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરતા અનેક મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણયોને મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં નશીલા પદાર્થો સામે કડક કાર્યવાહી માટે વિશેષ અદાલતોની સ્થાપના કરવાથી લઈને ગેરકાયદેસર ખનન બદલ ભારે દંડ લાદવા અને કૃષિ-તકનીક ક્ષેત્રે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને પ્રોત્સાહન આપવા જેવા મુખ્ય પ્રસ્તાવોને લીલી ઝંડી આપવામાં આવી હતી.

**કાનૂની અને ન્યાયિક વ્યવસ્થાનું સુદ્રઢીકરણ, નવી અદાલતોની સ્થાપના કરવામાં આવશેઃ** રાજ્યમાં કાનૂની પ્રક્રિયાઓને વેગ આપવા અને કેસોનો ઝડપી નિકાલ સુનિશ્ચિત કરવા માટે, ન્યાય વિભાગ હેઠળ કેબિનેટે કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. પુણેમાં વિશેષ એનડીપીએસ અદાલત, નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સીસ એક્ટ, ૧૯૮૫ હેઠળ નોંધાયેલા કેસોની ઝડપી સુનાવણી સુનિશ્ચિત કરવા અને ડ્રગ માફિયાઓ સામે કડક કાર્યવાહી કરવા માટે પુણેમાં એક વિશેષ અદાલત સ્થાપવાની મંજૂરી આપવામાં આવી છે.

**પાંચ જિલ્લાઓમાં એસસી/એસટી માટે વિશિષ્ટ અદાલતોઃ** અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ નોંધાયેલા કેસો માટે અહિલ્યાનગર, પરભણી, સોલાપુર, નાંદેડ અને યવતમાળમાં વિશિષ્ટ અદાલતોની સ્થાપના કરવામાં આવશે.

**અદાલત માટે નવું માળખુંઃ** અહિલ્યાનગર જિલ્લાના કરજત ખાતે જિલ્લા અને અધિક સેશન્સ કોર્ટની સ્થાપના માટે, તેમજ સોલાપુરના કુર્દુવાડી (માઢા) ખાતે સિવિલ જજ જુનિયર ડિવિઝન અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની અદાલત શરૂ કરવા અને તે માટે જરૂરી જગ્યાઓ ઊભી કરવા મંજૂરી આપવામાં આવી છે.

**કૃષિ ક્ષેત્રે એઆઇ ક્રાંતિ, 'મહા-એગ્રી-એઆઇ' નીતિને વેગઃ** કૃષિ ક્ષેત્રમાં અત્યાધુનિક ટેક્નોલોજીનો સમન્વય સાધવા માટે, 'મહા-એગ્રી-એઆઇ' નીતિ હેઠળ 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ એગ્રી-ટેક ઈનોવેશન સેન્ટર' માટે મેનેજિંગ ડિરેક્ટરના પદને મંજૂરી આપવામાં આવી છે.

**ગેરકાયદેસર ખનન માટે દસ ગણો દંડઃ** પર્યાવરણના સંરક્ષણ અને સરકારી આવકની ચોરી રોકવાના ઉદ્દેશ્ય સાથે, ફડણવીસ સરકારે 'મહારાષ્ટ્ર જમીન મહેસૂલ સંહિતા, ૧૯૬૬ની કલમ ૪૮(૭)માં સુધારાને મંજૂરી આપી છે. નવા નિયમો હેઠળ, ગૌણ ખનિજોના ગેરકાયદેસર ઉત્ખનન અને પરિવહન બદલ રોયલ્ટીની રકમ કરતાં દસ ગણો દંડ ફટકારવામાં આવશે. મહારાષ્ટ્ર ગ્રામ પંચાયત અધિનિયમ ૧૯૫૯ અને મહારાષ્ટ્ર જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિ અધિનિયમ,૧૯૬૧ માં સુધારો કરવા માટે એક વટહુકમ લાવવામાં આવશે. આ સુધારો અનામત બેઠકો પર ચૂંટાયેલા ઉમેદવારો દ્વારા જાતિ પ્રમાણપત્ર ચકાસણી સમિતિ દ્વારા જારી કરાયેલું માન્યતા પ્રમાણપત્ર રજૂ કરવાની સમયમર્યાદા લંબાવવાને લગતો છે.

**મુંબઈ રેલવે માટે બુસ્ટરઃ** મહારાષ્ટ્ર કેબિનેટની બેઠકમાં મુંબઈ રેલવે વિકાસ કોર્પોરેશન લિમિટેડની અધિકૃત શેર મૂડી ૨૫ કરોડ રૂપિયાથી વધારીને ૫૦૦ કરોડ રૂપિયા કરવાનો નિર્ણય મંજૂર કરવામાં આવ્યો હતો. આ સાથે જ કંપનીની પેઇડ-અપ શેર મૂડી ૨૫ કરોડ રૂપિયાથી વધારીને ૨૨૫ કરોડ રૂપિયા કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

### મુંબઈ રેલ વિકાસ કોર્પોરેશનની અધિકૃત શેર મૂડીમાં તોતિંગ વધારોઃ પચીસ કરોડથી ૫૦૦ કરોડ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે મંગળવારે મુંબઈ રેલવે વિકાસ કોર્પોરેશન લિમિટેડ (એમઆરવીસી)ની અધિકૃત ૨૫ કરોડની શેર મૂડીમાં તોતિંગ વધારો કરીને રૂ. ૫૦૦ કરોડ કરવાની મંજૂરી આપી છે. આ નિર્ણયને પગલે જાહેર ક્ષેત્રના આ એકમ (પીએસયુ)ની કાર્યકારી મૂડી (વર્કિંગ કેપિટલ) મજબૂત થઈ જશે.

મંત્રીમંડળે એમઆરવીસીની પેઇડ-અપ શેર મૂડી ૨૫ કરોડ રૂપિયાથી વધારીને ૨૨૫ કરોડ રૂપિયા કરવાની મંજૂરી પણ આપી. વધુમાં, કંપનીમાં વધેલી પેઇડ-અપ મૂડીના હિસ્સા માટે મહારાષ્ટ્ર સરકાર તરફથી ૯૮ કરોડ રૂપિયાના યોગદાનને પણ મંજૂરી આપી છે. એમઆરવીસીની સ્થાપના ૧૯૯૯માં થઈ હતી અને કંપનીની ઇક્વિટી સંયુક્ત રીતે રેલવે મંત્રાલય અને મહારાષ્ટ્ર સરકાર પાસે અનુક્રમે ૫૧:૪૯ ના ગુણોત્તરમાં છે. આ જાહેર ક્ષેત્રનો ઉપનગરીય ઉપક્રમ મુંબઈ શહેરી પરિવહન પ્રોજેક્ટ (એમયુટીપી) હેઠળ ઉપનગરીય રેલ્વે માળખાગત સુવિધાઓ વિકસાવવા, નેટવર્ક ક્ષમતા વધારવા, સુવિધાઓનું આધુનિકીકરણ કરવા અને મુસાફરોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવા માટેના પ્રોજેક્ટ્સ હાથ ધરે છે. એમઆરવીસીને સોંપવામાં આવતા પ્રોજેક્ટ્સનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું હોવાથી પ્રધાન મંડળે કોર્પોરેશનની કાર્યકારી મૂડીને મજબૂત બનાવવા માટે તેની અધિકૃત શેર મૂડીમાં વધારો કરવાની મંજૂરી આપી છે. (પીટીઆઈ)

## 'શાળાર્થ આઈડી' સ્કેમમાં શિક્ષણ ક્ષેત્રના દિગ્ગજની ધરપકડઃ આરોપીનું ભાજપ સાથે કનેક્શન

મુંબઈ/નાશિકઃ શાળાર્થ આઈડી કૌભાંડમાં પોલીસે ભાજપ સાથે સંકળાયેલા જળગાંવ જિલ્લાના શિક્ષણ ક્ષેત્રના દિગ્ગજની ધરપકડ કરી હતી. આ રૅકેટમાં સરકારી પોર્ટલ પર શિક્ષકોની બોગસ આઈડી તૈયાર કરીને તેમના નામે પગાર ઉપાડવામાં આવતો. અનેક શૈક્ષણિક સંસ્થાઓનું વ્યવસ્થાપન કરતા સંજય ગરુડની સોલાપુર જિલ્લાના નાતેપુતે શહેરમાંથી ધરપકડ કરવામાં આવી હોવાના અહેવાલને નાશિક પોલીસે મંગળવારે સમર્થન આપ્યું હતું.

૬૭ વર્ષના સંજય ગરુડ વિરુદ્ધ નાશિક રોડ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આ રૅકેટમાં ગરુડની ભૂમિકા અંગે આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (એસીપી) સંદીપ મિટકેએ જણાવ્યું હતું કે ૧૫૦થી વધુ શિક્ષકની બોગસ પ્રોફાઈલ તૈયાર કરી હતી. પછી એ શિક્ષકો પોતાના દ્વારા વ્યવસ્થાપન કરાતી શૈક્ષણિક સંસ્થા સાથે સંકળાયેલા હોવાનું દર્શાવ્યું હતું.

આ રૅકેટની એકંદર તપાસ વિશે એસીપીએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ શાળાની ભૂમિકા સામે આવી છે, જ્યારે ૧,૨૦૦ આરોપીને ઓળખી કાઢવામાં આવ્યા છે અને પાંચની ધરપકડ કરવામાં આવી છે.

વરિષ્ઠ ભાજપી નેતા અને કૅબિનેટ પ્રધાન ગિરીશ મહાજને અગાઉ જણાવ્યું હતું કે આ કૌભાંડની એસઆઈટી દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આ સ્કેમમાં સંડોવાયેલા બધાનો પર્દાફાશ કરવામાં આવશે.

ગરુડ જળગાંવ જિલ્લાના જામનેર તાલુકાનો વતની છે, જે મહાજનનો ગઢ ગણાય છે. તે અનેક શૈક્ષણિક સંસ્થાઓ ચલાવે છે. જાન્યુઆરી, ૨૦૨૪માં એનસીપી (એસપી) સાથે છેડો ફાડી તેણે ભાજપનું કમળ અપનાવ્યું હતું. શાળાર્થ આઈડી સ્કૅમની તપાસ કરતી એસઆઈટીની આગેવાની ગ્રામીણ વિકાસ વિભાગના સેક્રેટરી ડૉ. ચંદ્રકાંત પુલકુંદવાર દ્વારા કરવામાં આવી રહી છે. અગાઉ આ જ મહિને નાશિક પોલીસે બોગસ શાળાર્થ આઈડી બનાવવામાં કથિત સંડોવણી પ્રકરણે જળગાંવ જિલ્લા પરિષદના ભૂતપૂર્વ શિક્ષણ અધિકારી શશીકાંત હિંગોણેકરની ધરપકડ કરી હતી. (પીટીઆઈ) ■

## વિલીનીકરણની અટકળો પર શરદ પવારનો રદિયો

મુંબઈઃ મહારાષ્ટ્રમાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી)ના બંને જૂથો ફરી એક થવાની અને બંને પક્ષો વચ્ચે ગઠબંધનની ચાલી રહેલી અટકળો વચ્ચે એનસીપી (એસપી)ના વડા શરદ પવારે મોટું નિવેદન આપ્યું હતું. શરદ પવારે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે બંને જૂથોના વિલીનીકરણનો કોઈ સવાલ જ નથી. તેમના આ નિવેદનથી શરદ પવાર અને અજિત પવારના નેતૃત્વ હેઠળના બંને જૂથો ફરી એક થવાની સંભાવનાઓ પર હાલ પૂરતું પૂર્ણવિરામ લાગી ગયું છે.

એનસીપીમાં વિભાજન બાદ શરદ પવાર અને તેમના ભત્રીજા અજિત પવારના જૂથો અલગ રાજકીય માર્ગે આગળ વધી રહ્યા છે. અજિત પવારના અવસાન બાદ હવે તેમની પત્ની સુનેત્રા પવારના નેતૃત્વ હેઠળ એનસીપી આગળ વધી રહી છે. બંને જૂથો ફરી સાથે આવશે તેવી ચર્ચાઓ વચ્ચે શરદ પવારને જ્યારે આ અંગે સવાલ કરવામાં આવ્યો ત્યારે તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે, એકસાથે આવવાનો કોઈ સવાલ જ નથી. શરદ પવારના આ નિવેદનને મહારાષ્ટ્રના રાજકારણમાં મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

આ અગાઉ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે પણ શરદ પવાર એનડીએમાં સામેલ થવાની અટકળોને ફગાવી હતી. રાઉતે વિશ્વાસપૂર્વક કહ્યું હતું કે શરદ પવાર ક્યારેય ભાજપ જેવી 'જાતિવાદી અને રાષ્ટ્રવિરોધી પાર્ટી' સાથે નહીં જોડાય. રાઉતે એવો પણ દાવો કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને શરદ પવારની વિચારધારા એકબીજાથી ઘણી અલગ છે અને પવાર સાહેબમાં જે વિચારધારાને માને છે તેમાં પીએમ મોદી ક્યાંય બંધબેસતા નથી.

એનસીપી (એસપી)ના વડા શરદ પવારની પુત્રી અને બારામતીના સાંસદ સુપ્રિયા સુળેએ પણ થોડા દિવસ પહેલાં જ એનસીપી (એસપી)ની એનડીએ અથવા કૉંગ્રેસ સાથે જોડાવા અંગેની અટકળોને ફગાવી દીધી હતી.

તેમણે કહ્યું હતું કે તેમની પાર્ટીને એનડીએમાં જોડાવાનો કોઈ પ્રસ્તાવ મળ્યો નથી અને પાર્ટીનો એનડીએમાં જોડાવાનો કોઈ ઈરાદો પણ નથી. સુપ્રિયા સુળેએ સ્પષ્ટ કર્યું હતું કે બંને ગઠબંધન સાથે જોડાયેલી ચર્ચાઓ માત્ર ટીવી ચેનલ અને અખબારો સુધી મર્યાદિત છે અને તેમાં કોઈ જ સત્યતા નથી.દરમિયાન મહારાષ્ટ્રમાં વિદ્યાર્થી આંદોલન દરમિયાન પ્રદર્શનકારીઓ સામે નોંધાયેલી એફઆઇઆર પાછી ખેંચવામાં આવશે કે નહીં તે અંગે પણ શરદ પવારને સવાલ કરવામાં આવ્યો હતો. તેનો જવાબ આપતા તેમણે કહ્યું હતું કે આ મુદ્દે તેમની જે પણ ચર્ચા થઈ છે, તેમાંથી કોઈને કોઈ ઉકેલ ચોક્કસપણે બહાર આવશે.

શરદ પવારના આ નિવેદનથી વિદ્યાર્થી પ્રદર્શનકારીઓ સામેની પોલીસ કાર્યવાહી અને એફઆઇઆરના મુદ્દે આગામી દિવસોમાં કોઈ મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે.

## પતિ-પત્નીએ ઘરખર્ચમાં સમાન યોગદાન આપવું જોઈએ

### પસંદગીના ધોરણે સમાનતાનો દાવો ન કરી શકાયઃ હાઈ કોર્ટ

મુંબઈ : સમાનતાનો દાવો પસંદગીના ધોરણે કરી શકાતો નથી અને જીવનશૈલી જાળવી રાખવા માટે કમાતા પતિ-પત્નીએ ઘરના તેમજ બાળકના શિક્ષણના ખર્ચમાં યોગદાન આપવું આવશ્યક છે.

બોમ્બે હાઈ કોર્ટે અલગ રહેતી પત્ની અને સગીર પુત્ર માટેના માસિક ભરણપોષણમાં ઘટાડો કરવાની માંગ કરતા એક વ્યક્તિને રાહત આપતી વખતે આ અવલોકન કર્યું હતું.

ન્યાયમૂર્તિ એમ. એમ.સાઠયેની સિંગલ બેન્ચે ગયા અઠવાડિયે આપેલા આદેશમાં, પતિને અલગ રહેતી પત્ની અને પુત્રને દર મહિને ૫૦,૦૦૦ રૂપિયાનું ભરણપોષણ ચૂકવવાના ફેમિલી કોર્ટના જાન્યુઆરી ૨૦૨૫ ના આદેશને રદ કર્યો હતો. કોર્ટે આ રકમ ઘટાડીને ૨૫,૦૦૦ રૂપિયા કરી છે.

કોર્ટે નોંધ્યું હતું કે પતિ અંધેરી જ્યાં તેની પત્ની અલગ થયા બાદ રહેતી હતી અને નવી મુંબઈમાં પનવેલ એમ બે મકાનો માટે ઇએમઆઈ (હપ્તા) ચૂકવી રહ્યો હતો,જ્યારે પત્ની ઇએમઆઇની ચુકવણીમાં કોઈ યોગદાન આપી રહી નહોતી. તે વ્યક્તિ પોતે બિહાર રહે છે.

આ આદેશની નકલ મંગળવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

તે વ્યક્તિએ પોતાની અરજીમાં હાઈકોર્ટને પત્ની અને પુત્રને ચૂકવવામાં આવતું માસિક ભરણપોષણ રૂ. ૫૦,૦૦૦ થી ઘટાડીને રૂ.૨૫,૦૦૦ કરવાની વિનંતી કરી હતી.

તેણે પત્નીને પણ પોતાની સાથે બિહારમાં રહેવાની અથવા પનવેલના ઘરે રહેવાની વિનંતી કરી હતી, જેથી તે આર્થિક બોજ ઘટાડવા માટે અંધેરીનું ઘર વેચી શકે. જોકે, પત્નીએ આ માટે ઇનકાર કર્યો હતો.

કોર્ટે કહ્યું કે તે વ્યક્તિની માંગણી ખોટી નથી. જ્યારે પતિ અને પત્ની બંને કમાતા હોય અને તેઓ ઈચ્છતા હોય કે તેમના બાળકને શ્રેષ્ઠ શિક્ષણ મળે, ત્યારે ખર્ચમાં બંનેએ યોગદાન આપવાની અપેક્ષા રાખવામાં આવે છે.

## પાર્થ પવાર-શરદ પવારની મુલાકાત

મુંબઈઃ દિલ્હીમાં વિદ્યાર્થી આંદોલન વચ્ચે શરદ પવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી, જેના કારણે રાજકીય ચર્ચાઓ શરૂ થઈ હતી. આ બેઠકના બીજા જ દિવસે પાર્થ પવાર અને પ્રફુલ્લ પટેલે પણ શરદ પવારની મુલાકાત લીધી હતી. શરદ પવારની પાર્ટી એનડીએમાં જોડાશે તેવી ચર્ચા અને ભાજપ દ્વારા શરદ પવારની પાર્ટીને અજિત પવારની રાષ્ટ્રવાદી પાર્ટીમાં વિલીન કરવાની શરતના માહોલ વચ્ચે આ મુલાકાતો ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. શરદ પવારે જણાવ્યું કે વડા પ્રધાન મોદી સાથેની મુલાકાતમાં તેમણે ખેડૂતોના પ્રશ્નો અને સીજીપીએ આંદોલન અંગે ચર્ચા કરી હતી. બીજી તરફ, બંને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષોના વિલીનીકરણની ચર્ચા અચાનક બંધ થઈ ગઈ, કારણ કે વિલીનીકરણ પછી સંયુક્ત પાર્ટીનું નેતૃત્વ કોણ કરશે તે અંગે સહમતી સધાઈ નથી. આ ઉપરાંત, હાલમાં ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલનને કારણે પણ આ ચર્ચા અટકી ગઈ હોવાનું કહેવાય છે.

આ ઘટનાક્રમ સાથે જોડાયેલાં સૂત્રોએ દાવો કર્યો હતો કે એનસીપીમાં વિલીનીકરણની પ્રક્રિયાને વેગ મળ્યો છે અને વિદ્યાર્થી આંદોલનને કારણે આ સંદર્ભમાં ચર્ચાઓ અસ્થાયી રૂપે સ્થગિત થઈ હતી. બંને જૂથોના વિલીનીકરણ પછી સંયુક્ત એનસીપીનું નેતૃત્વ કયા જૂથે કરવું જોઈએ તે મુદ્દા પર વિલીનીકરણ અટકી ગયું હોવા છતાં, તેનો ઉકેલ શોધવાના પ્રયાસો થઈ રહ્યા હોવાનું માનવામાં આવે છે.

# ગ્લોબલ સેન્ટ્રલ બૅન્કોની બેઠકો અગાઉ બજારમાં સાવચેતીનું માનસઃ બેન્ચમાર્કમાં મામૂલી ઘસારો


(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રોકાણકારોના યુએસ-ઈરાન યુદ્ધવિરામ અને પીસ ડીલ અંગે આશાવાદ, ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડા સામે ગ્લોબલ ટેકનોલોજી ક્ષેત્રે તીવ્ર વેચવાલી વચ્ચે સંતુલન જાળવી રાખવાના પ્રયાસ વચ્ચે મંગળવારે બેન્ચમાર્ક નિફ્ટી અને સેન્સેક્સ પોઝિટિવ અને નેગેટિવ ઝોનમાં અથડાતા રેન્જ બાઉન્ડ મૂવમેન્ટમાં રહ્યા હતા.

યુએસ ફેડરલ રિઝર્વની નીતિ બેઠક પહેલા બજારના સહભાગીઓમાં સાવચેતનું માનસ જોવા મળ્યું હતું. કોરિયાનો કોસ્પી ૯.૫ ટકાના જોરદાર કડાકા સાથે એપ્રિલ પછીના સૌથી નીચા સ્તરે પછડાયો હતો, ચિપમેકર્સ સેમસંગ ઇલેક્ટ્રોનિક્સ અને એસકે હાયનિક્સમાં તીવ્ર ધોવાણ જોવા મળ્યું હતું.

સેન્સેક્સ ૬૯.૮૬ પોઈન્ટ અથવા ૦.૦૯ ટકા ઘટીને ૭૬,૭૬૫.૯૨ની સપાટી પર સ્થિર થયો. દિવસ દરમિયાન, તે ૭૬,૯૮૮.૪૮ની ઊંચી સપાટી અને ૭૬,૬૭૨.૭૭ની નીચી સપાટીને સ્પર્શ્યો હતો. એ જ રીતે એનએસઈ નિફ્ટી ૧૦.૬૦ પોઈન્ટ અથવા ૦.૦૪ ટકા ઘટીને ૨૩,૯૮૫.૩૫ પોઈન્ટની સપાટી પર બંધ થયો હતો.

સેન્સેક્સ પેકમાંથી,નબળા પરિણામને કારણે હિન્દુસ્તાન યુનિલિવરના શેર ૬.૯૭ ટકા ઘટ્યા હતા, આ ઉપરાંત, ભારત ઇલેક્ટ્રોનિક્સ, એનટીપીસી, આઈસીઆઈસીઆઈ બૅન્ક, પાવર ગ્રીડ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ પણ સૌથી વધુ ઘટનાર શેરોમાં સામેલ હતા. જ્યારે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, એટર્નલ, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ અને ટાઇટન ટોચના વધનાર શેરોમાં સામેલ હતા.



એફએમસીજી સેક્ટર માર્કેટ લીડર હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડનો ચોખ્ખો નફો એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ત્રણ ટકા ઘટીને રૂ.૨૬૭૩ કરોડ થયો છે. ગયા વર્ષના સમાન સમયગાળામાં આ આંકડો રૂ. ૨૭૫૬ કરોડ હતો. જૂન ક્વાર્ટર દરમિયાન હિન્દુસ્તાન યુનિલિવરની આવક ૧૦ ટકા વધીને રૂ. ૧૭,૩૪૧ કરોડ થઈ. ગયા વર્ષના સમાન સમયગાળામાં આ આંકડો રૂ. ૧૫,૭૫૭ કરોડ હતો.

મૂળ જર્મનીની ગ્લોબલ સ્પેશિયાલિટી કેમિકલ કંપની લેંકસેસે વિસ્તરણ યોજનાનાં ભાગરૂપે ભારતમાં તેની ગુજરાત સ્થિત ઉત્પાદન સવલત ખાતે ફાયર રેસિસ્ટંટ હાઇડ્રોલિક ફ્લુઇડનું સ્થાનિક ઉત્પાદન શરૂ કરશે, અને તેના મારફત ભારત ઉપરાંત મધ્ય પૂર્વના દેશો અને આંતરરાષ્ટ્રીય બજારમાં નિકાસ કરશે.રેડીમેડ ગાર્મેન્ટ કંપની, આઇરિસ ક્લોથિંગ્સ લિમિટેડે ૩૦ જૂન, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા પ્રથમ ક્વાર્ટરના નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૨૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૪૭૨૪ લાખની કુલ આવક, ૫૩ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૮૦૯ લાખનો એબીટા અને ૫૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪૦૧ લાખનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે.

ક્ષેત્રીય કામગીરી મિશ્ર રહી, જેમાં ટેકનોલોજી શેરોમાં મજબૂત ખરીદી દ્વારા ટેકો મળતા આઇટી ઈન્ડેક્સમાં સારો સુધારો જોવા મળ્યો. રિયલ્ટી અને એફએમસીજીમાં પણ ઊંચા મથાળે ટ્રેડિંગ જોવા મળ્યું, જે રક્ષણાત્મક અને સ્થાનિકલક્ષી ક્ષેત્રોમાં પસંદગીયુક્ત રસ દર્શાવે છે. જોકે, બેંકિંગ, મેટલ, ઓટો અને ફાઇનાન્સ સેક્ટર દબાણ હેઠળ રહ્યા, જેના કારણે બજારમાં વ્યાપક સુધારો મર્યાદિત રહ્યો, આ તફાવત સૂચવે છે કે રોકાણકારો ચક્રીય ક્ષેત્રો પર સાવધ રહીને વૃદ્ધિ ક્ષેત્રોની તરફેણ કરી રહ્યા છે.

માર્કેટ એનલિસ્ટે જણાવ્યું કે, ક્રૂડ ઓઇલના ભાવમાં રાહતથી ફુગાવા અને ઇનપુટ ખર્ચના દબાણ અંગેની ચિંતાઓ ઓછી થવાને કારણે બજારોને રાહત મળી. જોકે, આ અઠવાડિયે ફેડરલ, બેંક ઓફ ઇંગ્લેન્ડ અને બેંક ઓફ જાપાન સહિતની મુખ્ય કેન્દ્રીય બેંક નીતિ બેઠકો પહેલા રોકાણકારોનું માનસ સાવચેતીનું રહ્યું હતું.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૨.૮૨ ટકા ઘટીને ૮૫.૮૭ ડોલર પ્રતિ બેરલ પર બંધ થયું હતું. એક્સચેન્જ ડેટા અનુસાર, સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૧,૬૮૮.૨૩ કરોડ રૂપિયાના ઇક્વિટી વેચ્યા હતા.

એશિયન બજારોમાં વ્યાપક વેચવાલી રોકાણકારોના સેન્ટિમેન્ટ પર પડી હોવાથી ભારતીય ઇક્વિટી બજારો મોટાભાગે ફ્લેટ રહ્યા હતા. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૧૦.૮૪ ટકા ઘટ્યો. જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ પણ નીચો રહ્યો. હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ થોડો ઊંચો બંધ રહ્યો.

યુરોપના બજારો હકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડ થઈ રહ્યા હતા.યુએસ બજારો મિશ્ર નોંધ પર બંધ થયા. સ્થાનિક ધોરણે સોમવારે, સેન્સેક્સ ૭૭૬.૦૧ પોઈન્ટ અથવા ૧.૦૨ ટકા ઉછળીને ૭૬,૮૩૫.૭૮ પોઈન્ટની સપાટી પર સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૨૨૮.૫૦ પોઈન્ટ અથવા ૦.૯૬ ટકાના વધારા સાથે ૨૩,૯૯૫.૯૫ પોઈન્ટની સપાટી પર સ્થિર થયો હતો. ■

## ડૉલર મજબૂત થતાં વૈશ્વિક સોના-ચાંદીમાં પીછેહઠ

### સ્થાનિક સોનામાં ₹ ૨૧૭૫નો અને ચાંદીમાં ₹ ૭૦૯૮નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેવા ઉપરાંત આજથી શરૂ થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠકને ધ્યાનમાં લેતા રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ૧.૩ ટકાનો અને ચાંદીના ભાવમાં બે ટકાનો ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં સોનાની આયાત પડતરો ઘટી આવતા સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૬૭થી ૨૧૭૫નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૦૯૮નો કડાકો બોલાઈ ગયો હતો. આજે ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં વધુ ભાવઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારોની માગ મર્યાદિત રહી હતી અને જ્વેલરી ઉત્પાદકોની માગ પણ છૂટીછવાઈ રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૭૦૯૮ના ઘટાડા સાથે રૂ. ૨,૧૭,૩૪૯ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ



રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૧૬૭ ઘટીને રૂ. ૧,૪૧,૭૨૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૧૭૫ના ઘટાડા સાથે રૂ. ૧,૪૨,૨૯૧ના મથાળે રહ્યા હતા. દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૩ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૪૦૨૧.૧૮ ડૉલર આસપાસ અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૧.૪ ટકા ઘટીને ૪૦૨૧.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે બે ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૫૭.૨૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલમાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની મહત્ત્વની ટેકાની સપાટી આસપાસ અથડાતા રહે છે અને ગમે ત્યારે બ્રેકઆઉટ જોવા મળે તેવી શક્યતા સ્ટોન એક્સનાં વિશ્લેષક ઑ કોન્નેલે વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ટેક્નિકલ દૃષ્ટિએ હાજર બજારમાં શાંત વલણ જોવા મળી રહ્યું છે, જ્યારે વ્યવસાયિકો તેલના ભાવ, વ્યાજદર અને ડૉલર ઈન્ડેક્સની ક્રિયાપ્રતિક્રિયાના આધારે સોનાના ભાવની વધઘટના અંદાજો મૂકી રહ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ચાર સપ્તાહની ઊંચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી સોનાની પડતરો વધવાને કારણે ભાવ દબાણ હેઠળ આવ્યા હતા. વધુમાં આજે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે સારી વાટાઘાટો થઈ રહી છે અને ડીલ થઈ જવાની શક્યતા વ્યક્ત કરી હતી, પરંતુ જો વાટાઘાટો નિષ્ફળ થાય તો પુનઃ હુમલા શરૂ કરવાની ચેતવણી પણ તેમણે ઉચ્ચારી હતી.

વધુમાં રોકાણકારોની નજર આજથી શરૂ થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ છે કેમ કે પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે વ્યાજદરમાં ઘટાડો કરવાનો અનુરોધ કર્યો છે. જોકે, આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો વર્તમાન બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો કરવામાં આવે તેવી ૩૪ ટકા શક્યતા મૂકી રહ્યા હતા, જ્યારે સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં વધારાની ૮૧ ટકા શક્યતા જોઈ રહ્યા હતા.■

## ડૉલર સામે રૂપિયામાં ૧૭ પૈસાની આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ હળવો થવાના સંકેતો સાથે ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહ્યું હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં આગેકૂચ જળવાઈ રહેતાં વધુ ૧૭ પૈસાનો સુધારો નોંધાયો હતો અને ૯૫.૮૨ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલી તેમ જ આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હોવાથી એકંદરે રૂપિયામાં સુધારો સીમિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૯૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫.૭૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૮૯ અને ઉપરમાં ૯૫.૬૩ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૭ પૈસાના સુધારા સાથે ૯૫.૮૨ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૫૪ પૈસાનો ઉછાળો આવ્યો હતો. દરમિયાન ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે અમે ઈરાન પર આક્રમક હુમલાઓ કર્યા હોવાથી હવે ઈરાન ચર્ચા કરવા જણાવી રહ્યું છે. જોકે, મધ્યસ્થીઓના જણાવ્યાનુસાર વાટાઘાટોમાં પ્રગતિ થઈ રહી હોવાનું જણાવવામાં આવી રહ્યું હોવાથી ક્રૂડતેલના ભાવ દબાણ હેઠળ આવી રહ્યા છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ અટકતાં વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલની તેજીને પણ બ્રેક લાગતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૫.૩૫થી ૯૬.૦૫ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૮ ટકા વધીને ૧૦૧.૪૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૨.૬૩ ટકા ઘટીને બેરલદીઠ ૮૬.૦૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ૬૯.૮૬ પૉઈન્ટ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ૧૦.૬૦ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો. ■

## માર્કેટ કેપમાં રૂ.૧.૬૪ લાખ કરોડનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃશૅરબજારમાં અફડાતફડીના માહોલમાં ખાસ કરીને આઈટી અને રિયલ્ટી શેર્સ સર્વાધિક વધ્યા હતા, જ્યારે કેપિટલ ગુડ્સ અને પાવર શેર્સ સૌથી અધિક ઘટ્યા હતા. એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ.૧.૬૪ લાખ કરોડનો ઘટાડો જોવા મળ્યો હતો.

મંગળવારે સેન્સેક્સ ગત સોમવારના ૭૬,૮૩૫.૭૮ પોઈન્ટના બંધની સરખામણીએ ૬૯.૮૬ પોઈન્ટ કે ૦.૦૯ ટકા ઘટ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૬,૮૩૧.૭૫ પોઈન્ટે ખૂલ્યો હતો, જે ઊંચામાં ૭૬,૯૮૮.૪૮ પોઈન્ટ સુધી તથા નીચામાં ૭૬,૬૭૨.૭૭ પોઈન્ટ સુધી ગયા બાદ અંતે ૭૬,૭૬૫.૯૨ બંધ રહ્યો હતો.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૯.૧૬ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ. ૪૮૦.૮૦ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૧.૬૪ લાખ કરોડનો ઘટાડો થયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૧૭ સ્ક્રિપ વધી અને ૧૩ સ્ક્રિપ ઘટી હતી.

બીએસઈ પર કુલ ૪,૪૨૪ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૨,૭૭૯ શેરોના ભાવ વધ્યા હતા, ૧,૬૨૬ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૧૬૯ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૧૦૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૮૪ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

કુલ ૧૬ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૮ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૮ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી.બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૦.૦૧ ટકા વધ્યો અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૪૭ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૧.૪૯ ટકા તથા એસએમઈ આઈપીઓ ૦.૪૭ ટકા ઘટ્યા હતા.

સેક્ટરલ ઈન્ડેક્સમાં મુખ્યત્વે બીએસઈ ફોકસ્ડ આઈટી ૩.૪૪ ટકા, આઈટી ૩.૦૫ ટકા, રિયલ્ટી ૨.૧૯ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૩૨ ટકા, ઓટો ૦.૭૧ ટકા, અને કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૬૨ ટકા વધ્યા હતા, જ્યારે કેપિટલ ગુડ્સ ૨.૪ ટકા, પાવર ૨.૩૬ ટકા, યુટિલિટીઝ ૧.૭૫ ટકા, એફએમસીજી ૧.૨૭ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૨૨ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે ટીસીએસ ૪.૪૭ ટકા, ઈટર્નલ ૪.૦૨ ટકા, ટેક મહિન્દ્ર ૩.૮૬ ટકા, ઈન્ફોસિસ ૨.૪૭ ટકા, ટાઈટન ૨.૪૪ ટકા અને એચસીએલ ટેકનોલોજી ૧.૭૯ ટકા વધ્યા હતા, જ્યારે હિંદુસ્તાન યુનિલિવર ૬.૯૭ ટકા, બીઈએલ ૪.૪૧ ટકા, એનટીપીસી ૧.૯૫ ટકા, પાવર ગ્રીડ ૧.૨૫ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૨૦ ટકા, રિલાયન્સ ૦.૯૫ ટકા અને તાતા સ્ટીલ ૦.૮૧ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ. ૧૫૦.૫૭ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૮૪૧ ટ્રેડ્સમાં ૯૭૩ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૨૦,૪૫,૮૪૦ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ.૩૨,૦૬,૦૩૮.૫૬ કરોડ રહ્યું હતું. ■

## ઑગસ્ટમાં મુક્ત વેચાણ માટે ૨૨.૫૦ લાખ ટન ખાંડનો જથ્થો છૂટો કરાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહી હોવા છતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો અને વેપાર રૂ. ૪૩૦૦થી ૪૩૩૫ના મથાળે થયા હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં મથકો પર જોવા મળેલા ભાવઘટાડાની કોઈ અસર નહોતી જોવા મળી અને હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે ખાદ્ય અને જાહેર મંત્રાલય વિભાગ દ્વારા આગામી ઑગસ્ટ મહિનાના મુક્ત વેચાણ માટે ૨૨.૫૦ લાખ ટન ખાંડનો જથ્થો છૂટો કર્યો હોવાનું એક યાદીમાં જણાવ્યું હતું. જોકે, ઑગસ્ટ મહિનામાં તહેવારો વધુ હોવાથી બજાર વર્તુળો ૨૩.૫૦ લાખ ટનના ક્વૉટાની આશા રાખી રહ્યા હતા. આમ અપેક્ષા કરતાં ઓછા ક્વૉટાની જાહેરાતને ધ્યાનમાં લેતા આગામી મહિનામાં ખાંડના ભાવમાં મક્કમથી સુધારાતરફી વલણ રહેવાનો અંદાજ બજાર વર્તુળો મૂકી રહ્યાં હતાં.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની એકંદર માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૪૮૨થી ૪૫૫૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૫૭૨થી ૪૬૫૨માં થયાના અહેવાલ હતા.

## ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વની આજથી શરૂ થઈ રહેલી બે દિવસીય નીતિવિષયક બેઠકને ધ્યાનમાં લેતા સાવચેતીના અભિગમ વચ્ચે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના નિરુત્સાહી અહેવાલોને કારણે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ મુખ્યત્વે ટીન અને નિકલની આગેવાની હેઠળ કોપર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી રૂ. ૬૧નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે એકમાત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટો અને વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધી આવ્યા હતા અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે મુખ્યત્વે ટીન, નિકલ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતા ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૬૧ ઘટીને રૂ. ૫૩૫૬, રૂ. ૩૦ ઘટીને રૂ. ૧૬૭૦, રૂ. આઠ ઘટીને રૂ. ૧૨૧૨, રૂ. સાત ઘટીને રૂ. ૧૩૧૬ અને રૂ. છ ઘટીને રૂ. ૧૩૯૧ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગ રહેતાં કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૩૦૬, લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૨૦૪, કોપર આર્મિચર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૧૨૯૩ અને રૂ. ૩૪૫ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૩૮૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૮૪૫ના મથાળે રહ્યા હતા, ■

## પાંખાં કામકાજો વચ્ચે ખાદ્યતેલમાં જળવાતી પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૨૮૭ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૦ રિંગિટ ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સ્થાનિક સ્તરે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતા આજે એકમાત્ર સિંગતેલમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ દેશી-આયાતી તેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ભાવઘટાડો આગળ ધપ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ઈમામીના સપ્ટેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૦, ગોલ્ડન એગ્રીના ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦, ગોકુલ એગ્રોના ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦, પતંજલિ ફૂડ્સના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૧૫ અને જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૫ના મથાળે રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૨૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૬૦૦ ગૂણીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૬૦૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ આજે ગોંડલનાં મથકો પર ૧૦ કિલોદીઠ સિંગતેલના ભાવ રૂ. ૧૭૦૦, વૉશ્ડ કૉટનના રૂ. ૧૫૭૫ અને કોટન રિફાઈન્ડના રૂ. ૧૬૨૦ના મથાળે રહ્યા હતા, જ્યારે રાજકોટ મથકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૦૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં ટકેલા ધોરણે થયા હતા.

આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૨૦, સિંગતેલના રૂ. ૧૭૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૫૦ અને સરસવના રૂ. ૧૭૪૦ની સપાટીએ રહ્યાના અહેવાલ હતા.

## અત્યાર સુધીમાં ખરીફ વાવેતર વિસ્તારમાં ૪.૭ ટકાનો ઘટાડો

નવી દિલ્હીઃ વર્તમાન ખરીફ મોસમમાં વરસાદની અનિશ્ચિતતાને કારણે ગત ૨૪મી જુલાઈ સુધીમાં કુલ ખરીફ વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાનાની સરખામણીમાં ૪.૭ ટકા ઘટીને ૭૮૭.૩૭ લાખ હેક્ટર રહ્યો છે, જેમાં મુખ્યત્વે ડાંગર, જાડા ધાન્ય, તેલીબિયાં અને કપાસના વાવેતર વિસ્તારમાં ઘટાડો થયો હોવાનું કૃષિ મંત્રાલયે એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

મંત્રાલયની માહિતી અનુસાર ગત ૨૪મી જુલાઈ સુધીમાં દેશમાં ડાંગરનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૨૪૦.૮૨ લાખ હેક્ટર સામે ૨.૬ ટકા ઘટીને ૨૩૪.૪૩ લાખ હેક્ટર, કઠોળનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૯૧.૪૬ લાખ હેક્ટર સામે ઘટીને ૮૪.૫૭ લાખ હેક્ટર, શ્રી અન્ન અથવા તો જાડા અથવા તો કડ ધાન્યનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૬૧.૪૯ લાખ હેક્ટર સામે ઘટીને ૧૪૨.૨૧ લાખ હેક્ટર અને તેલીબિયાંનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૬૭ લાખ હેક્ટર સામે ઘટીને ૧૬૩.૫૪ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો છે.

વધુમાં સમીક્ષા હેઠળના સમયગાળામાં કપાસનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૦૨.૭૧ લાખ હેક્ટરની સરખામણીમાં ઘટીને ૯૮.૭૨ લાખ હેક્ટર રહ્યો છે. જોકે, આ સમયગાળામાં શેરડીનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૫૬.૭૨ લાખ હેક્ટર સામે વધીને ૫૭.૫૮ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો છે.

એકંદરે ગત ૨૪મી જુલાઈ સુધીમાં કુલ ખરીફ વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૮૨૬.૧૯ લાખ હેક્ટર સામે ૪.૭ ટકા ઘટીને ૭૮૭.૩૭ લાખ હેક્ટરના સ્તરે રહ્યો છે. નોંધનીય બાબત એ છે કે અગાઉ આ મહિનાના આરંભે કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે વર્તમાન ખરીફ મોસમમાં આગામી ૧૫ ઑગસ્ટ સુધી વાવેતર થવાની શક્યતા હોવાથી હાલમાં વરસાદની અનિશ્ચિતતાને કારણે વાવેતરમાં જોવા મળેલી ઘટ સરભર થઈ જવાનો આશાવાદ સેવાઈ રહ્યો છે. નોંધનીય બાબત એ છે કે ગત જૂન મહિનામાં વરસાદ ઓછો થયો હતો, પરંતુ જુલાઈ મહિનાના પહેલા સપ્તાહમાં સારી માત્રામાં વરસાદ થઈ જવાને કારણે વર્તમાન ખરીફ મોસમમાં વાવણીની પ્રક્રિયા આગામી ૧૫ ઑગસ્ટ સુધી ચાલુ રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

# ગુજરાત વિધાનસભાના બજેટ સત્રમાં ૪૫ ધારાસભ્યએ એકપણ ચર્ચામાં ન લીધો ભાગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગર : ગુજરાત વિધાનસભાના બજેટ સત્રને લઈ એક ચોંકાવનારી વિગત અહેવાલો દ્વારા જાણવા મળી હતી. બજેટ સત્ર દરમિયાન ભૂપેન્દ્ર પટેલ સરકારના નવ પ્રધાન સહિત દર ચારમાંથી એક ધારાસભ્યએ એક પણ ચર્ચામાં ભાગ લીધો નહોતો. ફેબ્રુઆરી-માર્ચમાં યોજાયેલા બજેટ સત્ર અંગે ગુજરાત વિધાનસભા સચિવાલયના રિપોર્ટના વિશ્લેષણ મુજબ, ૧૮૨માંથી ૪૫ ધારાસભ્યએ પ્રશ્નોત્તરી કાળ સિવાયની કોઈ પણ ચર્ચામાં ભાગ લીધો નહોતો. રાજ્યના બજેટે, સરકારી વિધેયકો, દરખાસ્તો, મુતલવી રાખેલી દરખાસ્તો અને અહેવાલ સહિતની મહત્વપૂર્ણ બંધારણીય બાબતોમાં કોઈ ચર્ચામાં જોડાયા નહોતા.

ચર્ચામાં ભાગ ન લેનારા ધારાસભ્યોની યાદીમાં રાજ્યકક્ષાના પ્રધાનો ત્રિકમ છાંગા, કાંતિલાલ અમૃતિયા, પી. સી. બરંડા, દર્શના વાઘેલા, રિવાબા જાડેજા, કૌશિક વેકરિયા, પરષોત્તમ સોલંકી, કમલેશ પટેલ અને રમેશ કટારાનો પણ સમાવેશ થાય છે. સામાન્ય રીતે પ્રધાનો વહીવટી જવાબદારીઓમાં વ્યસ્ત હોય છે અને પોતાના ખાતાને લગતી બાબતોમાં જ મર્યાદિત જવાબ આપતા હોય છે, પરંતુ ગૃહના ચોથા ભાગના સભ્યોની નિષ્ક્રિયતા ટીકાને પાત્ર બની છે.

અહેવાલો અનુસાર, આ સત્ર દરમિયાન વિવિધ કામગીરીમાં કુલ ૪૯૩ વખત સભ્યોએ ભાગ લીધો હતો. જેમાં બજેટ પરની ચર્ચામાં સૌથી વધુ ૨૨૩ વખત રજૂઆતો થઈ હતી, જે દર્શાવે છે કે રાજ્યનું વાર્ષિક નાણાકીય નિવેદન ચર્ચાનો મુખ્ય વિષય રહ્યું હતું. આ ઉપરાંત, અન્ય વિષયો પર ૧૪૪ વખત, સરકારી વિધેયકો પર ૬૫, રાજ્યપાલના પ્રવચન પરના આભાર પ્રસ્તાવ પર ૨૮, ખાનગી સભ્યોના પ્રસ્તાવ પર ૧૮, ખાનગી સભ્યોના બિલ પર ૮ અને સરકારી પ્રસ્તાવ પર ૭ વખત સભ્યોએ રજૂઆતો કરી હતી.

આંકડાઓ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે વિધાનસભાની કામગીરીમાં ભાગીદારી અમુક જ સભ્યો પૂરતી મર્યાદિત રહી હતી. વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ ગૃહનું સંચાલન કરવાની તેમની જવાબદારીના ભાગરૂપે સૌથી વધુ ૪૭ વખત ભાગ લીધો હતો, જ્યારે ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદીએ ૧૦ વખત ભાગ લીધો હતો. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સમગ્ર સત્ર દરમિયાન ૫ વખત અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ ૭ વખત ચર્ચામાં ભાગ લીધો હતો.

સત્તાધારી પક્ષમાંથી પ્રધાન ઋષિકેશ પટેલ અને અર્જુન મોઢવાડિયા ૧૫-૧૫ વખત ચર્ચામાં ભાગ લઈને સૌથી વધુ સક્રિય રહ્યા હતા. સામે વિપક્ષમાં, કૉંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે પણ ૧૫ વખત રજૂઆતો કરી હતી, જ્યારે ના ધારાસભ્યો ગોપાલ ઇટાલિયા અને ઉમેશ મકવાણા ૧૪-૧૪ વખત ચર્ચામાં જોડાયા હતા.

અન્ય સભ્યોમાં અપક્ષ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ ૧૩ વખત, ચૈતર વસાવાએ ૧૨, રમણલાલ વોરાએ ૧૧, મંત્રી જીતુ વાઘાણીએ ૧૦ અને ગુજરાત કૉંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ૮ વખત પોતાના વિચારો રજૂ કર્યા હતા. રાષ્ટ્રીય રાજકીય નિષ્ણાતોના મતે, પોતાના વિસ્તારના કામો અને સમિતિઓની જવાબદારીઓ ઉપરાંત ગૃહની ચર્ચાઓમાં ભાગ લેવો એ પણ ધારાસભ્યની કામગીરીનું એક મહત્વનું માપદંડ છે. ■

# ૨૦૬ તોલા સોનું નક્ષત્રના સેફ લોકરમાંથી ગાયબ, માલિક સહિત ચાર સામે ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગ્રાહકોના લોકરમાંથી ૨.૬૭ કરોડની કિંમતનું ૨૦૬ તોલા સોનું ગાયબ થયા બાદ સિંગણપોર પોલીસે ખાનગી સેફ ડિપોઝિટ વોલ્ટના ત્રણ માલિક અને એક સાથી સહિત ચાર લોકો સામે કેસ નોંધ્યો હતો. આરોપીઓની ઓળખ હર્ષ દિયોરા, તેનો ભાઈ હરિકૃષ્ણ દિયોરા, તેમના પિતા મહેશ દિયોરા અને મણિલાલ તરીકે થઈ છે, જેમણે કથિત રીતે લોકર તોડવામાં મદદ કરી હતી. તેમની સામે વિશ્વાસઘાત અને ગુનાહિત કાવતરું ઘડવાનો ગુનો નોંધવામાં આવ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. બિલ્ડર રમેશ જીવરાજ વાઘાણીએ સિંગણપોર પોલીસમાં ફરિયાદ નોંધાવ્યા બાદ આ મામલો જાહેરમાં આવ્યો હતો. વાઘાણી ૨૦૨૦થી નક્ષત્ર સેફ વોલ્ટમાં વાર્ષિક ૧,૭૦૦ ફી ચૂકવીને લોકર ભાડે લઈ રહ્યા હતા. તેમણે લોકરમાં ૮૧.૯૦ લાખની કિંમતના ૬૩ તોલા સોનાના દાગીના રાખ્યા હતા. ૧૧ જુલાઈના રોજ, વાઘાણીનો પરિવાર એક કૌટુંબિક કાર્યક્રમ માટે ઘરેણાં લેવા માટે તિજોરીમાં ગયો હતો, પરંતુ લોકર ખાલી મળ્યું. જ્યારે તેમણે સીસીટીવી ફૂટેજ તપાસવાનું કહ્યું, ત્યારે હર્ષ દિયોરાએ કથિત રીતે ચોક્કસ સમયગાળા પછી રેકોર્ડિંગ બતાવવાનો ઇનકાર કર્યો હતો અને દાવો કર્યો કે સીસીટીવી હાર્ડ ડિસ્ક બેકઅપ કામ કરી રહ્યું નથી. ફરિયાદીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે દિયોરાનું વર્તન આક્રમક હતું. તપાસ દરમિયાન, પોલીસને જાણવા મળ્યું હતું કે પાંચ અન્ય ગ્રાહકે પણ તેમના લોકરમાંથી સોનું ગુમ થયાની ફરિયાદ કરી હતી. ભોગ બનેલા લોકોની ઓળખ ચિરાગ ગોટી (૬૨ તોલા), રાજેશ પીપળીયા (૪૯ તોલા), ઉત્સવ સવાણી (૧૬ તોલા), જીતેન્દ્ર બલાર (૧૩ તોલા) અને રમેશ સવજી વાઘાણી (૩ તોલા) તરીકે થઈ હોવાનું અહેવાલો દ્વારા જાણવા મળ્યું હતું. કુલ મળીને, છ ગ્રાહકોના ૨૦૬ તોલા સોનું, જેની કિંમત ૨.૬૭ કરોડ છે, ચોરાઈ ગયાની શંકા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે મણિલાલે કથિત રીતે દિયોરા પરિવારને લોકર ખોલવામાં અને ઘરેણાં કાઢવામાં મદદ કરી હતી. કથિત ચોરીના સમાચાર ફેલાતાં જ, ઘણા ગ્રાહકો તેમની કિંમતી વસ્તુઓ કાઢવા માટે નક્ષત્ર સેફ વોલ્ટ દોડી આવ્યા હોવાના અહેવાલો મળ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર આ કેસમાં વધુ તપાસ ચાલી રહી છે.

# માંજલપુરમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કરઃ ૨.૧૯ લાખ મતદારો કરશે ફેંસલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

વડોદરાઃ જિલ્લાની માંજલપુર વિધાનસભા મતવિસ્તારની આગામી પેટાચૂંટણી માટે ૩૦ જુલાઇના રોજ મતદાન થવાનું છે.

ત્યારે આ મતદાન પ્રક્રિયા પારદર્શક અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય માટે ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. સમગ્ર વિધાનસભા મતવિસ્તારના કુલ ૨,૧૯,૪૯૪ મતદારો હરિફ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ બેઠક પર ભાજપના અને કોંગ્રેસના એમ કુલ બે જ ઉમેદવારો હરીફાઈમાં છે. વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં આ બેઠક પર ૬૦.૧૫ ટકા મતદાન નોંધાયું હતું.

મળતી વિગતો અનુસાર આ બેઠકના મતવિસ્તારમાં કુલ ૨,૧૯,૪૯૪ મતદારો નોંધાયેલા છે, જેમાં ૧,૧૧,૬૪૫ પુરુષ મતદારો, ૧,૦૭,૮૪૭ મહિલા મતદારો અને ૨ થર્ડ જેન્ડર મતદારોનો સમાવેશ થાય છે. તે ઉપરાંત ૧૬૩૪ દિવ્યાંગ મતદારો, ૧૪૦૬ વરિષ્ઠ નાગરિકો અને ૧૨ મતદારો ૧૦૦ વર્ષથી વધુની ઉંમરના નોંધાયેલા છે.

સમગ્ર વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૬૨ સ્થળો પર ૨૬૦ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં દરેક મતદાન મથક સરેરાશ ૮૪૪ મતદારોને આવરી લેવાયા છે. તમામ ૨૬૦ મતદાન મથકો પર રેમ્પ, પીવાનું પાણી, વીજળી, શૌચાલય જેવી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ૨ મતદાન મથકો સંપૂર્ણપણે મહિલા સ્ટાફ દ્વારા અને ૨ મતદાન મથકો દિવ્યાંગ સ્ટાફ દ્વારા સંચાલિત રહેશે જ્યાં વ્હીલચેર સહિતની જરૂરી સુવિધાઓ રહેશે. તમામ ૨૬૦ મતદાન મથકો પર લાઈવ વેબકાસ્ટિંગ અને સીસીટીવી કવરેજ કરવામાં આવશે. ■

# સુરત બાદ અમદાવાદના વેપારીઓને પણ વરસાદી નુકસાન બદલ સહાય આપશે સરકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : અમદાવાદ જિલ્લા અને મહાનગરપાલિકા વિસ્તારમાં તાજેતરમાં થયેલા ભારે વરસાદના કારણે અસરગ્રસ્ત વેપારીઓ, લારી-ગલ્લા ધારકો અને દુકાનદારો માટે સુરતની જેમ જ આર્થિક પુનવસન સહાય જાહેર કરવામાં આવી હોવાનું પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે આ પુનવસન સહાય પેકેજ અંતર્ગત અસરગ્રસ્ત વિસ્તારોમાં નાના માણસોના વેપાર-ધંધા પૂર્વવત થઇ શકે તે માટે લારી,રેકડી, નાની કેબિન, મોટી કેબિન ધરાવતા દુકાનધારકોને ઉચ્ચક રોકડ સહાય આપવામાં આવશે. જેમણે છેલ્લા ત્રિમાસિકનું જીએસટી રીટર્ન ભરેલું હોય તેવા દુકાનધારકોને રૂ. એક લાખની ઉચ્ચક રોકડ સહાય આપવાનો નિર્ણય કર્યો છે.

આ સાથે જેમણે છેલ્લા ત્રિમાસિકનું જીએસટી રીટર્ન ભરેલું હોય તેવા વેપારી, મોટી દુકાન અને પાકા બાંધકામવાળી દુકાનો માટે બેંકો અને નાણાંકીય સંસ્થાઓ દ્વારા અસરગ્રસ્ત એકમોને લોન આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

સહાય પેકેજની જોગવાઈઓ અનુસાર લારી કે રેકડીધારકોને ઉચ્ચક રૂ.૭,૫૦૦ ની રોકડ સહાય,

નાની સ્થાયી કેબિન (કેબિનનો વિસ્તાર ૪૦ ચોરસ ફુટ સુધી હોય તે)ને ઉચ્ચક રૂ.૨૫,૦૦૦ની રોકડ સહાય, મોટી કેબિન (કેબિનનો વિસ્તાર ૪૦ ચોરસ ફુટથી વધારે હોય તે)ને ઉચ્ચક રૂ. ૫૦,૦૦૦ની રોકડ સહાય, પાકી દુકાન (દુકાનનું પાકું બાંધકામવાળુ સ્થાયી માળખું હોય અને છેલ્લા ત્રિમાસિકનું જીએસટી રિટર્ન ભરેલ હોય) તેમને ઉચ્ચક રૂ. ૧,૦૦,૦૦૦ની રોકડ સહાય સહિતની અન્ય સહાયનો નિર્ણય રાજ્ય સરકારે લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં ૨૩મી જુલાઈએ ખૂબ જ ભારે વરસાદ વરસતા અને જિલ્લામાં પણ ભારે વરસાદ વરસતા વેપાર-ધંધાને ભારે નુકસાન ગયું હોવાના અહેવાલો પ્રકાશિત થયા હતા. ■

# વડોદરા સેન્ટ્રલ જેલમાંથી આરોપી પાસેથી મોબાઈલ મળતા ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યની વિવિધ જેલોમાં બંધ કેદીઓ પાસેથી મોબાઈલ ફોન મળવાના કિસ્સાઓ વધી રહ્યા છે. આ દરમિયાન વડોદરા સેન્ટ્રલ જેલમાંથી પણ કાચા કામના કેદી કાસમઆલા ગેંગના મુખ્ય સૂત્રધાર હુસૈન સુન્નીના હાથના બાવડામાં સંતાડેલો મોબાઇલ ફોન મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. પોલીસની ઝડતી દરમિયાન હુસૈન સુન્નીના બાવડામાં સંતાડેલો મોબાઇલ ફોન મળી આવ્યો હતો. આ મામલે રાવપુરા પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે. જેલમાં આ મોબાઇલ કેવી રીતે પહોંચ્યો, તે અંગે તપાસ શરૂ કરી છે.

મળતી વિગત મુજબ, ૨૭ જુલાઈના રોજ સાંજે ૫ વાગે યાર્ડ નં. ૧૧ની બેરેક નં. ૪માં જેલ અધિકારીઓ અને સ્થાનિક ઝડતી સ્કવોડ દ્વારા સંયુક્ત તપાસ હાથ શરૂ કરવામાં આવી હતી. પોલીસની તપાસમાં ડાબા હાથના બાવડામાં રબરથી બાંધીને સંતાડેલો ગોલ્ડન કલરનો સીમકાર્ડ વગરનો મોબાઇલ ફોન મળી આવ્યો હતો. જેલ સ્ટાફે તાત્કાલિક મોબાઇલ કબજે કર્યો હતો અને જેલરે રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મોબાઈલ કેવી રીતે જેલમાં આવ્યો અને તેના દ્વારા તે આરોપી કોની સાથે સંપર્કમાં રહેતો હતો તે અંગે તપાસ હાથ ધરી છે. ■

# અમદાવાદમાં પાણીજન્ય રોગચાળો વકર્યો, મેલેરિયાના ૧૯૮, ડેન્ગ્યૂના ૧૭૦ અને ચિકનગુનિયાના ત્રણ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ભારે વરસાદ બાદ પાણીજન્ય રોગચાળો વકર્યો છે. વર્ષ ૨૦૨૬માં ૨૬ જુલાઈ સુધીમાં મેલેરિયાના ૧૯૮, ડેન્ગ્યૂના ૧૭૦ અને ચિકનગુનિયાના ત્રણ કેસ નોંધાયા છે. જ્યારે માત્ર જુલાઈ મહિનામાં જ મેલેરિયાના ૨૪, ડેન્ગ્યૂના ૩૮ અને ચિકનગુનિયાનો એક કેસ નોંધાયા છે. આ ઉપરાંત ઝાડા-ઊલટીના ૩૪૫, કમળાના ૬૫ અને ટાઈફોઈડના ૨૩૫ જેટલા કેસ પણ નોંધાયા છે, જેને પગલે અમદાવાદ મનપાનું આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે.

શહેરમાં રોગચાળો રોકવા માટે અમદાવાદ મનપાના આરોગ્ય વિભાગ દ્વારા વ્યાપક સ્તરે કામગીરી હાથ ધરવામાં આવી છે. મળતી જાણકારી મુજબ શહેરના વિવિધ વિસ્તારોમાં અત્યાર સુધીમાં ૮.૮૨ લાખથી વધુ ક્લોરિન ટેસ્ટ અને ૨૮ હજારથી વધુ ટાઈફોઈડ સેમ્પલની તપાસ કરવામાં આવી છે. લાખો ક્લોરિનની ગોળીઓનું વિતરણ કરવાની સાથોસાથ શહેરના લાખો ઘરોમાં ફોગિંગ અને એન્ટી-લાર્વા નાશ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પાણીના નમૂનાઓની તપાસ દરમિયાન ૪૦ સેમ્પલ અનફિટ મળી આવતા તંત્ર દ્વારા તાત્કાલિક જરૂરી દંડાત્મક અને સુધારાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ■

# અમદાવાદના દરિયાપુરમાં મકાન ધરાશાયી, વૃદ્ધાનું મોત; યુવાન ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના વિવિધ ભાગોમાં ધોધમાર વરસાદથી જનજીવન પ્રભાવિત થયું હતું, વાહન વ્યવહાર પણ ખોરવાયો હતો. જો કે ભારે વરસાદના કારણે જૂના અને જર્જરિત મકાનો ધરાશાયી થવાના બનાવો પણ બન્યા હતા. જેમ કે અમદાવાદ શહેરના દરિયાપુર વિસ્તારમાં આવેલા ડગરવાડના મન્સૂરી મહોલ્લામાં મોડી રાત્રે એક ત્રણ માળનું ખખડધજ મકાન અચાનક જ ધરાશાયી થયું હતું.

આ દુર્ઘટનામાં મકાનના કાટમાળ નીચે દટાઈ જવાથી એક ૫૦ વર્ષીય વૃદ્ધ મહિલાનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ ઘટનાની જાણ થતા જ પોલીસ ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે ફાયર બ્રિગેડ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને અન્ય બચાવ ટીમોએ તાત્કાલિક સ્થળ પર પહોંચીને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. ■

# અમદાવાદ બાદ દીપડો સુરતના હજીરામાં દેખાયો, ભયનો માહોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : શહેરના બે વિસ્તારોમાં દીપડો દેખાયા બાદ હવે સુરતના હજીરામાં પણ દીપડાએ દેખા દેતા ભય વ્યાપ્યો છે. સુરતના હજીરા સ્થિતિ ઓએનજીસી પ્લાન્ટની આસપાસના વિસ્તારમાં ફરી એકવાર દીપડો દેખાયો હોવાના અહેવાલો મળ્યા હતા. ૨૭મી જુલાઈના રાત્રે ઓદ્યોગિક વિસ્તારમાં વન્ય પ્રાણીની હાજરી આસપાસ રહેતા લોકોમાં ભય ફેલાવ્યો છે.

મળતી માહિતી અનુસાર અહીંના ઓએનજીસી પ્લાન્ટની આસપાસ સીસીટીવી કેમેરામાં દીપડો દેખાયો હતો. મોડી રાત્રે દીપડાએ એક લટાર આ વિસ્તારમાં મારી હતી. જોકે સુરક્ષાકર્મીઓને સીસીટીવી કેમેરા ચેક કરતા આ વાતની જાણ થઈ હતી. તેમણે વનવિભાગને આ અંગે માહિતગાર કર્યા હતા. વન વિભાગે આસપાસના વિસ્તારોમાં ચેકિંગ કર્યું હતું અને પ્લાન્ટ નજીક એક પાંજરુ રાખ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ સાથે અહીં રહેતા કર્મચારીઓ, તેમના પરિવારો કે અન્ય રહેવાસીઓને પણ સતર્ક રહેવા, દીપડો દેખાય તો કોઈપણ જાતનો અટકચાળો ન કરતા વન વિભાગને જાણ કરવાની સ્પષ્ટ સૂચના આપી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં થોડા દિવસ પહેલા ગીચ એવા શેલા વિસ્તારની સોસાયટીમાં દીપડો દેખાયો હતો અને ત્યારબાદ ચાંદખેડા વિસ્તારમાં પણ રાત્રે દીપડો દેખાયાના અહેવાલો હતા. ■

# એક સેવા આવી પણઃ આદિવાસી છોકરીઓએ પૂરગ્રસ્તોના કપડાં ધોઈ કરી મદદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ મદદ માટે માત્ર શ્રીમંતાઈ જ જોઈએ તેવું નથી, ઈચ્છાશક્તિ પણ એટલી જ મહત્વની હોય છે. આવું જ કંઈક આદિવાસી છોકરીઓએ કરી બતાવ્યું છે. વલસાડ જિલ્લામાં આવેલા વિનાશક પૂરના કારણે હજારો પરિવારો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. આ વિકટ પરિસ્થિતિમાં અસરગ્રસ્તોને મદદરૂપ થવા અનેક સંસ્થાઓ આગળ આવી રહી છે, ત્યારે ધરમપુર પહેલ ચેરિટેબલ ટ્રસ્ટ અને અનસૂયા છાત્રાલય, વિરવલની આદિવાસી દીકરીઓએ માનવતાનું એક અનોખું અને પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ દીકરીઓએ રાહતકાર્યમાં પોતાનું યોગદાન આપવા માટે એક ટેમ્પો ભરેલા પૂર પીડિતોના કપડાં પોતાના હાથે ધોઈને અદભુત સેવા આપી છે. આ સેવાયજ્ઞ પાછળનો દીકરીઓનો ભાવ અત્યંત સ્પર્શક અને હૃદયદ્રાવક હતો. છાત્રાલયની દીકરીઓએ તેમના શિક્ષક ઋષિત મસરાણીને ભાવુક સ્વરે કહ્યું હતું કે, ''સર, અમારી પાસે દાનમાં આપવા માટે પૈસા નથી, પરંતુ અમે પૂર પીડિતોના કપડાં ધોઈને તેમની સેવા કરવા માંગીએ છીએ.'' દીકરીઓની આ નિસ્વાર્થ ભાવનાને સન્માન આપતાં તેમને આ સેવા કરવાની તક આપવામાં આવી હતી. દીકરીઓએ પણ કલાકો સુધી ભારે જહેમત ઉઠાવીને તમામ કપડાં સાફ કરી આપ્યા હતા. ■




# નવમાં ધોરણમાં ભણતા વિદ્યાર્થીનું સ્કૂલમાં કરંટ લાગવાથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : મંગળવારે શહેરના મંડરવાજા વિસ્તારમાં આવેલી સુમન સ્કૂલ નંબર ૧૬ના પરિસરમાં ૯મા ધોરણના એક વિદ્યાર્થીનું વીજળીનો કરંટ લાગવાથી મૃત્યુ થયું હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

પ્રાથમિક અહેવાલો મુજબ, મૃતક વિદ્યાર્થી, અબ્દુલ રહેમાન મોહમ્મદ સલીમ, પીટી (ફિઝિકલ ટ્રેનિંગ)ના પિરિયડ દરમિયાન સ્કૂલની ટેરેસ પર ગયો હતો, જ્યાં તે લોખંડના લાઇટ થાંભલાના સંપર્કમાં આવ્યો અને તેને ગંભીર રીતે ઇલેક્ટ્રિક શોક લાગ્યો હતો.

તેને ગંભીર ઇજાઓ થઈ હતી અને તેને સારવાર માટે તાત્કાલિક ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાથી મૃતકના પરિવાર અને સ્થાનિક રહેવાસીઓમાં ગુસ્સો ફેલાયો હતો, જેમણે સ્કૂલ મેનેજમેન્ટે બેદરકારી દાખવી હોવાનો આક્ષેપ કર્યો હતો.

ઘટના બાદ તરત જ, પોલીસ અને અન્ય સંબંધિત અધિકારીઓ શાળામાં પહોંચ્યા અને સ્કૂલમાં શરૂ કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે વીજળીનો કરંટ લાગવા પાછળના ચોક્કસ સંજોગોની તપાસ કરવામાં આવી રહી છે, અને જો બેદરકારી સાબિત થશે તો જવાબદાર લોકો સામે પગલાં લેવામાં આવશે. આ અંગે સ્કૂલ મેનેજમેન્ટ સાથે વાતચીત થઈ શકી નથી. ■

# ૧,૧૯૭ ગામોમાં વીજ પુરવઠો અને ૨૫૦૦થી પાણીની પાઈપલાઈનનું સમારકામ

(અમારા પ્રતિનિધિ તરફથી)



અમદાવાદ ગુજરાતમાં ભારે વરસાદને લીધે જનજીવન પર ભારે અસર પડી હતી. દરમિયાન પીવાના પાણીની લાઈનો અને વીજથાંભલા અને વીજલાઈનને ભારે નુકસાન ગયું હતું. રાજ્ય સરકારે જણાવ્યું હતું કે આ બન્ને વિભાગના સમારકામનું કાર પૂરજોશમાં કરવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં તાજેતરમાં જ થયેલા ભારે વરસાદને કારણે અસરગ્રસ્ત થયેલા ૧૧૯૭ જેટલા ગામોમાં ગણતરીના કલાકોમાં જ વીજ પુરવઠો પૂર્વવત કરી દેવામાં આવ્યો છે. ભારે વરસાદથી રાજ્યમાં ૨,૫૭૫ વીજ ફીડરો, ૧,૪૬૪ ક્ષતિગ્રસ્ત વીજપોલ અને આશરે ૫,૦૦૦ જેટલા ટ્રાન્સફોર્મરને અસર પહોંચી હતી. આ તમામ ક્ષતિગ્રસ્ત માળખાને સરખું કરવા માટે ૩,૪૦૦થી વધુ વીજ કર્મચારીઓની ૯૦૦થી વધુ વિશિષ્ટ ટીમોએ ગ્રાઉન્ડ લેવલ પર કટોકટીની સ્થિતિમાં પણ સતત કામગીરી કરી હતી.

જ્યારે બીજી બાજુ રાજ્યમાં ચોમાસાની ઋતુ દરમિયાન પાણીજન્ય તેમ જ વાહકજન્ય રોગચાળાને અટકાવવા માટે આરોગ્ય વિભાગ જહેમત ઉઠાવી રહ્યો છે. રાજ્યમાં ૧૫ જૂનથી આજ દિન સુધીમાં ૧૭ હજારથી વધુ મેડિકલ અને પેરા-મેડિકલ ટીમો વિવિધ જિલ્લાઓમાં કાર્યરત છે. આ સમયગાળા દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા ૪,૬૫૫ મેડિકલ કેમ્પ દ્વારા ૧.૨૦ લાખથી વધુ દર્દીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી અને જરૂરી સારવાર પૂરી પાડવામાં આવી હતી, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું. ચોમાસા અને રોગચાળાની સ્થિતિને ધ્યાનમાં રાખીને પીવાના પાણીની શુદ્ધતા ચકાસવા માટે કુલ ૬.૯૧ લાખથી વધુ પાણીના નમૂનાનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ૪૭૭ મેડિકલ અને પેરા-મેડિકલ ટીમો દ્વારા ૧૨,૯૭૨ દર્દીઓની આરોગ્ય તપાસ કરવામાં આવી છે. આ ઉપરાંત, પાણીની શુદ્ધતા માટે ૭૩,૮૫૮ વોટર સેમ્પલનું ટેસ્ટિંગ અને ૫.૪૬ લાખથી વધુ ક્લોરીનની ગોળીઓનું વિતરણ કરાયું છે. આ ઉપરાંત સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આરોગ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા ૧૨.૮૫ લાખથી વધુ ક્લોરીન ટેબ્લેટ્સ અને ૩.૧૧ લાખથી વધુ પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. જૂનાગઢ જિલ્લામાં ૧,૮૮૦ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૩૭,૯૪૩ દર્દીઓની સઘન આરોગ્ય તપાસ હાથ ધરવામાં આવી છે. ■

# ગુજરાતમાં હવે મહાનગરપાલિકા અને નગરપાલિકાઓના રસ્તાઓ ડામર નહીં, સિમેન્ટ-કૉંક્રિટથી બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યના માર્ગોના મજબૂતીકરણ માટે એક દીર્ઘકાલીન નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયની વિગતો આપતા પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના આંતરિક રસ્તાઓને ડામરને બદલે સિમેન્ટ કોંક્રીટથી બનાવવામાં આવશે.

પ્રવક્તા પ્રધાને જણાવ્યું હતું કે, રાજ્યમાં ભારે વરસાદ અને પાણીના ભરાવાને કારણે ડામરના રસ્તાઓ વારંવાર તૂટી જવાની સમસ્યા સર્જાય છે, જેનાથી નાગરિકોને મુશ્કેલી પડે છે. આ મુશ્કેલીના કાયમી નિવારણ અને નાગરિકોની સુવિધા માટે રાજ્ય સરકારે આ નિર્ણાયક પગલું ભર્યું છે.

માત્ર શહેરો જ નહીં, પરંતુ ગામતળના વિસ્તારો જ્યાં પાણીનો ભરાવો વધુ થતો હોય, તેવા ડામરના રસ્તાઓને પણ ક્રમશ રોડમાં ફેરવવામાં આવશે. સુવિધાપથ યોજના અંતર્ગત ગામતળમાં સીસીરોડનું કામ હાલમાં પણ ચાલી રહ્યું છે. આ ઉપરાંત ભારે અને અતિ ભારે વાહનવ્યવહાર ધરાવતા ઔદ્યોગિક વિસ્તારોમાં જરૂરિયાત મુજબ સીસીરોડની કામગીરીનો વ્યાપ વધુ વિસ્તારવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે કહ્યું હતું કે, સામાન્ય રીતે ડામર રોડની સરખામણીએ સીસીરોડનો બાંધકામ ખર્ચ ૩૦ થી ૪૦ ટકા વધુ હોય છે. તેમ છતાં, ખર્ચની ચિંતા કર્યા વિના, પ્રજાને લાંબા ગાળાનો ગુણવત્તાયુક્ત અને ટકાઉ લાભ આપવા આ પ્રજાહિતલક્ષી નિર્ણય કર્યો છે. ■

# અમદાવાદની જાણીતી પતંગ હૉટેલના માલિકની છેતરપિંડીના કેસમાં ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ કામરેજ પોલીસે અમદાવાદની જાણીતી પતંગ હોટલના માલિક ઉમંગ હરિભાઈ ઠક્કરની ૧.૫૬ કરોડના કથિત જમીન છેતરપિંડીના કેસમાં ધરપકડ કરી હતી.. પોલીસસૂત્રોએ આરોપ લગાવ્યો છે કે ઠક્કરે 'સહજાનંદ નિર્વાણ' પ્લોટિંગ પ્રોજેક્ટ માટે ખરીદદારો પાસેથી પૈસા લીધા હતા, પરંતુ આ પ્લોટનો માલિકીહક સ્પષ્ટ ન હતો.

કામરેજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર મુજબ, ઠક્કરે કામરેજ તાલુકાના ખોલવડ ગામમાં પ્રોજેક્ટ શરૂ કર્યો હતો અને ખુલ્લા પ્લોટ માટે બુકિંગ સ્વીકાર્યું હતું. જો કે, તપાસ દરમિયાન, પોલીસને જાણવા મળ્યું કે જે જમીન પર પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી હતી તે જમીન ૨૦૧૮માં અન્ય વ્યક્તિને વેચી દેવામાં આવી હતી. તેમ છતાં, આરોપીઓએ કથિત રીતે પ્રોજેક્ટનું માર્કેટિંગ કરવાનું અને ખરીદદારો પાસેથી બુકિંગ સ્વીકારવાનું ચાલુ રાખ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે ઠક્કરે ૧૫થી વધુ ખરીદદારોને પ્લોટ આપવાનું વચન આપ્યું હતું અને તેમની પાસેથી કુલ ૧.૫૬ કરોડ વસૂલ્યા હતા. જોકે, ન તો પ્લોટ ફાળવવામાં આવ્યા હતા અને ન તો પૈસા પરત કરવામાં આવ્યા હતા, જેના કારણે પીડિતોએ પોલીસનો સંપર્ક કર્યો હતો. ફરિયાદ બાદ, કામરેજ પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી હતી અને આરોપીની ધરપકડ કરી હતી. ■